નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# ગુજરાત વંદન

www.gujaratvandan.com | RNI No.GU JGUJ/2016/68288 સાપ્તાહિક

તંત્રી : નિકુંજ એસ. પટેલ • સહ તંત્રી : પ્રવીણ ધમંડે • ટે.નં. ૦૭૯-૪૮૯૮૦૭૧૧ • વિક્રમ સંવત : 2078 • મહા સુદ - 09 • કુલ પાનાં 12 • કિંમત: ₹ 5 • ગુરુવાર 10 ફેબ્રુઆરી, 2022 • Vol - 5 , Issue No - 7


**સુવિચાર**

જેવા ગુણ તેવાં કુળ..
મનુષ્યના આચરણથી તેના કુળની,
તેની બોલીથી તેના દેશની,
તેના આદર્શ સત્કારથી પ્રેમની
વિહારની પરખ થાય છે.

### રાજકોટ : શું ગુજરાતમાં મહારાષ્ટ્ર વાળી થઈ રહી છે...?

# રાજકીય અંગત વેર-ઝેરમાં અધિકારીઓ બલીના બકરાં..?





ગુજરાત વંદન

શું ગુજરાતમાં મહારાષ્ટ્ર વાળી થઈ રહી છે? મહારાષ્ટ્રમાં મુંબઈ એન્ટેલિયા વિસ્ફોટક કાંડમાં જેમ તત્કાલિન પોલિસ કમિશ્નર પરમબિર સિંઘ દ્વારા હોમ મિનિસ્ટર અનિલ દેશમુખ સામે 100 કરોડની વસૂલીનો આરોપ, પરમબિર સામે મુંબઈ પોલીસ દ્વારા વળતી સંખ્યાબંધ ફરિયાદો, એક પછી એક નવ ફણગાં ફૂટતા ગયા તેમ ગુજરાતમાં રંગીલા રાજકોટના પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલ વસૂલી કરી છે, ખંડણી લઈને રોકાયેલા પૈસા કઢાવી આપે છે, ટકાવારી લે છે એવો આરોપ કોઈ કોંગ્રેસ દ્વારા નહીં પરંતુ ભાજપના પૂર્વ મંત્રી અને રાજકોટના ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલે જ્યારે કર્યો ત્યારે મામલો આમતેમ રફેદફે થઈ જશે એમ મનાતુ હતું પરંતુ ગોવિંદભાઈ પટેલે જાણે કે, વીંછીનો દાબડો ખોલ્યો તેમ ભાજપના સાંસદ મોકરિયાએ અગ્રવાલ સામેના આરોપોને ટેકો આપ્યો. ભાજપના એક સ્થાનિક કોર્પોરેટર પણ તેમાં જોડાયા અને અગ્રવાલ સામે આંગળી ચિંધી વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સરકારના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ગોવિંદભાઈ પટેલના આરોપની તપાસ સોંપી છે. તેમાંથી શું નીકળશે એ તો જગજાહેર પરંતુ ટૂંક સમયમાં 150 દિવસ પૂર કરવા જઈ રહેલી નવી સરકાર માટે આ એક જાણે કે, નવો પડકાર હોય તેમ રાજકીય રીતે મનાઈ રહ્યું છે. આઈએસ અને આઈપીએસ લોબીમાં એવો છૂપો ગણગણાટ છે કે, શું પોતાના રાજકીય અને અંગત વેર-ઝેર તથા પોતાનો બદલો લેવા અમારા જેવા ઉચ્ચ અધિકારીઓને બલિનો બકરો બનાવવામાં આવી રહ્યા છે?

ગુજરાતમાં આઈપીએસ સામે 75 લાખની ખંડણી-તોડપાણી-વસૂલી-ભ્રષ્ટાચારનો આરોપ કોઈ નાનો સૂનો આરોપ નથી ચર્ચા તો એ પણ છે કે, 10 રૂપિયાની લાંચ માટે એસીબી છટકુ ગોઠવે છે પરંતુ 75 લાખ વસૂલીના આરોપની તપાસ માટે એસીબી તૈયાર ન થાય તેના કારણો અને તારણો જગજાહેર છે. રાજ્યમાં ઉચ્ચ અધિકારીઓ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો, વિવાદો તપાસો કાંઈ જાણે કે નવું ન હોય તેમ અગાઉના બનાવો પર નજર નાખીએ તો રાજકોટમાં 2020માં મહિલા કલેક્ટર રમ્યા મોહન એવા વિવાદમાં સપડાયા હતા કે, 26મી જાન્યુઆરીના 'સારા' કવરેજ બદલ કેટલાક પત્રકારોની 50-50 હજારના હથિયાર લાયસન્સ માટે 5 લાખ રૂપિયા ચેક પેટે લીધા હતા તેમણે આ 5 લાખની સાથે શિયાળામાં તલના તેલની માલિશ કરવા 5 કિલો તલનું તેલ પણ અરજદાર પાસેથી મંગાવ્યું હતું. હથિયારનો પરવાનો તો ન મળ્યો અને આ પાંચ લાખ 'કલેક્ટર ફંડ'માં જમા થઈ ગયા એમ કહીને કલેક્ટરે ઉડાઉ જવાબ આપ્યો. જોકે, અરજદારની સાથે રહેલા ભાજપના જ એક નેતા આખો

(અનુસંધાન 6 મે પાને)


- ભાજપના નેતા ગોવિંદભાઈ પટેલે વીંછીનો દાબડો ખોલ્યો...
- રાજકોટના સીપી સામે ૭૫ લાખની તોડપાણીનો આક્ષેપ ભાજપના જ નેતાએ કર્યો
- ખેત તલાવડી નિગમના ચેરમેન ઝડપાયા હતા એસીબીના રંગેહાથે - નિગમ બંધ...
- સૌરાષ્ટ્રના એક કલેક્ટરે હથિયાર પરવાના માટે લીધા હતા ૫ લાખ તે પણ ચેક થી...
- આરઆર સેલનો કોન્સેટબલ ૫૦ લાખની લાંચ લેતા ઝડપાયો - આરઆરસેલ બંધ...







## ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં ભાજપની સરકાર બનશે : મોદી



ઉત્તરપ્રદેશમાં આવતીકાલે વિધાનસભા ચૂંટણીનું પ્રથમ તબક્કાનું મતદાન યોજાવાનું. આ અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુપી સહિતના પાંચ રાજ્યોમાં જીતનો દાવો કર્યો છે. પ્રધાનમંત્રીએ બુધવારે ન્યૂઝ એજન્સીને આપેલા ઇન્ટરવ્યૂમાં કહ્યું- હું આ ચૂંટણીમાં તમામ રાજ્યોને જોઈ રહ્યો છું કે ભાજપ પ્રત્યે લહેર છે. અમે પાંચ રાજ્યોમાં ભારે બહુમતીથી જીતીશું. અમને સેવાની તક આ તમામ 5 રાજ્યોની જનતા આપશે. જે રાજ્યોએ અમને સેવાની તક આપી છે તેઓએ અમને પાસ કર્યા છે, અમારા કામની પ્રશંસા કરી છે.PM મોદીએ ભાજપના જૂનાં દિવસો પણ યાદ કર્યા છે, જ્યારે પાર્ટીની પાસે જીત નસીબમાં ન હતી. PMએ જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટી હારી-હારીને જીતવા લાગી છે. અમે ઘણાં પરાજ્ય જોયા છે, ડિપોઝીટ પણ ડૂલ થઈ ગઈ છે. એક વખત જનસંઘના સમયમાં ચૂંટણી હાર્યા ત્યારે મિઠાઈ વહેંચવામાં આવતી હતી, તો અમે પૂછ્યું કે હાર્યા તો મિઠાઈ કેમ વહેંચી રહ્યાં છો? ત્યારે જણાવવામાં આવ્યું કે અમારા ત્રણ લોકોની ડિપોઝીટ બચી ગઈ.

## અનંતનાગમાં જૈશ-એ-મોહમ્મદના આતંકી મોડ્યુલનો પર્દાફાશ, ૧૧ ત્રાસવાદી ઝડપાયા

**આતંકવાદીઓના કબજામાંથી હથિયારો અને દારૂગોળો સહિતની વાંધાજનક સામગ્રી પણ મળી..**



ગુજરાત વંદન

કાશ્મીર પોલીસે અનંતનાગ જિલ્લામાં પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના બે આતંકી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ત્રણ હાઇબ્રિડ આતંકવાદીઓ સહિત 11 આરોપીઓની ધરપકડ કરી છે. આ સાથે આતંકવાદીઓના કબજામાંથી હથિયારો અને દારૂગોળો સહિતની વાંધાજનક સામગ્રી પણ મળી આવી છે.

પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ દ્વારા અનંતનાગના શ્રીગુફવારા/બિજબેહરા વિસ્તારોમાં પોલીસ/સુરક્ષા દળો પર હુમલો કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. ઘાટીમાં આતંકવાદીઓનું આ નાપાક ષડયંત્ર સતત વધી રહ્યું છે. મળતી માહિતી મુજબ, જમ્મુ-કાશ્મીર પોલીસ આતંકવાદીઓ વિરુદ્ધ અનેક સ્તરે અભિયાન ચલાવી રહી છે. સુરક્ષા દળો સતત આતંકવાદીઓને ખતમ કરવામાં લાગેલા છે. અલગ-અલગ સ્થળોએ સતત સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે અને આતંકવાદીઓનો ઢગલો કરવામાં આવી રહ્યો છે. જેના કારણે આતંકીઓ ગુસ્સે ભરાયા છે અને આવા

(અનુસંધાન 6 મે પાને)

## આજે પ્રથમ તબક્કાનું યુપીમાં ૫૮ બેઠકો પર મતદાન

**સવારે ૭ થી સાંજના ૬ વચ્ચે મતદાન યોજાશે**



ગુજરાત વંદન

દેશના પાંચ રાજ્યોમાં યોજાઈ રહેલી ધારાસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં આજે ઉત્તરપ્રદેશમાં 11 જિલ્લાઓની 58 ધારાસભા બેઠકો પર મતદાન યોજાશે. જેના માટે તમામ તૈયારીઓ થઇ ગઇ છે અને તે સાથે જ દેશમાં મતદાનનો બૂંગીયો પણ ફુંકાઈ જશે. મંગળવારે સાંજે જાહેર પ્રચારનો અંત આવ્યા બાદ આ 58 મત વિસ્તારમાં મતદાન માટેની વ્યવસ્થા પર ચૂંટણી પંચે પોતાની આખરી તબકકાની કામગીરી શરુ કરી છે. આ 58 બેઠકો પર 615 ઉમેદવારો છે

જેમાં ભાજપ, બહુજન સમાજ પક્ષ, સમાજવાદી પક્ષ તથા આરએલડીનું ગઠબંધન અને કોંગ્રેસ દરેક પક્ષ તમામ 58 બેઠકો લડે છે. જ્યારે મહત્વની વિધાનસભાની ક્ષેત્રમાં મથુરા, મુઝફ્ફરનગર, નોઇડા, બાગપતનો સમાવેશ થાય છે. નોંધપાત્ર ઉમેદવારોમાં પૂર્વ રાજ્યપાલ અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. કલ્યાણસિંહના પૌત્ર સંદીપસિંહ ઉપરાંત કેન્દ્રીય

મંત્રી રાજનાથસિંહના પુત્ર પંકજસિંહના નામ ચમકયા છે. આજે સવારે 7 થી સાંજના 6 વચ્ચે મતદાન યોજાશે.

**સંસદમાં બેરોજગારીના મામલે આવ્યા ચોંકાવનાર આંકડા**

## પહેલી લહેરમાં ભારતમાં ૮ હજાર લોકોએ આપઘાત કર્યો - સત્તાવાર જાહેરાત

**૩ વર્ષમાં ૨૫ હજાર લોકોએ વિવિધ કારણોસર કર્યો આપઘાત**

ગુજરાત વંદન

ગુજરાત સહિત દેશભરમાં કોરોના મહામારીના પગલે સરકારે લોકડાઉન લાદતા વેપાર-ધંધા રોજગાર બંધ થઈ જતા લોકોને આર્થિક કટોકટીનો સામનો કરવાનો વારો આવ્યો હતો પરિણામે વર્ષ 2020માં કોરોનાની પ્રથમ લહેરમાં નાણાકીય કટોકટીને કારણે 8,000થી વધુ લોકો આત્મહત્યા કરી હોવાનું રાજ્યસભામાં ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું છે

ગૃહ મંત્રાલયે એમ પણ કહ્યું હતું કે 2018 અને 2020 વચ્ચેના ત્રણ વર્ષમાં, 25,251 લોકોએ નાણાકીય મુશ્કેલીઓના કારણે જીવ ગુમાવ્યો હતો. ડેટાનું મહત્વ એ છે કે 2020 માં, સરકારે સંસદને કહ્યું હતું કે સ્થળાંતરિત મૃત્યુનો કોઈ રેકોર્ડ નથી. કામદારો માટે વળતરનો "પ્રશ્ન જ ઊભો થતો નથી". આના પગલે, સરકારે એક પ્રશ્નનો લેખિત જવાબ આપ્યો કે શું કોરોના વાયરસ લોકડાઉનમાં ઘરે પહોંચવાનો પ્રયાસ કરતી વખતે જીવ ગુમાવનારાઓના પરિવારોને વળતર આપવામાં આવ્યું હતું, જેનાથી વિપક્ષ દ્વારા ગુસ્સો અને ટીકા થઈ હતી. જો કે, મંત્રાલયે સ્વીકાર્યું હતું કે દેશના જુદા જુદા ખૂણામાંથી 1 કરોડથી વધુ સ્થળાંતર કરનારાઓએ તેમના વતન પાછા ફર્યા હતા. માર્ચમાં

(અનુસંધાન 6 મે પાને)

## મુંબઈથી ભુજ આવતી ફ્લાઈટનું એન્જિન કવર ગાયબ, મોટી દુર્ઘટના ટળી

**પ્લેનમાં ૬૬ પ્રવાસીઓ હતા સવાર, ગંભીર બેદરકારી બદલ તપાસના આદેશ**

ગુજરાત વંદન



ગઇકાલે બુધવારે સવારે મુંબઈથી 66 પ્રવાસીને લઈ ભુજ આવતી એક ફ્લાઈટે એન્જિન કવર વગર જ ઉડાન ભરી હતી. નોંધનીય છે કે ફ્લાઈટે સવારે 06.15 વાગ્યાની આસપાસ ટેક ઓફ કર્યું હતું ત્યારે તેના બીજા એન્જિનના કાઉલિંગનો એક ભાગ નીચે પડી ગયો હતો. જો કે ફ્લાઈટ પરત લેન્ડ કરવાનો કોઈ આદેશ ના મળતા આ ફ્લાઇટ ભુજ એરપોર્ટ ખાતે સવારે 08.10 વાગ્યે સુરક્ષિત રીતે લેન્ડ થઈ હતી. ફ્લાઈટમાં કુલ 66 મુસાફરો સવાર હતા. આ ગંભીર પ્રકારની ઘટના બદલ ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા તપાસના આદેશો આપવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. વિગત મુજહ, મુંબઈના છત્રપતિ શિવાજી ટર્મિનલ એરપોર્ટ પરથી એલાયન્સ એરની એટીઆર ફ્લાઇટ રાબેતા મુજબ ગઇકાલે સવારે 06.15 વાગ્યાની આસપાસ ભુજ આવવા ટેકઓફ થઈ હતી. જો કે એરક્રાફ્ટના એન્જીન કાઉલિંગનો એક ભાગ નીચે પડી ગયો હતો. તેમ છતાં આ ફ્લાઇટ ભુજ તરફ આવી પહોંચી હતી અને સવારે 8.10 ના સમયની આસપાસ સુરક્ષિત રીતે લેન્ડ થઈ હતી. પ્લેનમાં 66 મુસાફરો સવાર હતા. જો કે સદ્નસીબે કોઇ જાનહાનિ ન થતાં રાહતનો શ્વાસનો લીધો હતો. પરંતુ આ ગંભીર પ્રકારની ઘટના બદલ ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા તપાસના આદેશો અપાયા છે.


**ગુજરાત વંદન**




**એજન્સી આવકાર્ય**

ગુજરાત વંદન અખબાર માટે ગુજરાતમાં દરેક ગામ અને શહેરમાં એજન્સી લેવા માટે નીચે મુજબના સરનામે સંપર્ક કરવા વિનંતી છે.

**બિઝનેસ ઓફિસ:**

820, 8મો માળ લોબી-2, સાકાર-9 જૂની આરબીઆઈની બાજુમાં, આશ્રમ રોડ, અમદાવાદ-380009.

6357263573

info@gujaratvandan.com


## માયાનગરી મુંબઈના દ્વાર બે વર્ષ પછી - ખુલ જા સિમ સિમ...ની જેમ ખુલશે : માસ્ક ફરજિયાત

**છેલ્લા એક સપ્તાહમાં એક પણ કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર ન થયા**

ગુજરાત વંદન

લગભગ બે વર્ષના લાંબા સમય બાદ મુંબઈ ચાલુ માસના અંતથી તમામ નિયંત્રણો મુક્ત થઇ જશે. જો કે માસ્ક ફરજીયાત પહેરવાનો નિયમ યથાવત રહેશે.

મુંબઇમાં કોરોનાના કેસ ઘટતા જાય છે અને તા. 7 જાન્યુઆરીના રોજ 20,971 કેસમાંથી ફક્ત 500ની અંદર કેસ નોંધાઇ રહ્યા છે. અને મહાનગરમાં વયસ્કોનું 100 ટકા વેક્સિનેશન ચાલુ અઠવાડિયાના અંતે પુરું થઇ જશે. અને તેથી મહાનગરના મેયર દ્વારા મુંબઇને 1 માર્ચથી મુંબઈને પૂર્ણ રીતે ખોલી નાખવાની જાહેરાત કરવામાં આવશે.

છેલ્લા બે વર્ષમાં પ્રથમ વખત આ સપ્તાહમાં કોઇ ઇમારત કે એરિયાને કન્ટેન્ટમેન્ટ ઝોન તરીકે જાહેર કરાયો નથી. અત્યાર સુધીમાં મહાનગરમાં કોરોનાકાળમાં 6 6 હજાર જેટલી ઇમારતોને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરાઈ હતી અને સમયાંતરે તેને સીલ કરીને બાદમાં ખોલવામાં આવી હતી.

5 કરોડ જેટલા બાળકોમાંથી 15 થી 17 વર્ષના વયના આ બાળકોમાં 68 ટકા વેક્સિનેશન એટલે કે પ્રથમ ડોઝ આપી દેવાયો છે અને વધુને વધુ ઝડપથી વેક્સિન આપવાની કામગીરી શરુ થઇ છેતથા કેન્દ્ર સરકારની મંજુરી મળે તો 5 થી 12 વર્ષના બાળકોને વેક્સિન અપાશે અને જેઓને પ્રથમ ડોઝ અપાયો છે તેઓને બીજો ડોઝ આપવાની કામગીરી શરુ થશે.




જાણીતા બિઝનેસમેન આનંદ મહિન્દ્રા સોશ્યલ મિડિયામાં રસપ્રદ માહિતી શેર કરતાં હોય છે. હાલમાં જ તેમણે હિન્દુસ્તાન કી અંતિમ દુકાનનો ફોટો મૂક્યો છે. આ દુકાન ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ચીન સાથેની ભારતની સીમાથી નજીક છે. તેની આગળ કોઇ માનવ વસ્તી નથી. ગામનું નામ માણા છે જેને મણિભદ્રપુરમ પણ કહેવાય છે.

આનંદ મહિન્દ્રાએ તેને સોશ્યલ મિડિયા પર મૂકતા જ ફોટો અને વિડિયો વાઇરલ થઇ ગયો. તેમણે લખ્યું છે શું આ સેલ્ફી માટેની બેસ્ટ જગ્યા નથી લાગતી..?! તેમણે હિન્દુસ્તાન કી આખરી દુકાનમાં બેસીને ચા પીવાની પોતાની ઇચ્છા પણ જણાવી હતી. આ દુકાનમાં ચી પીવા અને મેગી ખાવા દૂર દૂરથી પ્રવાસીઓ આવે છે.

**વાંકી નજરે...**




અમૂલે લતાજીને આપી નોખી-અનોખી અંજલી...

# અમદાવાદના ઈતિહાસનો એ કાળો દિવસ... શનિવારની એ સાંજ...

## ૨૬મી જુલાઈ ૨૦૦૮નો એ દિવસ ક્યારેય કોઈ અમદાવાદી ભૂલી નહી શકે...



ગુજરાત વંદન

એક બાદ એક ધડાકામાં કુલ 58 લોકોના બ્લાસ્ટમાં કરૂણ મોત નીપજ્યાં અને 240 લોકો ઘાયલ થયા હતા. અમદાવાદ શહેરમાં એક પછી એક 21 બ્લાસ્ટ થયા હતા. જેમાં ખાડિયા, બાપુનગર, રામોલ, અમરાઈવાડી, વટવા, દાણીલિમડા, ઇસનપુર, ઓઢવ, કાલુપર, સિવિલ, નરોડા, સરખેજ, નિકોલ અને ખાત્રજમાં 1, જેમાંથી રામોલ અને ખાત્રજમાં એએમટીએસની બસમાંથી જે બોમ્બ મળ્યા હતા તેને ડિફ્યૂઝ કરવામાં આવ્યા હતા.

સિરિયલ બોમ્બ બ્લાસ્ટના 14 વર્ષ પૂરા થવા આવ્યા છે. 26મી જુલાઈ 2008ની સાંજે અમદાવાદ શહેરની નિરવ શાંતિ ચિચયારીમાં ફેરવાઈ ગઈ હતી. શહેરમાં અલગ-અલગ સ્થળો પર 21 જેટલા બોમ્બ પ્લાન્ટ કરવામાં આવ્યા હતા. આ તમામ બોમ્બ અલગ-અલગ સમયના અંતરે બ્લાસ્ટ થવાના કારણે અમદાવાદ શહેર એક મિનિટ માટે હચમચી ગયું હતું. સિરિયલ બોમ્બ બ્લાસ્ટના બનાવ બાદ તેની તપાસ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચના તત્કાલીન જોઈન્ટ પોલીસ કમિશનર આશિષ ભાટિયાને સોંપવામાં આવી હતી. જ્યારે ક્રાઇમના ડીસીપી અભય ચુડાસમા હતા. રાજ્ય સરકારે સિરિયલ બોમ્બ બ્લાસ્ટનો ગુનો ઉકેલવા માટે એક ખાસ ટીમ બનાવી હતી. જેમાં આઈજી ગીરીશ સિંગલને આઈબીમાંથી લાવવામાં આવ્યા હતા. એટીએસના ડીઆઈજી હિમાંશ શુક્લા હિમ્મતનગર એએસપી હતા. અમદાવાદ ગ્રામ્યના એસપી રાજેન્દ્ર અસારી દાહોદ ડીવાયએસપી હતા. ગાંધીનગર એસપી મયૂર ચાવડા આનંદ હેડક્વાર્ટર ડીવાયએસપી હતા અને મહીસાગરના એસપી ઉષા રાડા મહિલા ક્રાઇમ બ્રાન્ચના એસીપી હતા. આ અધિકારીઓને પ્રતિનિયુક્તિ પર સિરિયલ બોમ્બ બ્લાસ્ટની તપાસમાં લાવવામાં આવ્યા હતા.

> **તારીખ:**
> **૨૬-૭-૨૦૦૮, શનિવાર**
> **સમય: સાંજે ૬-૧૦ થી ૮-૦૫**
> **શહેરમાં કુલ ૨૨ સ્થળે વિસ્ફોટો**

2008ના સમયમાં માત્ર મોબાઈલ ફોનની વિગતોનું સ્માર્ટ એનાલિસિસ કરીને આખો ભેદ ઉકેલ્યો હતો. કેસની જવાબદારી તે સમયે ક્રાઈમ બ્રાન્ચના વડા અને જે હાલ રાજ્યના પોલીસવડા છે તે આશિષ ભાટિયાને સોંપાઈ હતી અને તેમને હાલના ગાંધીનગર રેન્જ આઈજી અભય ચૂડાસમાનો સાથ મળેલો. આ બંનેએ બ્લાસ્ટ થયા તે વિસ્તારમાં તે સમયે કેટલા ફોન ચાલુ હતા તેવા આઠ લાખ ફોનનો ડેટા ભેગો કર્યો. ઘાસના પૂળામાંથી તેમણે સોય શોધી કાઢી. અને 19 જ દિવસમાં આ કેસનો પહેલો આરોપી જાહીદ કુતબુદ્દીન શેખને જુહાપુરામાંથી ઝડપી લીધો અને તે પછી તો એક પછી એક કડીઓ મળતી ગઈ, જોડાતી ગઈ અને આખા ષડયંત્રની કરમકુંડળી દોરાતી ગઈ, આરોપીઓ પકડાતા ગયા, કબૂલાતો થતી ગઈ હતી. આખા ષડ્યંત્રનું ભેજુ સીમીથી છુટા પડેલા યાસીન ભટ્કલનું હતું અને તેને પાર પાડવા પોતે રચેલા ઈન્ડીયન મુજાઉદ્દીન ત્રાસવાદી સંગઠનના સભ્યો અને સ્લીપર સેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ માટે કેરાલા રાજયના વાઘામોનના જંગલમાં ડિસેમ્બર 2007માં ત્રણ દિવસ અને ગુજરાતના હાલોલ પાવાગઢમાં જાન્યુઆરી 2008ના ત્રણ દિવસ કુલ 30-30ના ગ્રુપમાં બોમ્બ બનાવવા, ફોડવા તથા હથિયારોને કેવી રીતે ઉપયોગ કરવો તેની ટ્રેનીંગ આપવામાં આવી હતી. આશિષ ભાટિયા અને અભય ચુડાસમાએ તાબા હેઠળના અધિકારીઓની મીટીંગો કરી હતી. જેમાં બ્લાસ્ટનો સમય મેળવીને તે વિસ્તારમાં કેટલા મોબાઈલ તે સમયે ચાલુ હતા તેની માહીતી એકઠી હતી. આવા આઠ લાખથી ય વધુ ફોન ચાલુ હોવાની માહિતી મળી. આ મોબાઈલના ડેટા સોર્ટ આઉટ કરવામાં આવતા હતા. જેમાંથી છેલ્લા 100 મોબાઈલ નંબરવાળાને પોલીસ તપાસમાં લાવી હતી. આ 100 નંબરમાંથી 40 જેટલા નંબર ઉપર સતત વાતચીતો થતી હોવાનું નીકળ્યુ હતુ. જેના આધારે પોલીસે મોબાઈલ ઉપર સતત વાતચીતો કરનારની પૂછપરછ કરી અને તેમાંથી જ જુહાપુરામાં રહેતા જાહીદ કુતબુદ્દીન શેખ બ્લાસ્ટમાં સામેલ હોવાનું ખુલ્યુ હતુ. આ બ્લાસ્ટનું કાવત્રુ વડોદરામાં રહેતા રફીઉદ્દીન સરફુદ્દીન કાપડીયા, સફદર નાગોરી સહિતનાઓએ ઘડયુ હોવાની કબૂલાત કરી હતી. જેના આધારે વડોદરા પોલીસે પહેલા રફીઉદ્દીન કાપડીયા અને પાછળથી એમપીની જેલમાંથી સફદર નાગોરીને પકડીને ગુનાનો ભેદ ઉકેલી લીધો હતો.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બ્લાસ્ટ મામલે કુલ 78 આરોપીઓની ધરપકડ કરી હતી. જયારે પાકિસ્તાનના આમીર રઝાખાન સહિતના 13 આરોપીઓ હજુ વોન્ટેડ છે.

સ્વાતંત્ર દિવસની પૂર્વ સંધ્યા 14 ઓગસ્ટ 2008ના રોજ જેસીપી ક્રાઈમ આશિષ ભાટિયાએ પત્રકાર પરિષદયોજીને સિરિયલ બ્લાસ્ટમાં 30 આરોપીઓની ધરપકડ કરી હોવાનું જણાવ્યું હતું. ગુજરાત પોલીસ ઉપરાંત મધ્ય પ્રદેશની ઉજ્જૈન પોલીસ, દિલ્હી, મુંબઈ, કર્ણાટક, કેરળ અને રાજસ્થાન પોલીસે આ બ્લાસ્ટમાં સંડવાયેલા આરોપીઓની ધરપકડ કરીને ગુજરાત પોલીસને સોંપ્યા હતા.





### અમદાવાદમાં ક્યાં થયા હતા બ્લાસ્ટ?

હાટકેશ્વર સર્કલ, બાપુનગર, ઠક્કરબાપાનગર, જવાહર ચોક, સિવિલ હોસ્પિટલ, એલજી હોસ્પિટલ, મણિનગર, ખાડિયા, રાયપુર, સારંગપુર, ગોવિંદવાડી, ઇસનપુર, નારોલ, સરખેજ

### ૨૮ જેટલા આરોપી દેશના ૭ રાજ્યોની જેલમાં બંધ

અમદાવાદ બોમ્બ બ્લાસ્ટને અંજામ આપનારા 28 જેટલા આરોપીઓ અત્યારે દેશના 7 રાજ્યોની અલગ-અલગ જેલમાં સજા ભોગવી રહ્યા છે. અમદાવાદની સાબરમતિ જેલમાં અત્યારે 49, મધ્યપ્રદેશની ભોપાલ જેલમાં 10, મહારાષ્ટ્રની તલોજા જેલમાં 4, કર્ણાટકના બેંગ્લોરની જેલમાં 5, કેરળની જેલમાં 6, જયપુરની જેલમાં 2 અને દિલ્હીની જેલમાં એક આરોપી સજા ભોગવી રહ્યો છે.

### કેરળના જંગલમાં ઘડાયો તો બોમ્બ ધડાકાનો પ્લાન

અમદાવાદમાં 26 જૂલાઈ-2008માં બોમ્બ બ્લાસ્ટ કરવાનું કાવતરું કેરળના જંગલમાં ઘડવામાં આવ્યું હતું. આ ધડાકાનું પ્લાનિંગ કુખ્યાત આતંકી રિયાઝ ભટકલ અને ઈકબાલ ભટકલ દ્વારા ઘડવામાં આવ્યું હતું અને કેરળના જંગલોમાં જ તેમણે વિવિધ આતંકીઓ સાથે મુલાકાત પણ કરીને ઘટનાને કેવી રીતે અંજામ આપવો તેની શીખ આપી હતી. આ ઘટનાના ઘણા દિવસો પહેલાં જંગલમાં આતંકીઓ એકઠા થઈ રહ્યા હતા અને ઘટના વિશે કાવતરું ઘડી રહ્યા હતા.

## ૧૪ વર્ષે આવ્યો ચુકાદો, ટ્રાયલ દરમિયાન ૮ જજ બદલાયા

### જસ્ટિસ એ.આર.પટેલે સંભળાવ્યો ફેંસલો

અમદાવાદમાં થયેલા ભીષણ બોમ્બ ધડાકા કેસનો આજે ચુકાદો આવ્યો છે. વર્ષોથી ચુકાદો આવવાની રાહ જોઈ રહેલા મૃતક-ઘાયલોના પરિવારજનો તેમજ સમગ્ર ગુજરાતની જનતાને આખરે 13 વર્ષ 195 દિવસ પછી હચમચાવી નાખનારી આ ઘટનામાં ન્યાય મળ્યો છે. આ કેસની ચાલેલી લાંબીલચક ટ્રાયલ દરમિયાન 8 જેટલા જજ બદલાઈ ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે. જ્યારે આજનો ચૂકાદો જસ્ટિસ એ.આર.પટેલે આપ્યો હતો. આમ 13 વર્ષ 195 દિવસ સુધી કોર્ટમાં ચાલેલી લાંબી દલીલો બાદ આજે ચુકાદો આવતાં પીડિતો ન્યાય મળ્યાની લાગણી અનુભવી રહ્યા છે.

### ૨૯ આરોપીઓ નિર્દોષ છુટ્યા...

- ઝાહિદ શેખ- અમદાવાદ
- નવેદ કાદરી- અમદાવાદ
- રઝીયુદ્દીન નાસપ- હૈદ્રાબાદ
- ઉમર કબીરા- સુરેન્દ્રનગર
- સલીમ સિપાહી- અમદાવાદ
- મોહંમદ જાકીર- થાણે
- મુબીન શેખ- પૂણે
- મોહંમદ મન્સુરી- પૂણે
- સાકિબ શેખ- ઉત્તર પ્રદેશ
- ઇટી સૈનદ્દીન- હૈદ્રાબાદ
- અનવર બાગવાન- હૈદ્રાબાદ
- મોહંમદ યાસીન- કર્ણાટક
- મોહંમદ ઇરફાન- મધ્યપ્રદેશ
- નાસીર અહેમદ- કર્ણાટક
- શકીલ અહેમ- કર્ણાટક
- નદીમ સૈયદ-કર્ણાટક
- અસદુલ્લાહ અસદ- કર્ણાટક
- મોહંમદ સમી- કર્ણાટક
- અહેમદબેગ મિરઝા- કર્ણાટક
- કામરાન સાહિદ- મધ્યપ્રદેશ
- મોહંમદ ઝહિર પટેલ- ભરૂચ
- મોહંમદ યુનુસ- મધ્યપ્રદેશ
- હસીબરજા સૈયદ-અમદાવાદ
- મોહંમદ યુનુસ- મધ્યપ્રદેશ
- મો. શાહિદ નાગોરી- એમપી
- અબ્દુલસત્તાર- કેરળ
- અફાક ઇકબાલ- ઝારખંડ
- મંજર ઇમામ- ઝારખંડ
- સુહેબ પોદ્દનિકલ- કેરળ



<u>મુફ્તિ અબુ બશરે સ્લીપર સેલને એક્ટિવ કર્યા</u>

### મુંબઈથી કારમાં વિસ્ફોટકો લાવ્યા, ૧૩ સાઈકલમાં બોમ્બ મુક્યા હતા

અમદાવાદમાં બોમ્બ ધડાકા કરવા માટે મુફ્તિ અબુ બશર નામના કુખ્યાત આતંકીએ સ્લીપર સેલને એક્ટિવ કરીને બોમ્બ ધડાકા માટે તૈયાર કર્યા હતા. આતંકીઓએ અમદાવાદ સુધી વિસ્ફોટકો લાવવા માટે કારનો ઉપયોગ કર્યો હતો. કાર અમદાવાદ પહોંચી ગયા બાદ 13 જેટલી સાઈકલો ખરીદવામાં આવી હતી અને તેમાં બોમ્બ ફિટ કરીને અલગ-અલગ વિસ્તારોમાં રેઢી મુકી દેવામાં આવી હતી.



### માત્ર ૧૯ દિવસમાં જ સિરિયલ બોમ્બ બ્લાસ્ટનો ભેદ ઉકેલાયો

આતંકવાદીઓને પડકી કેસને ઉકેલવા માટે એક ખાસ ટીમ બનાવી હતી. જેમાં એકથી એક શ્રેષ્ઠ અધિકારીઓને ટીમમાં લેવામાં આવ્યા હતા. 2008માં આઈબીમાંથી આઈજી ગીરીશ સિંઘલ, હિંમતનગર એએસપી હિમાંશુ શુક્લા, દાહોદ ડીવાયએસપી રાજેન્દ્ર અસારી, આણંદ હેડક્વાર્ટર ડીવાયએસપી મયૂર ચાવડા, મહિલા ક્રાઇમ બ્રાન્ચ એસીપી ઉષા રાડા અને DYSP વી આર ટોળીયા. આ તમામ અધિકારીઓને સિરિયલ બોમ્બ બ્લાસ્ટની તપાસમાં માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા. તે સમયના ક્રાઇમ બ્રાન્ચના જેસીપી આશિષ ભાટિયા અને DCP અભય ચુડાસમાની ટીમે માત્ર 19 દિવસમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટનો ગુનો ઉકેલી નાંખ્યો હતો.

### કયા પોલીસ અધિકારીઓ હતા તપાસ ટીમમાં..?



આશિષ ભાટીયા, વી આર ટોળીયા, અભય ચુડાસમા, ગિરીશ સિંઘલ, હિમાંશુ શુક્લા, દિલીપ ઠાકોર, તરૂણ બારોટ, રાજેન્દ્ર અંસારી, મયુર ચાવડા, ઉષા રાડા

### આ છે... બોમ્બ બ્લાસ્ટના દોષિત ગુનેગારોની તસ્વીરો




તૌસિફખાન પઠાણ, એજાઝ સૈયદ, શમશુદ્દી શેખ, ગ્યાસુદ્દીન અંસારી, મોહંમદ કાગઝી, મોહંમદ ઉસ્માન, યુનુસ મન્સુરી, કમરૂદ્દીન ચાંદમોહંમદ, આમિલ પરવાજ, સીબલી અ.કરીમ, સફદર નાગોરી, હાફિઝ હુસૈન, મોહંમદ સાજીદ, અબુબસર શેખ, અબ્બાસ સમેજા, જાવેદ શેખ, અતિકુર રહેમાન, મહેંદી હસન, ઇમરાન ઇબ્રાહિમ, ઇકબાલ કાસમ, ઇમરાન પઠાણ, મોહંમદઅલી અંસારી, મોહંમદ ઇસ્માઇલ, અફઝર ઉસ્માની, મોહંમદ સાદિક, મોહંમદ આરિફ ઉર્ફે આરીફ બદર, આસિફ શેખ, રફીઉદ્દીન કાપડિયા, મોહંમદ આરિફ, ક્યામુદ્દીન કાપડિયા, મોહંમદસૈફ શેખ, જીશાન અહેમદ, ઝીયાઉર રહેમાન, મોહંમદશકીલ લુહાર, અનિક ખાલિક, મોહંમદ અકબર, ફઝલે રહેમાન, મોહંમદ નૌશાદ, અહેમદબાવા બરેલવી, સરફુદ્દીન સલીમ, સૈફુર રહેમાન, મોહંમદ અન્સાર, સાદુલી અ.કરીમ, મોહંમદ તનવીર, મોહંમદ અન્સારી, આમિન શેખ, મોહંમદ મોબિન, મોહંમદ અબરાર, મોહંમદ રફીર

કલોલ ફાયરિંગમાં નવો ધડાકો

# મહિલા પીએસઆઈના પતિ મહાશયે કરાવી હતી ઓળખાળ

## ગુજરાતમાં અમેરિકા જવાની ઘેલછામાં હવે ગોળીઓ છૂટવા લાગી...

ગુજરાત વંદન



તાજેતરમાં કલોલના ડિંગુચાના એક પરિવારને કેનેડાની ધરતીમાં દફન થઇ જવાની ફરજ પડી હતી. એજન્ટો દ્વારા ગેરકાયદેસર રીતે આ પરિવાર કેનેડાથી અમેરિકામાં ધુસવાનું પ્રયાસ કરી રહ્યા હતા. કલોલ અને આસપાસના વિસ્તારોમાં એવા ઘણા એજન્ટો ફરતા હોય છે, કે જેઓ લાખો રૂપિયા લઇને લોકોને વિદેશમાં ગેરકાયદેસર રીતે મોકલવાનું કામ કરે છે. આ જ કિસ્સામાં એજન્ટોએ એક પાર્ટીએ અમેરિકામાં મોકલી આપી પરંતુ નક્કી કરેલા લાખો રૂપિયા ન મળતા તેના ઘરે જઇ ફાયરિંગ કર્યું હતું જેમા હવે નવો ધડાકો થયો છે. એક મહિલા PSIના પતિ મહાશયે અમદાવાદના એજન્ટ સાથે ઓળખાળ કરાવી હતી.

કલોલના મારુતિ બંગલોમાં રહેતા વિષ્ણુભાઈ માણેકભાઈ પટેલના ભત્રીજા વિશાલ અને તેની પત્ની રૂપાલીને અમેરીકા જવાનુ કામ એજન્ટ બ્રહ્મભટ્ટ દેવમ(રહે. બી /302,ડાયમંડ ગ્રીન એપાર્ટમેન્ટ, ચાંદખેડા ) અને રૂતવીક પારેખ (રહે. શાસ્ત્રીનગર, નારણપૂરા) આપવામાં આવ્યુ હતુ. જેમાં પટેલ પરિવારના 2 સભ્યોને બ્રહ્મભટ્ટ દેવમ કલોલથી દિલ્લી અને દિલ્લીથી અમેરીકા લઈ જવાનુ કહી શુક્રવારે જ કલોલથી દિલ્હી ગયો હતો.

દિલ્હી લઈ ગયા પછી એજન્ટ દ્વારા એવુ કહેવામાં આવ્યું કે, પહેલા પૈસા બતાવવા પડશે. અને 10 લાખ આપવા પડશે. બાદમાં દેવમ પોતાની ગાડીમાં દંપતીને એરપોર્ટ પર મૂકીને વિષ્ણુભાઈ સાથે ઘરે આવ્યો હતો. જેની સાથે ત્રણ ઈસમો પણ આવ્યા હતા.

દિલ્હીથી એજન્ટે પોતાના ત્રણ માણસો માણસોને કલોલ સ્થિત વિષ્ણુભાઈના ઘરે ( મારુતિ બંગલો ) મોકલ્યા હતા. જેમાં રેયાંન નામનો ઈસમ પણ હતો. ઘરમાં પટેલ વિષ્ણુભાઈ માણેકભાઈ, વિષ્ણુભાઈના પત્ની તેમનો બાબો અને બેબી હાજર હતા. આ શખ્સોએ ઘરમાં પ્રવેશ કર્યા પછી પૈસા બતાવવાની વાત થઈ તો વિષ્ણુભાઈએ ત્રણેયને પૈસા બતાવી પાછા મૂકી દીધા હતા.

પૈસા પાછા મૂકી દેતા અચાનક ત્રણમાંથી એક શખ્સે લૂંટના ઇરાદે બંદૂક કાઢી જમીન પર ફાયરિંગ કર્યું હતું. જમીન ઉપર ફાયરિંગ કરેલી ગોળી જમીનને ટકરાઈને સામે સોફામાં વાગી હતી. સદનસીબે કોઈ જાનહાની થઈ નથી. ત્યારે અવાજ થતા આજુબાજુના લોકો ભેગા થઈ ગયા હતા અને તેમને ત્રણ પૈકી એકને ઝડપી લીધો હતો. જોકે, બે શખ્સો ભગવામાં સફળ રહ્યા હતા. પકડાઈ ગયો તેનુ નામ પરેખ રુતવિક જેને પોલીસે કસ્ટડીમાં લઈ આગળ તપાસ શરૂ કરી છે.

## ગ્રાન્ટના ઉપયોગ માટે ગાંધીનગરના કોર્પોરેટરે મતદારોના સૂચનો મેળવ્યા

ગુજરાત વંદન

ગાંધીનગર કોર્પોરેશનના વોર્ડ નં-6માં આમ આદમી પાર્ટીમાંથી ચૂંટાયેલા એકમાત્ર કોર્પોરેટર તુષાર પરીખે હવે પોતાની ગ્રાન્ટમાંથી કરવા જેવા કામો અંગે નાગરિકોના પ્રતિભાવો લેવાની શરૂઆત કરી છે. કોર્પોરેશનના બજેટમાં સભ્યોની ગ્રાન્ટમાં ત્રણ લાખના વધારો કરીને કુલ ગ્રાન્ટ 16.50 લાખ કરાઈ છે. ત્યારે આમ આદમી પાર્ટીએ ચૂંટણી સમયે કરેલા વાયદા મુજબ રવિવારે તુષાર પરીખ અને આપના કાર્યકર્તાઓએ વોર્ડ નંબર 6ના કોર્પોરેટર થતાં પાર્ટીના કાર્યકર્તા ગોકુલપૂરા ગામમાં અને સેક્ટર 14 માં ગ્રાન્ટ ક્યાં વાપરવી તે વસાહતીઓને પૂછવા અને તેમની સમસ્યાઓને સાંભળવા નીકળ્યા હતા. જેમાં ગોકુલપુરા ખાતે ગટર-પાણીની સમસ્યા, ગંદકીની સમસ્યા સામે આવી હતી. સ્કૂલ ખાતે બેન્ચિસ ન હોવાનું સામે આવતા તુષાર પરીખે પોતાની ગ્રાન્ટમાંથી આપવાની ખાતરી આપી હતી. તે જ રીતે સેક્ટર-14 ખાતે દિવાલની કામગીરી, સીટી બસ નથી આવતી, પાણી ઓછું આવે છે, આંગણવાડી નથી તેવી સમસ્યાઓ સામે આવી હતી. જેને પગલે આ સમસ્યાના ઉકેલ માટે આપ દ્વારા ખાતરી અપાઈ હતી. તુષાર પરીખે કહ્યું હતું કે, 'આ વખતે આપવામાં આવતી ગ્રાન્ટને પબ્લિકને પૂછીને તેમની જરૂરિયાત મુજબ વાપરવામાં આવશે.'



તસ્વીર- અશ્વિન સાધુ

પાટનગર ગાંધીનગરની અનેક ઓળખમાં એક સરિતા ઉદ્યાન છે જેને પગલે તેને વિકસાવવા માટે ગુડા (ગાંધીનગર મનપા) દ્વારા કરોડો રુપિયા ખર્ચાઈ છે પરંતુ બીજી બાજુ આમ પ્રજાને સુવિધાનો લાભ મળતો નથી. સરિતા ઉદ્યાનમાં વોટર ફોલ શોભાના ગાંઠિયા જેવો બની ગયો છે.

ગાંધીનગરના સરગાસણ, કુડાસણ, વાવોલ અને પેથાપુરમાં

# નવા ૨૧૦૦ આવાસોની સામે ગુડાને ૪૪૫૫ અરજીઓ મળી

ગુજરાત વંદન



ગાંધીનગરમાં ઘરનું ઘર મળી રહે તે માટે ગુડા દ્વારા સરગાસણ, કુડાસણ, વાવોલ અને પેથાપુરમાં નવા 2100 ફ્લેટ ટાઇપ આવાસ બાંધવાનું આયોજન કરવામાં આવ્યું છે. જો કે આ આવાસોની સામે 4 હજાર 455 અરજીઓ આવી છે. જ્યારે કુડાસણ પાસે પડતર પડેલા એમઆઇજીના 38 ફ્લેટ ટાઇપ આવાસ માટે 655 અરજીઓ આવી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આર્થિક રીતે નબળા પરિવારો માટે અલગ અલગ સ્થળોએ ફ્લેટ ટાઈપ પ્રકારના આવાસો બાંધવામાં આવી રહ્યા છે. જે મુજબ ગુડા દ્વારા સરગાસણ, કુડાસણ, વાવોલ અને પેથાપુરમાં ફ્લેટ ટાઈપનાં 2100 નવા આવાસો બાંધવામાં આવનાર છે. જે માટે અરજદારો પાસેથી અરજીઓ પણ મંગાવવામાં આવી હતી. જેમાં સ્કુટિની નાં અંતે 4 હજાર 455 અરજીઓ ગ્રાહ રાખવામાં આવી છે.

આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે, ઇડબલ્યુએસ એટલે કે ઇકોનોમિકલી વિકર સેક્સન, આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે બાંધવામાં આવનારા નવા 1 બેડરૂમ, હોલ કિચન સહિતના આવાસ માટે મળેલી 4 હજાર 632 અરજીની સ્ક્રૂટીની કરવામાં આવી હતી અને તેમાંથી 4 હજાર 455 અરજીઓને લાભાર્થી દ્વારા રજુ કરવામાં આવેલા પુરાવાને નજરે રાખીને મંજુર કરાઈ છે. હવે ડ્રોની પ્રક્રિયામાં આ અરજીઓને સામેલ કરવામાં આવશે. બીજી બાજુ કુડાસણમાં બાંધવામાં આવેલા પરંતુ અનામતના ટેકનીકલ કારણોસર પડતર રહેલા 2 બેડરૂમ, હોલ અને કિચન સહિતની સુવિધા ધરાવતા 38 આવાસ મેળવવા માટે 655 જેટલી અરજીઓ માન્ય રાખવામાં આવી છે. એટલે કે કે 1 મકાન માટે 17 જેટલા લાભાર્થી મેદાનમાં હશે. ગુડા દ્વારા ટીપી સ્કીમ નંબર 7માં સરગાસણ, કુડાસણ, પોરના વિસ્તારમાં પ્લોટ નંબર 186માં 1208 ફ્લેટ બંધાશે .જે 36.96 ચોરસ મીટરના રહેશે.જ્યારે ટીપી સ્કીમ નંબર 13માં વાવોલમાં પ્લોટ નંબર 309માં 288 ફ્લેટ બંધાશે .જે 34.14 ચોરસ મીટરના અને પ્લોટ નંબર 319માં 504 ફ્લેટ બંધાશે .જે 35.68 ચોરસ મીટરના રહેશે. જ્યારે ટીપી સ્કીમ નંબર 16માં પેથાપુરમાં પ્લોટ નંબર 219માં 100 ફ્લેટ બાંધવામાં આવશે. જે સૌથી મોટા ક્ષેત્રફળ ધરાવતા 37.43 ચોરસ મીટરના બાંધવામાં આવનાર છે. આ તમામ 2100 ફ્લેટ પૈકી કોઇપણ સ્થળે લાભાર્થીને ફ્લેટ મળશે, તેની કિંમત એક સરખી જ રૂપિયા 5 લાખ 50 હજાર નિયત કરવામાં આવેલી છે.

**કુડાસણ પાસે પડતર પડેલા એમઆઈજીના ૩૮ ફ્લેટ ટાઈપ આવાસ માટે૬૫૫ અરજીઓ આવી**

# સેક્ટર-૧૭માં સરકારી મકાનો પાસે પાણીની લાઈનમાં ભંગાણ

હજારો લીટર પાણીનો બગાડ

ગુજરાત વંદન



સેક્ટર-17માં મુખ્ય પાણીની પાઈપ તૂટી જવાથી સરકારી મકાનમાં રહેતાં વસાહતીઓને પુરતા પ્રમાણમાં પાણી મળતું ન હોવાની ફરિયાદો ઉઠી છે. સેક્ટર-17ના જ ટાઈપના સરકારી મકાનોમાં જર્જરીત મકાનો પાડવાનું કામ ચાલુ છે. આ સમયે જેસીબીથી મુખ્ય પાણીની પાઈપ તૂટી જવાથી સરકારી વસાહતમાં પૂરતા પ્રમાણમાં પાણી આવતું નથી.

સ્થાનિકોના આક્ષેપો પ્રમાણે સુવિધા કચેરીમાં વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ જ નિરાકરણ આવ્યું નથી. સ્થાનિકાના દાવા પ્રમાણે 10 દિવસથી ઉભી થયેલી આ સમસ્યાને પગલે એક તરફ પાણીનો ભગાડ થાય છે બીજી તરફ નાગરિકોને પુરતા પ્રેશરથી પાણી મળતું નથી.

શહેરમાં એક તરફ મનપા દ્વારા લોકોને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરી તેનો શક્ય તેટલો બચાવ કરવા અપીલ કરવામાં આવે છે જયારે બીજી તરફ શહેરના સેક્ટર-17માં મુખ્ય પાણીની પાઈપ તૂટી જવાથી સરકારી મકાનમાં રહેતાં વસાહતીઓને પુરતા પ્રમાણમાં પાણી મળતું ન હોવાની ફરિયાદો થઈ રહી છે જ્યારે બીજી તરફ પાણીની લાઈનમાં આ રીતે ભંગાણ થવાના કારણે હજારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે ત્યારે આ બાબતે તંત્ર દ્વારા તાકિદે આ લાઈનમાં જે ભંગાણ પડી ગયુ છે તેને સત્વરે રિપેર કરી આ લાઈનમાંથી વેડફાઈ રહેલા પાણીને બચાવીને પાણી લોકોને ઉપયોગી થાય તેવી વ્યવસ્થા કરવામાં આવે તેવી ઉગ્ર રજૂઆત લોકો કરે છે.

# ગાંધીનગર મનપામાં દોઢ માસથી સફાઈકામદારો હડતાલ પર

ગુજરાત વંદન

**સફાઈ કામદારોની માંગણીઓ નહીં સ્વીકારાય તો આમરણાંત ઉપવાસ પર ઉતરીશ : કિરીટ વાઘેલા**

ગાંધીનગર કોર્પોરેશનના સફાઈ કામદારોની પડતર માંગણીઓને લઈને અચોક્કસ મુદ્દતના આમરણાંત ઉપવાસની જાહેરાત કરાઈ છે. ગુજરાત સફાઈ કામદાર મહામંડળ ગાંધીનગર જિલ્લા પ્રમુખ કિરીટકુમાર ડાહ્યાભાઈ વાઘેલાએ આ અંગે મ્યુનિસિપલ કમિશનર ધવલ પટેલને લેખિત રજૂઆત કરી છે.

મ્યુનિસિપલ કમિશનરને પાઠવેલા પત્રમાં તેઓએ લખ્યું છે કે,'ગાંધીનગર કોર્પોરેશનમાં છેલ્લા દોઢ માસથી સફાઈકામદારો હડતાલ પર છે. ગાંધીનગરમાં સફાઈ કામદારનું મહેકમ ખાલી હોવા છતાં, સફાઈકામદારોને આઉટસોર્સિંગમાં કામગીરી લેવડાવીને, આર્થિક, માનસિક, શારીરિક શોષણ કરીને તેમના હક અધિકારથી વંચિત રખાયા છે.

ત્યારે તેઓની માંગણીઓ નહીં સ્વીકારાય તો હું ગાંધીનગર કોર્પોરેશન ખાતે આમરણાંત ઉપવાસ પર ઉતરીશ. મને કઈપણ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી મ્યુ. કમિશનર તેમજ રાજ્ય સરકારની રહેશે.'

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે જ ઉપવાસ પર બેસવાનું એલાન કરીને કિરીટ વાઘેલાએ વાલ્મિકી સમાજના આગેવાનો, મંડળો, મહામંડળ, યુનિયનો નાનાં મોટા આગેવાનોને સાથ આપવા માટે આહ્વાન પણ કર્યું છે.

## ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખનું કોરોનાથી નિધન

ગુજરાત વંદન

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ અને જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જશુભા રાણાનુ કોરોનાથી અવસાન થયુ છે. ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ તરીકે રાજકીય કારકિર્દીની શરૂઆત કર્યા બાદ પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી સુધીના હોદ્દા સંભાળ્યા હતા. જ્યારે તેમના કાર્યકાળ દરમિયાન જિલ્લામાં કોંગ્રેસનો પંજો સતત ઉંચો રહેલો જોવા મળ્યો હતો. મંગળવારે 8મી ફેબ્રુઆરીએ એસએમવીએસ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા.

**ટીપી સ્કીમના બાકી રહેતા રોડ ખોલવા અને ડ્રેનેજનું બાકી કામ પુરું કરવા**

# પેથાપુર ટીપી સ્કીમમાં ૬૦૦ કરોડની કિંમતના પ્લોટોનો કબ્જો લેવા સૂચના

ગાંધીનગર નજીક પેથાપુરમાં કરોડોની કિંમતના પ્લોટો પર દબાણ ; ગુડાના ચેરમેન, મ્યુનિ કમિશનરે લીધી મુલાકાત

ગુજરાત વંદન



પેથાપુર ટીપી વિસ્તારમાં 600 કરોડ ઉપરાંતના વિવિધ હેતુ માટેના રિઝર્વ પ્લોટોનો કબ્જો મેળવવા મ્યુનિ કમિશનર દ્વારા સુચના આપવામાં આવી છે. વિવિધ હેતુ માટેના અંદાજે 75 જેટલા પ્લોટો આ ટીપી વિસ્તારમાં છે. જે પૈકી કેટલાક પ્લોટમાં નાના-મોટા દબાણો થયેલા છે તેને પણ ઝડપથી દૂર કરી રિઝર્વ પ્લોટ ફરતે તાર ફેન્સીંગ અથવા કમ્પાઉન્ડવોલ બનાવવા જણાવવામાં આવ્યું છે.

મ્યુનિ કમિશનર ડો. ધવલ પટેલ દ્વારા શનિવારે ગુડા તથા કોર્પોરેશનના સ્ટાફને સાથે રાખી પેથાપુરની ટીપી-16ની સંયુક્ત વિઝીટ કરવામાં આવી હતી. જેમાં આ ટીપી તૈયાર થતાં ગુડાને વિવિધ કેટેગરીના સંખ્યાબંધ રિઝર્વ પ્લોટ ઉપલબ્ધ થયા છે. એક અંદાજ મુજબ 2 લાખ 52 હજાર 589 ચોમી જગ્યા ગુડાની માલિકીની છે. જેની બજાર કિંમત પ્રમાણે આ જગ્યાનું મૂલ્ય અંદાજે 631 કરોડ થાય. કમિશનરને ટીપીની સ્થળ મુલાકાત લઈને રિઝર્વ પ્લોટોની સ્થિતીનું નિરીક્ષણ કર્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ, પેથાપુરની ટીપી-16માં ગુડાના અંદાજે 75 જેટલા રિઝર્વ પ્લોટો આવેલા છે. જેમાં વેચાણ માટેના સૌથી વધુ 33, સામાજિક માળખાકીય સુવિધા માટેના 17, બગીચા અને ઓપન સ્પેસ હેતુના 18 તથા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે આવાસ બનાવવાના હેતુ માટેના 7 પ્લોટો આવેલા છે. આ પૈકી હજુ ઘણા પ્લોટોનો કબ્જો લેવાનો બાકી છે. શનિવારે સ્થળ મુલાકાત દરમિયાન કમિશનરે તમામ રિઝર્વ પ્લોટોનો કબ્જો લેવા માટે ગુડા તથા મ્યુનિ તંત્રના સ્ટાફને સ્થળ ઉપર જ સુચના આપી હતી. તેઓએ વિઝીટ દરમિયાન એ પણ જોયું હતું કે, કેટલાક પ્લોટોમાં નાના-મોટા દબાણો ઉભા થઈ ગયા છે. આ દબાણોને પણ તાત્કાલિક અસરથી દૂર કરવા માટે આદેશ આપ્યો છે.

નોંધનીય છે કે, નવા સીમાંકન અસ્તિત્વમાં આવતાં સમગ્ર પેથાપુર હવે ગાંધીનગર કોર્પોરેશનમાં સામલે છે. તે સાથે જ પેથાપુરવાસીઓની સુવિધાઓને લઈને માગણીઓ ઉગ્ર બની છે. ખાસ કરીને વર્ષો જૂની ટીપી સ્કીમમાં હજુપણ રસ્તા ખૂલ્યા નથી. આજે કમિશનરને પ્લોટોનો કબ્જો લેવા તથા ટીપી સ્કીમના બાકી રહેતા રોડ ખોલવા તથા જ્યાં ડ્રેનેજ લાઈન બાકી છે ત્યાં ઝડપથી કામગીરી પુર્ણ કરવા અને પેથાપુરનો 24 મીટરનો પેરીફેરી રોડ ખોલવા અને ઝડપથી બનાવવા માટેની સૂચના આપવામાં આવી છે.

# તાંત્રિકે વિદેશ મોકલવાની લાલચ આપી ૨૪.૫૦ લાખ પડાવી લીધા

રાંદેસણની મહિલાએ ઈન્ફોસિટી પોલીસ મથકમાં નોધાવી ફરિયાદ

ગુજરાત વંદન

વિદેશ જવાના મોહમાં ગાંધીનગરના ડિંગુચા ગામનો પરિવાર કેનેડા બોર્ડર પર બરફની ચાદર ઓઢીને કાયમી માટે પોઢી ગયો છે. જ્યારે બે દિવસ અગાઉ જ કલોલમાં વિઝા એજન્ટ દ્વારા પૈસાની ઉઘરાણીમાં ફાયરિંગની ઘટના સામે આવી હતી. ત્યારે આવો જ એક વધુ કિસ્સો ફરી ગાંધીનગરના રાદેસણમાંથી સામે આવ્યો છે. જેમાં તાંત્રિક કમ વિઝા એજન્ટે સોની પરિવારના બે બાળકોને કેનેડા મોકલી આપવાનાં બહાને 24.50 લાખનું ફુલેકું ફેરવી નાખ્યુ છે.

ગાંધીનગરના રાંદેસણમાં રહેતી પત્નીએ પથારીવશ પતિ સ્વસ્થ થઈ જાય તે માટે તાંત્રિકને ઘરે બોલાવી વિધિ કરાવી હતી. ત્યારે વડોદરાનાં તાંત્રિકે વિઝા એજન્ટ તરીકે કામ કરતો હોવાનું કહીને સોની પરિવારના બે બાળકોને કેનેડા મોકલી આપવાનાં બહાને 24.50 લાખનું ફુલેકું ફેરવી નાખ્યું હતું. હવે આ તાંત્રિક કમ વિઝા એજન્ટ પણ મૃત્યુ પામ્યો હોવાથી તેની પત્ની અને પુત્ર વિરુદ્ધ ગાંધીનગરની પરિણીતાએ ઈન્ફોસિટી પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવી છે.

# સેક્ટર-૧૭ની વિદ્યાદીપ હોસ્ટેલમાં રહેતા યુવકને સાથી યુવકે ઢોરમાર માર્યો

મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો

ગુજરાત વંદન

શહેરના સેક્ટર 17મા આવેલી વિદ્યાદીપ હોસ્ટેલમાં રહેતા યુવકને અન્ય યુવક દ્વારા માર મારવામા આવ્યો હતો. બાજુમાં રૂમમા રહેતા મિત્રને મળવા જવા માટે દરવાજો ખટખટાવ્યો હતો. જેને લઇને રૂમમા રહેલા અન્ય મિત્રએ જાતિ વિષયક શબ્દો બોલી મારઝુડ કરવામા આવી હતી. જેને લઇને યુવક ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતા હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જ્યારે માર મારનાર સામે ફરિયાદ કરવામા આવતા કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ વનરાજ જેઠાભાઇ વસાવા (રહે, વિદ્યાદીપ હોસ્ટેલ સેક્ટર 17, મૂળ રહે, લીંમટવાળા, નર્મદા) શહેરમા રહીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યો છે. ગત 1 ફેબ્રુઆરીના રોજ બપોરના બે વાગ્યાના અરસામા તેના હોસ્ટેલના રૂમમાંથી તેના મિત્ર ભવદીપના રૂમમા વાંચવા માટે ગયો હતો. ત્યારે તેના રૂમનો દરવાજો બંધ હોવાથી ખટખટાવવામા આવ્યો હતો. ત્યારે તેના રૂમમા રહેલા સુરપાલે દરવાજો ખોલ્યો હતો.

તે સમયે સુરપાલે દરવાજો ખોલીને કહ્યુ હતુ કે, વારંવાર કામ વિના કેમ મારી રૂમમા આવે છે, અમને વાંચવામા ખલેલ પડી રહી છે. જેથી યુવકે કહ્યુ હતુ કે, હુ કામથી જ રૂમમા આવ્યો છુ, તેમ કહીને સુરપાલ ઉશ્કેરાઇ ગયો હતો અને મનફાવે તેમ બોલવા લાગ્યો હતો. જ્યારે જાતિ વિષયક શબ્દો બોલી ઝપાઝપી કરી હતી.આ બનાવ દરમિયાન રૂમમા પડેલી લાકડાની પટ્ટી વડે માર મારવા લાગ્યો હતો. બબાલ મોટી થતા બંને વચ્ચે ભવદીપ પડ્યો હતો અને છોડાવ્યો હતો. બરડાના ભાગે માર મારતા યુવકને ઇજાઓ થઇ હતી. જેને લઇને તેના રૂમમા ગયા બાદ એકા એક વામિટ કરવા લાગતા સારવાર અર્થે પહેલા ગાંધીનગર અને બાદમાં અમદાવાદ સિવિલમાં સારવાર અર્થે લઇ જવાયો હતો.

**યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.**

## ગાંધીનગર : સેક્ટર ૭ના બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો

ગુજરાત વંદન

શહેરના ભરચક વિસ્તાર ગણાતા સેક્ટર 7મા ચોરીનો બનાવ સામે આવ્યો છે. નિફ્ટમા ફરજ બજાવતા રીસર્ચ આસીસ્ટન્ટના સાસુ સહિતનો પરિવાર બહાર કામ અર્થે ગયો હોવાથી મકાન બંધ કરવામા આવ્યુ હતુ. તસ્કરોએ બંધ મકાનમા ફેરો કરતા 39 હજારની માલમત્તાની ચોરી કરી ગયા હતા.

મળતી માહિતી મુજબ રાકેશ જીતેન્દ્રભાઇ દવે (રહે, સેક્ટર 7ડી, ગાંધીનગર) ગાંધીનગરમા આવેલી નિફ્ટમા રીસર્ચ આસીસ્ટન્ટ તરીકે નોકરી કરે છે. તેમણે સેક્ટર 7 પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી હતી કે, તેમની સાસરી સેક્ટર 7એમા આવેલી છે. ત્યારે તેમના સાસુના ઘરે કામ કરતા રાજુએ ફોન કર્યો હતો કે, હુ શર્મિલાબેનના ઘરે કામ કરવા આવ્યો છુ, પરંતુ અહિંયા ઘરના દરવાજાનુ તાળુ તુટેલુ જોવા મળી રહ્યુ છે.

જેને લઇને રાકેશભાઇએ તેમની સાસુના મકાનની પડોશમા રહેતા હિરેનભાઇને ફોન કર્યો હતો. જેને લઇને તે પણ ઘરે ગયા હતા. પડોશીએ ઘરે જઇને જોતા ચોરી થઇ હોવાનુ કહ્યુ હતુ.

ત્યારબાદ જમાઇએ ચોરી થયેલા ઘરે જઇને સાસુને વિડીયો કોલ કરીને ઘર બતાવ્યુ હતુ. જેમા એક ચાંદીનો હાર, બે જોડ ચાંદીની પાયલ, ચાંદીના 3 સિક્કા, સોનાની નાકની ચૂની, એક કાંડા ઘડીયાલ સહિત કુલ 39 હજારની માલમત્તાની ચોરી કરી ગયાનુ સામે આવતા સેક્ટર 7 પોલીસ મથકમા ચોરીની ફરિયાદ નોંધાવતા તપાસ હાથ ધરી હતી.

# ગુજરાત વંદન

સંપાદકીય...

## લતાજીને ગીત-અંજલી....



લતા મંગેશકર પંચ મહાભૂતમાં વિલિન થઈ ગઈ પરંતુ તેનો સદા બહાર કોકિલ કંઠ અમર થઈ ગયો છે જબ કભી ભી સુનોગે ગીત મેરે સંગ સંગ તુમ ભી ગુનગુનગુઓગે...ની જેમ જ્યારે આપણે લતાજીનું ગીત સાંભળીશું ત્યારે તેની સાથે આપણે પણ સૂર મિલાવીશું. તેમના નિધન બાદ લાખો લોકોએ પોતાની રીતે અંજલી અર્પી છે. લતાજીનું એક ગીત તેમની આગવી ઓળખ સમાન છે- મેરી આવાજ હી મેરી પહચાન હૈ જોકે, તેમનું જ એક ગીત કે જે સાધના પર ફિલમાવામાં આવ્યું હતું તે- લગ જા ગલે કે...એક એવું અમર ગીત છે કે જો ધ્યાનથી એક ચિતે સાંભળીએ તો ભલ ભલાની આંખો અશ્રુભિની થઈ જાય. 'ગુજરાત વંદન' એ મહાન ગાયક કલાકાર લતાજીને આગવી શબ્દાજંલિ નહીં પણ ગીત-અંજલિ આપવાનો પ્રયાસ કરીને તેમના કંઠે ગવાયેલું આખુ ગીત રજૂ કર્યું છે....

लग जा गले कि फिर ये हसीं रात हो न हो
शायद फिर इस जनम में मुलाक़ात हो न हो
लग जा गले से ...

हमको मिली हैं आज, ये घड़ियाँ नसीब से
जी भर के देख लीजिये हमको क़रीब से
फिर आपके नसीब में ये बात हो न हो
फिर इस जनम में मुलाक़ात हो न हो
लग जा गले कि फिर ये हसीं रात हो न हो

पास आइये कि हम नहीं आएंगे बार-बार
बाहें गले में डाल के हम रो लें ज़ार-ज़ार
आँखों से फिर ये प्यार कि बरसात हो न हो
शायद फिर इस जनम में मुलाक़ात हो न हो

लग जा गले कि
फिर ये हस्सीं रात
हो न हो
शायद फिर इस
जनम में मुलाक़ात
हो न हो
लग जा गले कि
फिर ये हस्सीं रात
हो न हो



## આસ્થા-ધર્મ

### સંતે એક નાની છોકરીને મુઠ્ઠીભર માટીનું દાન કરવા કહ્યું



બાળકો તેમના ઘરમાં જે જુએ છે તેનું પાલન કરે છે. જો ઘરનું વાતાવરણ યોગ્ય ન હોય તો તેની અસર બાળકોના મન અને શરીર પર પણ પડે છે. એટલા માટે આપણે બાળકોની સામે એક આદર્શ વ્યક્તિનું જીવન જીવવું જોઈએ. બાળકોને હંમેશા સારા કાર્યો કરવા માટે પ્રેરિત કરવા જોઈએ. તો જ તેઓ મોટા થઈને સારા માનવી બની શકશે. બાળકોમાં નાનપણથી જ મૂલ્યોનો પાયો નાખવો જોઈએ. આજે અમે તમને એક એવી ઘટના જણાવી રહ્યા છીએ, જેનો સાર એ છે કે, બાળકોને શરૂઆતથી જ સારા કાર્યો માટે પ્રેરિત કરવા જોઈએ.

જૂના જમાનામાં એક સંત તેમના શિષ્ય સાથે ગામમાં ભિક્ષા માગતા હતા. આ દરમિયાન તેઓ એક ઘરની બહાર પહોંચ્યા. તેણે ભિક્ષા માટે બોલાવ્યા ત્યારે અંદરથી એક નાની છોકરી બહાર આવી. છોકરીએ સંતને કહ્યું કે "અમારી પાસે તમને આપવા માટે કંઈ નથી."

સંતે કહ્યું કે "દીકરી, ના ન પાડ, જો કંઈ ન હોય તો તારા આંગણાની થોડી માટી જ દાન કર."

નાની છોકરીએ તરત જ આંગણામાંથી મુઠ્ઠીભર માટી ઉપાડીને ભિક્ષા-વાસણમાં મૂકી. સંતે છોકરીને આશીર્વાદ આપ્યા અને આગળ વધ્યા. થોડે દૂર ચાલ્યા પછી શિષ્યએ સંતને પૂછ્યું કે "ગુરુજી, તમે ભિક્ષામાં માટી કેમ લીધી? તે અમારો કોઈ કામ નથી."

સંતે શિષ્યને સમજાવ્યું કે "આજે તે છોકરી નાની છે અને હવેથી ના પાડતા શીખી જશે તો મોટી થઈને પણ કોઈને દાન નહીં આપે. આજે તેણે દાનમાં થોડી માટી આપી છે, આનાથી તેમના મનમાં દાન આપવાની ભાવના જાગશે. ભવિષ્યમાં, જ્યારે તે મોટી થઈને શક્તિશાળી બનશે, ત્યારે તે ફળ, ફૂલ અને પૈસા પણ દાન કરશે.

બોધ

બાળકોને નાનપણથી જ સારા કાર્યો કરવાનું શીખવવું જોઈએ, તેમને સારા સંસ્કાર આપવા જોઈએ. જો તમે બાળપણથી જ તેમને સારા કાર્યો માટે પ્રેરિત કરશો, તો તેઓ મોટા થઈને સારા વ્યક્તિ બનશે અને ખરાબીઓથી બચશે.


---

ગાંધીજી-લતાજી-આઈન્સ્ટાઈન બાર બાર નહીં આતે..

# કિશોર-રફી-મુકેશે કહ્યું-ચલો, અબ ગીતો કી મહેફિલ સજાયે...

લતાજીને ભરપૂર શબ્દાંજલિ આર્પી અને સાથે તેમના નાનપણથી લઈને અંતિમ યાત્રા અને અંતિમ સસ્કારની તસ્વીરો તથા સમાચારો પોતાના વાચકો સુધી પહોંચાડ્યા. ભારતે કદાજ બીજીવાર એવુ જોયુ કે પોતાના માનીતાના અંતિ દર્શન માટે લોકો લાઇનો લગાવી હોય અને કલાકો સુધી રાહ જોઈ હોય. આઝાદી બાદ પહેલીવાર એવા દ્રશ્યો નવી દિલ્હીમાં ગાંધીજીના અંતિમ દર્શન અને અંતિમસંસ્કાર વખતે જોવા મળ્યા હોવાનું ઈતિહાસ કહે છે.






- દરેક મહાન હસ્તી સોંપેલુ કામ પુરૂ કરી, અલવિદા..
- સ્વર્ગલોક સે આઇ આવાજ- તુમ આ ગયે હો.. નૂર આ ગયા હૈ...
- જિંદગી કા સફર હૈ. યે કૈસા સફર..કોઇ સમઝા નહીં કોઇ જાના નહીં...!
- જબ કભી ભી સુનેંગે ગીત ઉનકે, સંગ


ભારતીય ક્રિકેટ ઇતિહાસની ઐતિહાસિક 1000મી વન ડે મેચના દિવસે જ બોલીવુડના આકાશમાંથી એક એવો સિતારો ખરી પડ્યો કે જે 1000મી વન ડેની તારીખની સાથે જોડાઇ ગયો...! 28 સપ્ટેમ્બર,1929થી શરૂ થયેલી એક મહામૂલી જિંદગીએ 92 વર્ષે 6 ફેબ્રુઆરી, 2022ના મુંબઇની એક હોસ્પિટલમાં પોતાનો સફર પૂરો કર્યો..જિંદગી કા સફર હૈ. યે કૈસા સફર..કોઇ સમઝા નહીં કોઇ જાના નહીં...!

ભલે આ ગીત લતાજીએ ન ગાયુ હોય પણ તેમના ગાયેલા અંદાજે 50 હજાર ગીતો પણ તેમની સાથે અજરાઅમર થઇ ગયા છે. 60-70 વર્ષની વયે ચાંદની શ્રીદેવી માટે મેરે હાથો મેં નૌ નૌ ચુડિયા હૈ... જેવા રોમેન્ટીક ગીતોની સાથે સાથે ભારતના લાખો વીર જવાનો જે ગીત સાંભળીને રીતસર રડી પડે છે ( અને ન રડે તો એ વીર જવાન જ ન કહેવાય) એ દેશભક્તિનું ગીત - અય મેરે વતન કે લોગો જરા આંખ મેં ભરલો પાની....જો શહીદ હુયે હૈ ઉનકી જરા યાદ કરો કુરબાની...સાંભળીને સામાન્ય લોકોની આંખો પણ અશ્રુભીની થઇ જાય છે તેમાં ગીતના શબ્દોની સાથે લતાજીએ એમાં ઉમેરેલી પોતાના દિલની દેશદાઝને કારણે ગીત અમર થયું છે...

વો કહતે હૈ ન કી, સદીઓમાં આવી એક હસ્તી આવે છે કે જે પોતાનું કામ પુરૂ કરીને જિંદગીના રંમંચ પરથી એક્ઝીટ લે છે. ગાંધીજી એવા જે એક મહાન હસ્તી હતા. જાણે કે તેમનો જન્મ ગુલામ ભારતને આઝાદ કરાવવા માટે જ થયો હોય તેમ ભારત 15 ઓગસ્ટ 1947માં આઝાદ થયું અને સાડા પાંચ મહિના બાદ 30 જાન્યુઆરી, 1948ના રોજ તેમની હત્યા સાથે એક આખો ગાંધી યુગ પૂરો થયો તેમ લતાજીની સાથે બોલીવુડના ગીતોનો એક સુવર્ણયુગ જાણે કે પૂરો થયો એમ જો કહીએ તો તે યોગ્ય જ ગણાશે. ભારતના તમામ નાના મોટા અખબારો અને હવે તો ડીજીટલયુગમાં ભારતની જાણીતી ન્યૂઝ પોર્ટલ ગુજરાતવંદનડોટકોમ અને નેટડાકિયાડોટકોમ સહિત તમામ પોર્ટલોએ લતાજીને ભરપૂર શબ્દાંજલિ આર્પી અને સાથે તેમના નાનપણથી લઇને અંતિમ યાત્રા અને અંતિંમ સસ્કારની તસ્વીરો તથા સમાચારો પોતાના વાચકો સુધી પહોંચાડ્યા. ભારતે કદાજ બીજીવાર એવુ જોયુ કે પોતાના માનીતાના અંતિં દર્શન માટે લોકો લાઇનો લગાવી હોય અને કલાકો સુધી રાહ જોઇ હોય. આઝાદી બાદ પહેલીવાર એવા દ્રશ્યો નવી દિલ્હીમાં ગાંધીજીના અંતિમ દર્શન અને અંતિમસંસ્કાર વખતે જોવા મળ્યા હોવાનું ઇતિહાસ કહે છે.

લતાજી-ગાંધીજીની જેમ આ પૃથ્વી પર ઘણી એવી મહાન હસ્તિઓ આવી અને પોતાનું કામ પૂર્ણ કરીને વિદાય લીધી. મહાન વૈજ્ઞાનિક આઇન્સ્ટાઇને આ જગતને અનેક સુખ સુવિધાના ઉપાયરૂપે નવી નવી શોધો આપી અને વિદાયમાન થઇ ગયા.

સ્ટીવ જોબ્સ. આજની 21મી સદીમાં સૌથી સલામત ગણાતા એપ્પલ મોબાઇલ ફ્રોન અને તેના અનેરા ફિચર્સની શોધ તેમણે કરી. 1955માં જન્મીને 2011માં વિદાય લીધી પણ તેમની શોધના પગલે એપ્પલ કંપની માલામાલ છે. ઇન્ટરનેટની શોધ પણ માનવ જાતના કલ્યાણ કરતાં સુખ-સુવિધા માટે વધારે છે. ઇન્ટરનેટ વગરની દુનિયા કલ્પી શકાય તેમ નથી. ફેસબુકની શોધ કરનાર માર્ક ઝુકરબર્ગ એક હસ્તી જ કહી શકાય. દુનિયાને સાવ નાની કરવામાં તેમનો ફાળો રહ્યો તેમ ભારતના મનોરંજન ક્ષેત્રે લતાજીએ અદભૂત કામ કર્યુ હતું. બીજી લતા હવે પેદા નહીં થાય..બીજા ગાંધીજી પેદા નહીં થાય એમ જેઓ આ દુનિયામાં આવ્યાં અને મહાન કાર્યો કરીને અલવિદા કહી ગયા તેમાં માનવ અવતારરૂપે જન્મેલા ભગવાન શ્રી રામ, યુગ અવતાર અને યુગપુરૂષ શ્રી કૃષ્ણ, ભગવાન બુધ્ધ, મહાવીર સ્વામી, મોહમ્મદ પયંગરબરસાહેબ, ઇશુ ખ્રિસ્ત માનજાતને મહાન ઉપદેશો આપીને જીવન જીવવાની સાદી અને સરળ પધ્ધતિ અને માર્ગ બતાવી ગયા. પણ તેમાંથી માનવી કેટલુ અનુસરણ કરે છે તે એક અલગ મનન-મંથન અને ચિંતનનો વિષય હોઇ શકે.



ભગવાન શ્રી રામ, યુગ અવતાર અને યુગપુરૂષ શ્રી કૃષ્ણ, ભગવાન બુધ્ધ, મહાવીર સ્વામી, મોહમ્મદ પયંગરબરસાહેબ, ઇશુ ખ્રિસ્ત અજરાઅમર થઇ ગયા છે. ભારત અને દુનિયા ગાંધીજીની સાથે લતાજીને પણ વિસરી શકે તેમ નથી. જ્યાં સુધી ભારતમાં મનોરંજનની દુનિયા રહેશે ત્યાં સુધી લતાજી મહંકા કરેંગી...જબ કભી ભી સુનોંગે ગીત ઉનકે સંગ સંગ હમ ભી ગુનગુનાયેંગે...ક્યોંકિ ઉનકી આવાજ હી પહેચાન હૈ...સ્વર્ગલોકમા કિશોરકુમાર, મન્નાડે, મોહમ્મદ રફી, મુકેશ, ગીતાબાલી, કે.એલ. સાયગલે લતાજીને ઉભા થઇને આવકાર્યા હશે અને કહ્યું હશે-ચલો ગીતો કી મહફિલ સજાયે...સૂરો કે તાર ઝનઝનાયે.. ક્યોંકિ તુમ આ ગયે હો..નૂર આ ગયા હૈ...

---

# દુ:ખની ધાર અને સુખનો હાથો...!

**ભીતરમાં પીડા દબાવી, હસતું મુખ રાખી સંતાન માટે જે ઘસાઈ જાય, પળે પળની પીડા પચાવી જાય તે પિતા જ સંત તુલ્ય ગણાય, દુ:ખ પોતાની પાસે રાખી જે સુખ સુરક્ષા વહેંચે છે તે સંત ગણાય.**

સુખ અને સુરક્ષા બીજાના હસ્તમાં સોંપી પોતે દુ:ખ લઈને પરહરે તે સંત ના હોય તો પણ સંત કહેવાને લાયક બની રહે છે. કાંટાની પીડા પચાવનાર માણસ સવાયો સંત ગણાય, કેમકે તેણે ફૂલોની લ્હાણી કરી કાંટાને ખિસ્સામાં સરકાવ્યા છે.

કોઈને દુ:ખ પસંદ નથી, બધાને સુખના સુખડની સુગંધ વ્હાલી છે. આપણે માતા-પિતાને શું કામ ઈશ્વર તુલ્ય ગણીએ છીએ? ઉત્તર સરળ છે, માતા-પિતા સંતાનો માટે દુ:ખ સહન કરે છે, પોતાના જીવનના અનેક આરોહ-અવરોહ વળોટી, કંઈક સંઘર્ષમય ચઢાણો પસાર કરી સંતાનોની ઝોળીમાં સુખ ઠાલવે છે.

જે માતા-પિતા રાતદિન સંતાનની જિંદગીને શણગારવા મથે છે, ઝઝૂમે છે, હરપળે ખડે પગે રહે છે તે માતા-પિતા ઈશ્વર સમાન જ બની રહે છે. બન્નેની ભૂમિકા જરાયે ઓછી નથી હોતી, પણ પિતાના સ્વરૂપને સમજવું સૌથી વધુ કઠિન ગણાય છે.

દર્દ પચાવી, મુખ હસતું રાખી સંતાનના ઉછેર પોષણ પાછળ પિતા જે ભોગ આપે છે તેનું વર્ણન કરવા માટે શબ્દો પણ ઓછા પડે. સાચા પિતા કદી રોદણા નહીં રડે. 'મેં આમ કર્યું અને મેં તેમ કર્યું' એમ કહી છલકાઈ નહીં જાય.

ભીતરમાં પીડા દબાવી, હસતું મુખ રાખી સંતાન માટે જે ઘસાઈ જાય, પળે પળની પીડા પચાવી જાય તે પિતા જ સંત તુલ્ય ગણાય, દુ:ખ પોતાની પાસે રાખી જે સુખ સુરક્ષા વહેંચે છે તે સંત ગણાય.

દુ:ખ પીડા, દર્દ અને કણસારને ખોબે ધરવા કોઈ તૈયાર નહીં થાય, બીજા દુ:ખ ખોબામાં ઝીલવા ખડેપગે રહે તેને સાચા સંત અથવા ઈશ્વર ગણવા પડે.

જે પિતા કેવળ આપવા જ ઈચ્છે છે તેને સાગર પેરો જ કહેવાય, બંધિયાર પાણીને છલકાવાનો હક નથી, દરિયાને બધું જ સમર્પિત દય જે હડી કાઢે તે સરિતા. હા, સરિતા જ સુખની વહેંચણી કરે છે, છીછરા ખાબોચિયા કે બંધિયાર તળાવનું એ કામ નહીં. આપે છે એ મહાન છે, લેનારની પાસે આપવાનું ગણિત મહદઅંશે, સગવડ અનુસાર જ સચવાયેલું રહે છે.

મનુષ્યને સુખ જ પસંદ હોય છે, મનપંસદ સુખની પ્રાપ્તિ માટે તેનું જાગરણ, અવિરત, નિરંતર, નિતાંત ઉપક્રમિત બની રહે છે. આ

## ઊર્જા ઉજાસની

**- નટવર ગોહેલ**

જાગરણ ભલે એને કટકેકટકે ઘસી નાખે,વેતરી નાખે પણ તેને તે ગમે છે.

જાગરણ લાંબાગાળે ઉજાગરો બની જાય તો મળેલું સુખ ધીમાઝેર જેવું બની રહી જાય છે, માણસ આખી જિંદગી સુખ મેળવવા પોતાની જાતને ખોતરતો રહે છે, બસ, સુખ જ સુખ, એ સિવાય એને કશું જ દેખાતું નથી. આવા માણસો પોતાના હિસ્સાનું સુખ કોઈનેય નહીં આપે, અરે તસુભાર સુખ પણ વહેંચવા તૈયાર નહીં થાય.

સુખ વહેંચવાનું કામ જે કેરે તે માનવ મહાન, આ એ માનવ છે જે જીવનનું સત્ય સમજી ગયો છે. તેના કાનમાં કેવળ એક જ વાક્ય પડઘાય છે, ' આપ મુઆ પીછે ડૂબ ગઈ દુનિયા!' આંખ બંધ, ખેલ ખલાસ. દુ:ખ જયાંનું ત્યાં, સુખ પણ ઠેરઠેરનું.

હા, જેણે જીવનમાં આપ્યું છે, કાયમ હાથ ઊંચો રાખ્યો છે, અને લેનારની હથેળીમાં ધર્યું છે તે લોકહૈયે ધબકાર બની રહે છે અને દરેકના હોઠ પર એક જ ઉદગાર બનીને રહી જાય છે : 'એ ઓલિયો હતો, ભલે ખાલી ગયો પણ ભર્યો ભર્યો ગયો' અર્થાત કે તે સુવાસ મૂકતો ગયો. એનો કાળ ગયો પણ કહેણી રહી ગઈ. જે સારી, ઉમદા, પ્રેરક કહેણી મૂકી આ ઈચ્છે છે એણે થોડામાંથી પણ થોડું આપવાની ટેવ પાડવી જોઈએ.

થોડા સુખમાંથી થોડું સુખ, અલ્પ સુખ, અંશભાર સુખ પણ આપી દેવાની દિલવારી જેના હૈયે પનપતી હશે તે જ સંતગુણી કહેવાશે. બાકી હાથે ઊંચકાયેલો કોળિયો તો પોતાના મુખ ભણી જ વળવાનો છે, માટે વહેંચવાનું સુખ માણસે માણવું જોઈએ. સુખ વહેંચનાર સુખી છે, લેનારને વાત જ શું કરવી? એણે લેવા માટે જ ધબકવાનું છે, જો લેનાર પણ ક્યારેક આપનાર બની જાય તો આ પરંપરા સુખનો સીમાડો જ રચી જાય.

એક નાની કથાનું અમૃત હૈયે ઝીલી લેજો, બેડો પાર થઈ જશે. રામકૃષ્ણ પરમહંસના પત્ની શારદામાં રસોડામાં ઓતપ્રોત હતાં, દરમિયાન સ્વામી વિવેકાનંદ જઈ પહોંચ્યા. તે વખતે રામકૃષ્ણ અવસવાન પામ્યા હતા.

'માતા, મને આશીર્વાદ આપો હું અમેરિકા જઈ રહ્યો છું' મા શારદા સન્મુખ હાથ જોડી સ્વામી વિવેકાનંદ ઊભા રહ્યા.

'અમેરિકા જઈ શું કરશો?' શારદામાએ સવાલ કર્યો. 'હું હિન્દુધર્મનો સંદેશો ફેલાવીશ' સ્વીમીએ તો સહજ રીતે ઉત્તર આપ્યો. પરંતુ મા કશું જ બોલ્યા નહીં, શાંત રહ્યાં. સ્વામી વિવેકાનંદ માના મુખારવિંદને તાકી રહ્યા. થોડો સમય પસાર થયો.

'પેલી શાક સુધારવાની છરી મને આપશો...?' માએ શાંત ચિતે છરી માગી. સ્વામી વિવેકાનંદ છરી ઉપાડી અને શારદા માને આપી. છરી આપતા સ્વામીજીના હાથ તરફ માએ દ્રષ્ટિ નાખી. તેમણે હોઠ મલકાવ્યા.

સ્વામીજીના હાથમાંથી છરી લેતા શારદા મા બોલ્યાં : 'જાવ' મારો તમને આશીર્વાદ છે.' આ પળે સ્વામીજીથી રહેવાયું નહીં, તેમણે આશ્ચય સહ કહ્યું : 'મા છરી ઉપાડવાને અને આશીર્વાદ આપવાને શો સંબંધ છે?'

શારદા મા એ કહ્યું : 'હું જોઈ રહી હતી કે તમે છરી કેવી રીતે ઉપાડીને મને આપો છો. કેટલાક લોકો છરી ઉપાડીને આપે ત્યારે હાથો પોતાની હાથમાં રાખે છે, પણ, તમે છરી ઉપાડી હાથો મારી તરફ અને ધાર તમારી તરફ રાખી મને છરી આપી. મને ખાતરી છે તમે તમારો ધર્મ સંદેશો સાંગોપાંગ વહેંચશો. જે દુ:ખ પોતાના માટે રાખે છે અને સુખ-સુરક્ષા અન્યને આપે છે તે સાચા સંત. તમે ધાર તમારી તરફ રાખી અને હાથો મારી તરફ ધર્યો, ધન્ય છે!'

વાચક, તમે ધાર તમારી તરફ રાખી શકશો?.

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL and Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015.

**ખંભાત પોલીસે નિભાવ્યો માનવ ધર્મ**

# દારૂનો અડ્ડો ચલાવતી કેન્સરગ્રસ્ત મહિલાની વ્હારે આવી ખાખી

## કેન્સરની સારવાર માટે મહિલા ચલાવતી હતી દારૂનો અડ્ડો

ગુજરાત વંદન



ખંભાતના ગ્રામ્ય વિસ્તારમાં ખાખીની માનવતા મહેકી છે. આમ તો પોલીસના કાયદાકીય કાર્યવાહીના ચહેરાથી મોટાભાગના લોકો વાકેફ હોય છે પરંતુ ખંભાત ગ્રામ્ય પોલીસે તેમનો અન્ય ચહેરો પણ પ્રકાશમાં લાવ્યો છે અને માનવતા હજી મરી પરવારી નથી તેનું શ્રેષ્ઠ ઉદાહર પુરૂ પાડ્યું છે.

ઘટના અંગે મળતી માહિતી પ્રમાણે, ખંભાત તાલુકાના કણઝટ ગામે 27 વર્ષીય મહિલા પોતાના પરિવાર સાથે રહે છે. પતિની છૂટક મજૂરી પર નિર્ભર પરિવાર જીવન ગુજરાતો હતો. ત્યાં 3 વર્ષ પહેલા મહિલાને પગમાં બીમારી થઈ. આ બીમારીમાંથી સાજા થવા માટે પરિવારે પોતોના મોટાભાગની સંપત્તિ ખર્ચી નાખી. પરંતુ મહિલા બીમારીમાંથી સ્વસ્થ થયા નહીં અને પરિવાર આર્થિક સંકડામણમાં ડૂબી ગયો.

બિમારગ્રસ્ત મહિલા અને આર્થિક સંકડામણમાં ફસાયેલા પરિવાર દેશીદારૂના ધંધા તરફ વળ્યો. આ દરમિયાન દારૂના ધંધા પર રોક લગાવવા પોલીસની તપાસ ચાલી રહી હતી ત્યાં ગત દિવાળીના સમયગાળામાં પોલીસના દરોડામાં આ સમગ્ર હકિકત બહાર આવી. ત્યારે પોલીસે તાત્કાલિક ખાનગી વાહનમાં મહિલાને અમદાવાદ સિવિલમાં રિફર કરી મહિલાની સારવાર કરાવી હતી. સિવિલ હોસ્પિટલમાં પીડિતાના પગનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. હવે આગામી દિવસોમાં કૃત્રિમ પગ નાખવામાં આવશે. વધુમાં છેલ્લા બે મહિનાથી પોલીસ દ્વારા આર્થિક તેમજ અન્ય સહાય પણ પુરી પાડવામાં આવી હતી. આ સિવાય સુરક્ષા સેતુ યોજના થકી પણ પરિવારને વધુ મદદ કરવામાં આવી હતી.

આ મામલે મહિલાએ જણાવ્યું કે, પોલીસે મને નવજીવન આપ્યું છે. અમારા પરિવાર માટે પોલીસ ભગવાન બનીને આવી છે. અમે સાહેબને વચન આપ્યું છે કે, અમે હવે દેશીદારૂના ધંધાની કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ કરીશું નહીં.

# સંખેડામાં ભુવાએ દુષ્કર્મ આચરતા વિધવા મહિલાનો આપઘાતનો પ્રયાસ

ગુજરાત વંદન



છોટાઉદેપુર જિલ્લાના સંખેડા પંથકમાં કોરોનાથી ચેપગ્રસ્ત વિધવા હોમ ક્વોરેન્ટાઈન દરમિયાન એક ભુવાના દુષ્કર્મનો ભોગ બની હતી. ત્યારબાદ ભુવા દ્વારા આપવામાં આવતી ત્રાસથી કંટાળી મહિલાએ આપઘાતનો પ્રયાસ કરતા પોલીસે ભુવાની સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

> ‘તારો પતિ મારા શરીરમા આવે છે’ કહી કોરોના ચેપગ્રસ્ત વિધવા મહિલા સાથે આચર્યું હતું દુષ્કર્મ

પ્રાપ્ત માહિતી અનુસાર સંખેડામાં રહેતી 33 વર્ષીય મહિલાના પતિનું કોરોનાની બીજી લહેર દરમિયાન મૃત્યું થયું હતું. જો કે, પતિના મિત્રએ ‘હું ભુવો છું, તારો પતિ મારા શરીરમાં આવે છે કહીને બળાત્કાર ગુજારતાં વિધવાએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

મહિલાને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. દરમિયાન ભાનમાં આવતા પોલીસે મહિલાના નિવેદનના આધારે ભુવાજી અને તેના સાથીદારો સામે ગુનો નોંધીને ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રંગીલા રાજકોટમાં બનશે સૂર સામ્રાજ્ઞી ‘લતા દીદી’નું મંદિર

> ગાયક કલાકાર ભૂપેન્દ્રભાઈ વસાવડાએ લતાજીનું મંદિર બનાવવાનો સંકલ્પ લીધો

ગુજરાત વંદન



સ્વર સમ્રાજ્ઞી લતા મંગેશકરનું રવિવારે દુ:ખદ નિધન થયું છે. તેના નિધન પર શોક વ્યક્ત કરીને રાજકોટના ગાયક કલાકાર ભૂપેન્દ્રભાઈ વસાવડાએ લતાજીનું મંદિર બને એ માટેનો સંકલ્પ લીધો છે.

લતાજી સાથેના પોતાનાં 68 વર્ષનાં સંસ્મરણો વાગોળ્યા’તા અને જણાવ્યું હતું કે તેમણે 12 વર્ષની ઉંમરે લતાજીના હસ્તે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. અમદાવાદમાં આયોજિત એક સુગમ સંગીત સ્પર્ધામાં તેને ભાગ લીધો હતો. ત્યારે લતાજીને તેનું ગીત પસંદ આવી જતાં તેની પાસે બીજું ગીત ગવડાવ્યું હતું અને તેનણે લતાજીના ઘરે ગણેશોત્સવમાં દર્શનનો લહાવો પણ લીધો હતો. 1954ની સાલમાં અમદાવાદમાં ગીત સ્પર્ધા હતી. તેમાં લતાદીદી જજ હતા. ત્યાર પછી તેનો લતાદીદી સાથેનો સંર્પક રહ્યો હતો. ગણેશોત્સવામાં ગણેશજી ઉપરાંત લતાદીદીના પણ દર્શન થતા હતા. ગણેશોત્સવ માટે પ્રસાદીમાં રાજકોટના પેંડા લઈને જતો હતો.’

મંદિર બનાવવા અંગે તેણે જણાવ્યું હતું કે તે 6 મહિનામાં નાનું કે મોટું જે શક્ય હશે એ મંદિર બનાવશે. મંદિરમાં લતાજીની મૂર્તિ સ્થાપિત કરશે. મંદિરથી સંગીતના સાધકો જોડાઈ શકશે. ભૂપતભાઇને જ્યારે ગોલ્ડ મેડલ મળ્યો હતો ત્યારે તેઓ 12 વર્ષના હતા, અત્યારે 80 વર્ષના છે.




ગુજરાતમાં કોરોના મૃતકોના પરિવાર જનોને સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે 50-50 હજાર રૂપિયાનું વળતર ચૂકવાઈ રહ્યું છે જોકે, સરકારી ચોપડે નોંધાયેલા કોરોના મૃત્યુના આંકડા કરતા વધારે મૃતકોના પરિવાર જનોને સહાય ચૂકવાય છે તેમ છતા કોગ્રેસ દ્વારા 4 લાખના વળતરની માગણી માટે ઠેરઠેર ધરણા પ્રદર્શનના ભાગરૂપે સાબરકાંઠામાં કોગ્રેસ વિરોધ પ્રદર્શન યોજ્યું તે પ્રસંગની તસ્વીર.

**કોરોનાના કારણે મુલતવી રખાયા બાદ**

# જૂનાગઢમાં ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા હવે ૨૦ ફેબ્રુઆરીએ યોજાશે

> ૧૮-૧૯મીએ તમામ સ્પર્ધકોના આરોગ્યની તપાસ થશે

ગુજરાત વંદન



કોરોનાના કારણે અગાઉ જાહેર થયેલી ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા મુલત્વી રહી હતી જે ફરી કોરોનાના કેસ ઘટી જતાં આગામી 20 ફેબ્રુઆરીનાં રાજ્યકક્ષાની સ્પર્ધા ગુજરાત રાજ્ય રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર દ્વારા જુનાગઢ વહીવટી તંત્રના ઉપક્રમે યોજાઈ રહી છે.

જૂનાગઢમાં ગત તા.6 ફેબ્રુઆરીના રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા યોજાવાની હતી પરંતુ ત્રીજી લહેરમાં વધતા કોરોના સંક્રમણના કારણે આ સ્પર્ધા મોકૂફ રાખવામાં આવી હતી. હાલ હવે કોરોનાની ગતિ ધીમે પડી છે ત્યારે રમત ગમત વિભાગ દ્વારા રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાની નવી તારીખ જાહેર કરી છે. જેમાં આગામી 20 ફેબ્રુઆરીના રોજ આ સ્પર્ધા યોજાશે..

સ્પર્ધામાં ભાગ લેવા માટે 18-19 ફેબ્રુઆરીનાં આરોગ્યની ચકાસણી કરવામાં આવશે. 18 ફેબ્રુઆરીના બપોરના 2 કલાકે તળપદા કોળી જ્ઞાતિની વાડી ભવનાથ ખાતે રિપોર્ટીંગ કરવામાં આવશે. 6 ફેબ્રુઆરીના ગિરનાર આરોહણ અવરોહણનું આયોજન કરવામાં આવેલ જે કોરોનાના કારણે નવી તારીખ 20 ફેબ્રુઆરીના

**ખંભાત પોલીસે નિભાવ્યો માનવ ધર્મ**

# રાજપરામાં દંપતીને માર મારી રોકડ,દાગીનાની લૂંટ



ગુજરાત વંદન

> વૃદ્ધ દંપતીએ પ્રતિકાર કરતાં સળિયા ઝીંક્યા, આધેડના બે દાંત પણ તૂટી ગયા

કોટડા સાંગાણીના રાજપરા ગામે રોડ કાંઠાના મકાનમાં મંગળવારે વહેલી સવારે બુકાનીધારી ચાર શખ્સએ બાજુના મકાનની અગાસીમાંથી આવીને રીતસર આતંક મચાવ્યો હતો અને લૂંટના ઇરાદે ધસી આવેલા શખ્સોએ વૃધ્ધ દંપતીને લોખંડના પાઇપથી બેફામ મારામારી કરી હતી, જેનો પ્રતિકાર કરવા જતા આધેડના બે દાંત તૂટી ગયા હતા અને તેમના પત્નીને મૂઢ ઇજા થતાં સારવારમાં ખસેડાયા હતા. લુંટારુંઓ રોકડ અને સોના ચાંદીના દાગીના મળીને કુલ 1.20 લાખની મત્તાની ચોરી કરીને નાસી જતાં નાનકડા એવા ગામમાં આ બનાવે ભારે ચકચાર મચાવી છે.

બનાવથી હતપ્રભ બનેલા દંપતીએ બુમાબુમ કરી મૂકતાં બાજુમા રહેતા પાડોશીએ દંપતીના રાજકોટ રહેતા પુત્ર અશ્વિનને જાણ કરી હતી. ચારેય શખ્સના ઓચિંતા હુમલાથી ફરિયાદીના ખભામાં અને મોંના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી અને બે દાંત પણ પડી ગયા હતા તો તેમના પત્નીને પણ મુંઢમાર લાગતાં તેમને હોસ્પિટલ ખસેડવા પડ્યા હતા. લુંટારૂઓ દાગીના અને રોકડ મળીને 1.20,500ની લૂંટ ચલાવીને નાસી ગયા હતા. આ મામલે પોલીસે એફએસએલની મદદથી લુંટારૂઓના સગડ મેળવવા આગળની તપાસ આરંભી છે.

# સૌરાષ્ટ્રનું સુરેન્દ્રનગર વીજચોરીમાં સૌથી મોખરે...!

ગુજરાત વંદન

પીજીવીસીએલ દ્વારા છેલ્લા કેટલાક સમયથી પાવરચોરી સામે આકરી કાર્યવાહી કરવામાં આવી છે. વીજકંપનીએ જાન્યુઆરી માસ દરમિયાન સૌરાષ્ટ્રના જુદા જુદા જિલ્લાઓમાં સઘન વીજચેકિંગ કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રના દરેક જિલ્લા પૈકી સૌથી વધુ સુરેન્દ્રનગર જિલ્લામાંથી 3.76 કરોડ રૂપિયાની પાવરચોરી માત્ર જાન્યુઆરી માસ દરમિયાન જ પકડવામાં આવી છે જ્યારે બીજા નંબરે કચ્છ-ભુજ જિલ્લામાંથી 3.72 કરોડની વીજચોરી પકડી પાડવામાં આવી છે. અત્યાર સુધી રાજકોટ અને કચ્છ-ભુજમાં સૌથી વધુ પાવરચોરી પકડાતી હતી પરંતુ જાન્યુઆરી-2022 દરમિયાન ચેકિંગ ઝુંબેશમાં આખા સૌરાષ્ટ્રમાંથી સૌથી વધુ પાવરચોરી કરવામાં સુરેન્દ્રનગર પ્રથમ અને બીજા નંબરે કચ્છ-ભુજ છે. ત્રીજા નંબરે મોરબીમાં 2.96 કરોડની પાવરચોરી પકડાઈ છે.

રાજકોટ શહેરમાં 1.51 કરોડની અને ગ્રામ્યમાં 1.28 કરોડની વીજચોરી પકડી છે. એક મહિના દરમિયાન સૌરાષ્ટ્રમાંથી 84275 વીજ કનેક્શન ચેક કરવામાં આવ્યા હતા જેમાંથી 10023 કનેક્શનમાં ગેરરીતિ પકડી હતી અને પાવરચોરી કરનારને દંડ ફટકારવામાં આવ્યો હતો. પીજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર વરુણકુમાર બરનવાલની સૂચના પ્રમાણે પીજીવીસીએલની સૌરાષ્ટ્રની વિભાગીય કચેરીઓ દ્વારા વીજચેકિંગ કામગીરી કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રના સંવેદનશીલ વિસ્તારોમાં હજુ પણ ચેકિંગ ડ્રાઈવથી પાવરચોરી કરનાર લોકોમાં ફફડાટ ફેલાયો છે.

# કોરોનામાં મા-બાપનું છત્ર ગુમાવનાર બાવન બાળકોને દસ-દસ લાખ મળશે

ગુજરાત વંદન

રાજકોટ જિલ્લા કલેકટર અરુણ મહેશ બાબુ દ્વારા કોરોના કાળમાં માતા પિતાનું છત્ર ગુમાવનાર ૫૨(બાવન) બાળકોને કેન્દ્ર તથા રાજ્ય સરકારની યોજનાઓ નો લાભ આપવા માટે પોસ્ટ ઓફિસમાં ખોલાવાયેલા કલેકટર સાથેના સંયુક્ત બેન્ક એકાઉન્ટની પાસબુક એનાયત કરવામાં આવી હતી.

> કલેકટરના હસ્તે પાસબુકનું વિતરણ, મુખ્યમંત્રી બાળ સેવા યોજના તથા પી.એમ. કૅર્સ ફોર ચિલ્ડ્રન સ્કીમ અન્વયે કામગીરી

કોરોના કાળમાં માતા-પિતાનું છત્ર ગુમાવનાર બાળકો યોગ્ય શિક્ષણ મેળવી સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ થઇ શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી બાળ સેવા યોજના તથા ભારત સરકાર દ્વારા પી.એમ. કૅર્સ ફોર ચિલ્ડ્રન સ્કીમ-૨૦૨૧ સ્કીમ અમલમાં મુકવામાં આવેલ હતી. જેના ભાગરૂપે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા તારીખ ૨૯ મે ૨૦૨૧થી શરૂ કરવામાં આવેલ. આ યોજનાનો ઉદેશ્ય કોવિડ-૧૯ સંક્રમણ દરમ્યાન જે બાળકોએ માતા-પિતા અથવા કાનુની વાલી અથવા દતક માતા-પિતા બન્ને ગુમાવ્યા હોય તેવા બાળકોનું સમાજમાં પુન:સ્થાપન કરવાનો હતો.

આ યોજના થકી બાળકોની વ્યાપક સંભાળ અને રક્ષણ સુનિશ્ચિત કરવા માટે અને આરોગ્ય વિમા દ્વારા તેમની સુખાકારીને તેમજ શિક્ષણ દ્વારા સશક્તિકરણ કરવા બાળકની ઉમર ૨૩ વર્ષ થાય ત્યાં સુધી રૂપિયા ૧૦ લાખની નાણાકીય સહાય આપવામાં આવે છે, જેના ભાગરૂપે કલેક્ટર અરૂણ મહેશ બાબુ દ્વારા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ગોસ્વામી તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી મિત્સુબેન જે. વ્યાસના માર્ગદર્શન હેઠળ આ યોજનાનો લાભ મેળવવા જે બાળકો પાત્રતા ધરાવતા હોય તેવા બાળકોને આઇડેન્ટીફાય કરી તેઓના પોસ્ટ ઓફિસમાં એકાઉન્ટ ખોલવાની કામગીરી કરવામાં આવી હતી.

# રાજસ્થાનથી સુરત જતી બસ નડિયાદ પાસે ૧૫ ફૂટ ખાડામાં જઈને પલટી




ગુજરાત વંદન

નડિયાદ કપડવંજ હાઈવે પર રાજસ્થાનથી સુરત જતી બસ પલટી ગઈ હતી. આ બસમા 50 મુસાફરો સવાર હતા. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહતી.

મોડી રાતે નડિયાદ કપડવંજ રોડ પર વીણા પાટીયા પાસે અકસ્માત સર્જાયો હતો. ખાનગી લક્ઝરી બસ રાજસ્થાન થી સુરત જઈ રહી હતી તે દરમિયાન વીણા પાટિયા પાસે અકસ્માત સર્જાયો હતો.

લક્ઝરી બસ પલ્ટી જતા સાઈડ પર આવેલ 15 ફૂટ ખાડામાં ખાબકી હતી. લક્ઝરી બસમાં 50 જેટલા પેસેન્જર સવાર હતા, સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. પરંતુ ત્રણ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા.

લક્ઝરી બસ પલ્ટી વાગતા એક પેસેન્જર બસમાં ફસાયો હતો. જેને ફાયર બ્રિગેડની ટીમ દ્વારા મહામહેનતે બહાર કાઢવામાં આવ્યો હતો

# દારૂના નશામાં ધૂત અમદાવાદની યુવતીએ આણંદના મંદિરમાં દારૂ છાંટ્યો

## પૂજારીએ નોંધાવી પોલીસ ફરિયાદ



ગુજરાત વંદન

શહેરના ઈશનપુરમાં રહેતી મહિલાએ આણંદમાં આવેલ મંદિરમાં દારુ છાંટ્યો હોવાની ઘટના સામે આવતાં ભારે ચકચાર મચી ગઈ છે. નશામાં ધૂત મહિલાએ દાવોલ ગામે આવેલ ખોડીયાર માતા મંદિરમાં દારૂ છાંટ્યો હતો. મંદિરના પુજારીએ મહિલા વિરુદ્ધ બોરસદ સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. મહિલાનો દારૂ છાંટતો વીડિયો પણ વાયરલ થયો છે.

બોરસદ દાવોલમાં મેલડી માતાના મંદિરમાં ગત છઠ્ઠી ફેબ્રુઆરીના રોજ સાંજે7.30 વાગ્યે અમદાવાદની બિનલ કૌશિશભાઇ શાહ (રહે. બી/302, પ્રિયદર્શની ટાવર, બોડકદેવ, તથા 01 શિવાની બંગ્લોઝ શ્યામલ, તથા 01 શિવાની બંગ્લોઝ શ્મામલ રો હાઉસ પાસે ઘોડાસર) મંદિરે આવી હતી. મંદિર સેવાપૂજા કરતાં વિઠ્ઠલભાઇએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે સમયે મહિલાના હાથમાં દારૂની અડધી ભરેલી બોટલ હતી. તેઓ નશામાં હતા. મંદિરમાં પ્રવેશતા તેમના વચ્ચે બોલાચાલી થઇ હતી. આમછતાં તેઓ મંદિરમાં પ્રલેશ્યા હતા અને તેમના હાથમાંની બોટલમાંથી દારૂ કાઢી ખોબો ભર્યો હતો. અને ખોબામાંથી તેના છાંટા મંદિરમાં નાંખ્યા હતા. અ અંગે પોલીસે ગુનો નોંધી મહિલાની ધરપકડની કવાયત ધરી છે.



# સાપ્તાહિક રાશિફળ



વાસ્તુ આચાર્ય તેમજ જ્યોતિષ આચાર્ય : કૌશલકુમાર ( મો.નં. ૯૯૭૯૧૭૪૭૫૧)

**મેષ (અ,લ,ઈ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે તમે તમારામાં આત્મવિશ્વાસની કમી અનુભવી શકો છો. જેના કારણે તમે કોઈ જરૂરી નિર્ણય લઈ શકશો નહીં. તેથી તમારે વિચારીને સમયસર યોગ્ય અને સ્પષ્ટ નિર્ણય લેવાની જરૂર છે. આ અઠવાડિયે તમને નાણાકીય જીવનમાં ભાગ્યનો સાથ મળશે, આ અઠવાડિયે તમારા જીવનમાં પરિવારના સભ્યોનું વિશેષ મહત્વ રહેશે.

**વૃષભ (બ,વ,ઉ)** શ્રી ગણેશ કહે છે અઠવાડિયું ઘણું સારું રહેવાની સંભાવના છે. કારણ કે આ સમયગાળા દરમિયાન ઘણા ગ્રહોની દૃષ્ટિ તમને તમારી આવક વધારવા અને તમારી સંચિત સંપત્તિમાં વધારો કરવાની ઘણી તકો પ્રદાન કરવાનું કામ કરશે. આ સપ્તાહ ઓફિસમાં સ્નેહ અને સકારાત્મક વાતાવરણ રહેશે. જેના કારણે તમે તમારા સહકાર્યકરોનો યોગ્ય સહયોગ મેળવીને તમારું કોઈપણ મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ કરી શકશો.

**મિથુન (ક,છ,ઘ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે ઓફિસમાં નોકરી કરતા લોકોને પૈસાની પ્રાપ્તિના કારણે સારો લાભ મળશે. ઉપરાંત જો તમે હજુ સારી નોકરી શોધી રહ્યા છો, તો આ અઠવાડિયે તમને સારી સંસ્થામાં સારા પગાર સાથે સારી ઓફર મળવાની સંભાવના છે. તેથી, આ સમયે દરેક તકનો યોગ્ય લાભ લેતા, તેને તમારા હાથમાંથી સરકી જવા ન દો.

**કર્ક (ડ,હ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયાના બીજા ભાગમાં, તમે કેટલાક મોટા નાણાકીય લાભો મેળવશો. જેના કારણે તમે નવું મકાન કે વાહન ખરીદવાની યોજના બનાવી શકો છો. ઘરના સભ્યો પણ નવી વસ્તુઓ ખરીદીને તમારાથી ખૂબ ખુશ દેખાશે. ઘરમાં ઉલ્લાસનું વાતાવરણ આ અઠવાડિયે તમારો તણાવ ઓછો કરશે. આવી સ્થિતિમાં, જરૂરી રહેશે કે તમે પણ આમાં સંપૂર્ણ ભાગીદારી લો.

**સિંહ (મ,ટ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય સામાન્ય કરતાં ઘણું સારું રહેશે. જેના કારણે તમે સારું સ્વાસ્થ્ય માણતા જોવા મળશે. આ અઠવાડિયું તમારી આર્થિક સ્થિતિમાં મોટા પ્રમાણમાં સુધારો લાવશે. આ અઠવાડિયે તમારી ભૂતકાળની મહેનત ફળશે અને સમયસર કોઈ મોટો પ્રોજેક્ટ પૂરો કરવા બદલ તમને તમારા ઉપરી અધિકારીઓ તરફથી પ્રશંસા અને પ્રમોશન મળશે.

**કન્યા (પ,ઠ,ણ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે તમે તમારામાં આત્મવિશ્વાસની કમી અનુભવી શકો છો. જેના કારણે તમે કોઈ જરૂરી નિર્ણય લઈ શકશો નહીં. જો તમે આ અઠવાડિયે તમારી આર્થિક સ્થિતિને મજબૂત કરીને પૈસા મેળવવા માંગો છો, તો તમારે તમારા પૈસા એવા લોકોની સલાહ પર જ લગાવવા જોઈએ.

**તુલા (ર, ત)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે તમારા કાર્યસ્થળ પર કોઈ મહત્વપૂર્ણ કાર્યમાં અવરોધ લાવી શકે છે. તેથી મુશ્કેલ પરિસ્થિતિઓમાં ફસાઈ જવાથી ડરશો નહીં, પરંતુ બહાદુરીથી તેનો સામનો કરો. કારણ કે પ્રતિકૂળતામાં તમારી ગભરાટ તમને માનસિક રીતે કમજોર બનાવવાની સાથે સાથે તમારી શારીરિક સમસ્યાઓને પણ વધારી શકે છે. મોટા જૂથમાં નાણાકીય ભાગીદારી આ સપ્તાહ તમારા માટે રસપ્રદ સાબિત થશે.

**વૃશ્ચિક (ન,ય)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે, તમારા પરિવાર પ્રત્યેની તમારી જવાબદારીઓને સમજીને, તમે પરિવારના સભ્યોની જરૂરિયાતોને મહત્વપૂર્ણ પ્રાથમિકતા આપશો. આ અઠવાડિયે તમને તમારા પ્રમોશનની દ્રષ્ટિએ ઘણી મોટી તકો મળવાની છે. જો કે, દરેક તકનો યોગ્ય વિચાર કરીને લાભ લેવાનો પ્રયાસ કરો.

**ધન (ભ,ધ,ફ,ઢ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે કેટલીક નાની સમસ્યાઓ ઊભી થતી રહેશે. આવી સ્થિતિમાં, પારિવારિક શાંતિ જાળવવા માટે, તમારે જરૂરી ગોઠવણો કરવાની જરૂર પડશે. આ દરમિયાન, પરિવારના સભ્યોને કંઈ પણ કહેતી વખતે, તમારા શબ્દો ખૂબ જ કાળજીપૂર્વક પસંદ કરો. આ અઠવાડિયે તમારે તમારી કારકિર્દીમાં પ્રગતિ કરવા માટે તમારી કુશળતા વધારવાની સાથે સખત મહેનત કરવી પડશે.

**મકર (ખ,જ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે, તમે તમારી સુખ-સુવિધાઓની વસ્તુઓ પર પૈસા ખર્ચી શકો છો, આ સમયે તમારી પાસે પૈસાની અછત નહીં હોય, તેથી ખર્ચ કરતી વખતે તમે વધુ વિચારતા જોવા નહીં મળે. આ રાશિના જે લોકો અભ્યાસ માટે વિદેશ જવા ઇચ્છુક હતા તેમને આ અઠવાડિયે વધુ પ્રયત્નો કરવા પડશે.

**કુંભ (ગ,સ,શ,ષ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયે સમાજના ઘણા મોટા લોકો સાથે મુલાકાત થઈ શકે છે. તમારે પણ આ તકનો યોગ્ય લાભ ઉઠાવવો પડશે. આ અઠવાડિયું કોઈ નવું કામ શરૂ કરવા અથવા ક્યાંક રોકાણ કરવા માટે યોગ્ય અને સારી રકમ બતાવી રહ્યું છે. તમારા માટે સારો નફો થવાની સંભાવના છે.

**મીન (દ,ચ,ઝ)** શ્રી ગણેશ કહે છે આ અઠવાડિયું ઘણું સારું રહેવાની સંભાવના છે. કારણ કે આ સમયગાળા દરમિયાન ઘણા ગ્રહોની દૃષ્ટિ તમને તમારી આવક વધારવા અને તમારી સંચિત સંપત્તિમાં વધારો કરવાની ઘણી તકો પ્રદાન કરવાનું કામ કરશે. તમારા કેટલાક એવા રહસ્યો અથવા રહસ્યો પરિવારના કોઈ સભ્યની સામે ખુલ્લી પડી શકે છે.

# " મા "

**ટૂંકી વાર્તા**

**લેખક: અશોકસિંહ એ. ટાંક**

એ નિમલ પ્લેનેટ ચેનલમાં એક પ્રોગ્રામ ચાલું હતો. આ ચેનલમાં પ્રાણીઓનાં જીવન અને વર્તન ઉપર ખૂબ જીણવટ ભર્યું અવલોકન આવે છે.શિકારી પ્રાણીઓ,શાકાહારી પ્રાણીઓ,પક્ષીઓ, જીવજંતુઓનાં જીવન પર ખૂબ ઉંડાણપૂર્વક નું સંશોધન આવે છે. કુદરતે ગોઠવેલ આહરકડી,"જીવ જ જીવનો આહાર" ખૂબ સારી રીતે બતાવે છે. મને આ ચેનલ જોવી ખૂબ ગમે.

વિલ્ડબિસ્ટ આફ્રિકાનાં જંગલનું એક હરણ અને જંગલી ગાયને મળતું આવતું પ્રાણી છે. તેનાં હજારોની સંખ્યામાં ટોળાં ચરતાં હોય.ચરતાં ચરતાં આગળ વધતાં જાય ને બધું ઘાસ ખલ્લાસ કરતાં જાય. તેની સંખ્યા એટલી મોટી હોય કે નાના શિકારી પ્રાણી તેનાં પર હુમલો કરવાનું પણ સાહસ ના કરી શકે.સિંહ જેવાં પ્રાણી જ તેનો શિકાર કરી શકે.

આવું વિલ્ડબિસ્ટનું ટોળું ચરતું હતું.એક સિંહણે જોયું .તે ટોળામાં પાછળ એક તાજા જન્મેલાં બચ્ચાં સાથેની મા પણ ચરતી હતી. સિંહણને આવું તરત ધ્યાનમાં આવી જતું હોય છે. સિંહની જાતી શિકાર ઉપર હોય ત્યારે ખૂબ સાવચેત હોય છે.એક એક પગલું ધીમે ધીમે મૂકે છે.અને પોતાની જાતને ઘાસમાં છુપાવી રાખી ખૂબ ધીમે પગલે શિકારની ખૂબ નજીક પહોંચી જાય છે. પછી એકાએક શિકાર પર હુમલો કરી દે છે.જેથી શિકારને ભાગવાનો ગાળો ના રહે.અને શિકારને દબોચી લે છે.

આજે સિંહણ શિકાર પર તો હતી પરંતુ તેને શિકારમાં રોજની માફક એકાગ્રતા નહોતી. તેણે પોતાની જાતને છુપાવવા કોશિશ ના કરી.પોતાની પુછડી ઊંચી નીચી કરી પોતાનો અણગમો પ્રગટ કર્યો. ઘડીક શિકાર તરફ ઝડપથી દોડવા લાગી તો વળી ઘડીક ઊભી રહી પાછી વળી. ઘડીકમાં ઘાસમાં આળોટવા લાગી. વળી ઊભી થઈ સડસડાટ કરતી દોડવા લાગી.

વિલ્ડબિસ્ટનું ટોળું સજાગ હતું. તેનાં તરફ એકાએક સિંહણનાં હુમલાને પામી ગયાં. ઝડપથી આગળ દોડવા લાગ્યાં. પરંતુ તાજું જન્મેલું બચ્ચું હજી પૂરું ઊભું પણ નહોતું રહી શકતું. તો ભાગી તો કેમ શકે? મા વિલ્ડબિસ્ટને તેનું બચ્ચું ત્યાં જ રહી ગયાં.બાકીનું ટોળું ત્યાંથી દૂર ભાગી ગયું.

જંગલી ભેંસોનું ટોળું હોય તો તેનાં સાથીને બચાવવાં ભેંસો સિંહ પર પણ વળતો હુમલો કરીને સાથીને સિંહનાં મોઢામાંથી પણ બચાવે છે. પરંતુ વિલ્ડબિસ્ટ આવું સાહસ કરતાં નથી. મા વિલ્ડબિસ્ટ બચ્ચાને છોડીને ભાગી નહિ.બચ્ચું ભય પારખી ગયું.જેમ તેમ કરી ઊભું થઈ ભાગવા પ્રયત્ન કર્યો પરંતુ તે ફરી પડી ગયું. મા વિન્ડબિસ્ટ સિંહણ સામે સામનો કરવા પ્રયત્ન કર્યો. પરંતુ સિંહણે તેનાં પર હુમલો કરતાં મા ગભરાઈને બચ્ચાને છોડી થોડી દૂર જઈ ઊભી રહી ગભરાટની મારી પગ પછાડવા લાગી ને ફૂફાડા મારવા લાગી. તેની આંખો ચકળવકળ થવાં લાગી. મા વિન્ડબિસ્ટ ખૂબ ડરેલી હતી.

હવે સિંહણે આસાન શિકાર એવાં બચ્ચાં પર હુમલો કરી દિધો. બચ્ચું માંડ માંડ ઊભું હતું.સિંહણ આવતાં તે નીચે પડી ગયું.મને લાગ્યું સિંહણ બિચારા નાજુક બચ્ચાને હમણાં ગરદન દબોચીને મારી નાખશે. પરંતુ આજે સિંહણ કંઇક જુદા મૂડ માં હતી. તે બચ્ચાંની બાજુમાં આવી બેસી ગઈ.બચ્ચું ઊભું થવાં પ્રયત્ન કરતું હતું.સિંહણે તેને પંજા વડે આધાર આપી ઊભું કર્યું. બચ્ચું ડરનું માર્યું ફરી લથડીને સિંહણની ઉપર પડ્યું.આ બધી અફડાતફડી જોઈ મા વિન્ડબિસ્ટ સિંહણ પર હુમલો કરવાં ધસી આવી. સિંહણે તેનાં પર વળતો હુમલો કરતાં તે ફરી દૂર ભાગી ગઈ.

હવે સિંહણ ફરી આ બચ્ચાં પાસે આવી તેને ધીમે ધીમે પંજા મારવા લાગી.પરંતુ આવા પ્રહારથી શિકાર ઘાયલ પણ ન થાય. આ જોઈ ફિલ્મ ઉતારી રહેલો કેમેરામેન પણ નવાઈ પામી ગયો.સિંહણનો આ દયા ભરેલો વ્યવહાર નવાઈ પમાડનાર હતો. જો કે ફિલ્માંકન કરતાં આ લોકો ક્યારેય શિકાર કે શિકારીને મદદ નથી કરતાં.આ તો જંગલનો ને કુદરતનો કાયદો છે. તેમાં બળુકા જીતે.

આ સિંહણ પણ બે બચ્ચાની મા હતી. હજી બે દિવસ પહેલાં તે તેનાં બે બચ્ચાને એકલાં મૂકી શિકારે ગઈ ત્યાં હાઈના (ઝરખ) એ તેને મારી નાખ્યાં. આખો દિવસ રઝળપાટ કરવાં છતાં પોતાનાં બચ્ચાં ન મળવાથી સિંહણ આજે ખૂબ અપસેટ હતી. ભૂખ લાગતા શિકારની શોધમાં આ વિન્ડબિસ્ટનું બચ્ચું મળી ગયું. પરંતુ કેમ આજે સિંહણ તેને મારતી ન હતી. જાણે કેમ સિંહણને આ બચ્ચામાં પોતાનું બચ્ચું દેખાતું હોય તેમ લાગતું હતું. ધીમે ધીમે બચ્ચાને પણ હવે આ સિંહણની બીક ઓછી થઈ ગઈ હતી.

એક ઝાડનાં છાયડે વિન્ડબિસ્ટનું બચ્ચુંને સિંહણ બાજુબાજુમાં બેસી ગયાં. સિંહણ પેલાં બચ્ચાને છાંટવા લાગી ને બચ્ચું સિંહણને પોતાની મા સમજી દૂધ પીવા સિંહણનાં પેટે મોઢાં મારવા લાગ્યું. આ અદ્ભૂત દૃશ્ય હતું. કેટલાંય કલાકો સુધી આવું હેત વરસાવવાનું ચાલ્યું.અચાનક સિંહણનું માતૃત્વ ઉભરાવા લાગ્યું.તે ઊભી થઈ ગઈ. મને લાગ્યું હવે તે બચ્ચાંને મારી નાખશે.પરંતુ તેણે બચ્ચાની નજીક આવી તેને ફરી ચાટવા લાગીને બચ્ચાને છોડીને ચાલવા લાગી.

બચ્ચું ઘડીક તેની પાછળ ચાલ્યું. પરંતુ પછી તે ઊભું રહી ગયું ત્યાં સામે જ રઘવાય થઈ ઊભેલી મા વિલ્ડબિસ્ટ દોડીને બચ્ચાં પાસે આવી ગઈ. ને બચ્ચાને ચાટવા લાગી.બચ્ચું પણ ક્યારનું ભૂખ્યું હતું.તે મા ને આવમાં માથા મારતું મા ને ધાવવા લાગ્યું.ઘડીકમાં તો દૂધનાં ફીણનાં ફોહા બચ્ચાનાં મોઢે વળી ગયાં. મા બચ્ચાને એક ધારી ચાટી રહી હતી. સિંહણ દૂર ઊભી રહી જોઈ રહી હતી. માતૃત્વનું આ દ્રશ્ય આજે પણ મને યાદ આવતાં આંખો ભીંજાય જાય છે.

" મહાહેત વાળી, દયાળી જ મા તું "

## અનંત...

(પહેલા પાનાનું ચાલુ)

હુમલાઓ દ્વારા પોતાના કાવતરાને અંજામ આપી રહ્યા છે.તે જ સમયે, આતંકવાદીઓના ગ્રાઉન્ડ નેટવર્કને નષ્ટ કરવા માટે ઘણી એજન્સીઓ સાથે મળીને કામ કરી રહી છે. NIA, ED, CBI, સ્થાનિક પોલીસ ઉપરાંત અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓ ગ્રાઉન્ડ નેટવર્કને તોડી પાડવા અને નાણાકીય સ્ત્રોતો, હવાલા ફંડિંગ સામેની કાર્યવાહીમાં સામેલ છે.

## બોમ્બ...

(છેલ્લા પાનાનું ચાલુ)

કરવા સમય આપવામાં આવે સામે પ્રોસિક્યુશ દ્વારા રજુઆત કરાઈ કે દોષીતોએ જઘન્ય અપરાધ કર્યો છે. તેને મહત્તમ સજા થવી જોઈએ, પ્રોસિક્યુશ દ્વારા રાજીવ ગાંધી હત્યા કેસના ચુકાદાનો કોર્ટમાં રેફરન્સ અપાયો હતો. પ્રોસિક્યુશને કોર્ટને રજુઆત કરી કે વાલ્મિકીઓ રોજ નથી થતા કે જેમનામાં સુધારાનો અવકાશ હોય. પ્રોસિક્યુશને રજુઆત કરી કે આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ, સુરંગ કાંડ જેવી બાબતો પણ કોર્ટે ધ્યાને લેવી જોઈએ.

કોર્ટે કહ્યું કે બચાવ પક્ષના વકીલો જેલમાં બંધ દોષીતોની મુલાકાત લે. તેમનો પક્ષ જાણે અને બાદમાં કોર્ટમાં રજુઆત કરે. જયપુર, બેંગલુરું, ગયા, ભોપાલ અને અન્ય જેલોમાં બંધ કેદીઓની મેડિકલ ડિટેલ અને અન્ય ડોક્યુમેન્ટ્સ સાબરમતી સેન્ટ્રલ જેલ પર મોકલી આપવા કોર્ટે નિર્દેશ આપ્યા છે આ સાથે 11 તારીખે સજાના ઓર્ડર માટે કોર્ટ સુનાવણી કરશે એવું મૌખિક અવલોકન કર્યું હતું.

## ભણે...

(છેલ્લા પાનાનું ચાલુ)

મરતી બતાવવાને બદલે હેપ્પી એન્ડીંગવાળો પ્લોટ લઇને આખી વાર્તા લખી નાંખી...!

મકરબાની ડીએવી શાળામાં ભણતી જાનુશી કહે છે- મને દરિયો ખૂબ ગમે છે, દરિયામાં રહેતી મત્સ્યકન્યા ખૂબ ગમે છે તેથી એ વાર્તામાં તેનો ખરાબ એન્ડીંગ મને ના ગમ્યો અને મેં નવેસરથી વાર્તા લખી. ત્યારથી હું નવી નવી વાર્તાઓ લખવા માંડી અને મારી કલ્પનાના એક ટાપુ કે શહેર કે નગરમાં મારી કલ્પનાના પાત્રોને લઇને વેન્ચર ઓફ જેમલેન્ડ નામના ત્રણ પુસ્તકો લખ્યા તે ઉપરાંત પુનર્જન્મને લઇને ધી હ્યુઝ ઓફ સમસારા નામનુ પુસ્તક પણ લખ્યું.

મારા નાના દિનેશભાઇ પૂજારા મને વાર્તા કહેતા, કલ્પા કરીને નવી નવી વાર્તાઓ સંભળાવતા તેમાંથી મને એમ લાગ્યું કે હું પણ કંઇક લખુ અને નાની નાની વાર્તાઓ અંગ્રેજીમાં લખવાની શરૂઆત કરી, એમ જાનુશીએ જણાવીને ઉમેર્યું કે મારી તમામ વાર્તાઓએ મારી કલ્પનાની દુનિયા પર આધારિત છે,. અને તેને લઇને મને ઘણાં એમ કહે છે કે કાલ્પિનિક ન લખ, સાચી ઘટના પર લખ. પણ મને એ ન ગમે. આખરે માનવી કલ્પના કરે તો જ આગળ વધે ને. માનવીએ પક્ષીની જેમ ઉડવાની કલ્પના કરી તો વિમાનની શોધ થઇ અને આજે એ ટેકનોલોજીના આધારે માનવી મંગળ સુધી પહોંચી શક્યો. એક પુસ્તક લખવા માટે જાનનુશીએ 1600 પેજનું હોમવર્ક કર્યુ હતુ, એમ તેની માતાએ જણાવ્યું.

તને આ બધી કલ્પનાઓ અને લખવાનું ક્યાંથી સુઝે છે એવા સવાલના જવાબમાં જાનુશીએ કહ્યું કે મને મારા અંતરમનથી સ્ફૂરણા થાય છે કે હું કાંઇક નવુ નવુ લખુ. મારી પાસે 25થી 27 વાર્તાઓના પ્લોટ તૈયાર છે અને તેને આખરી સ્વરૂપ આપીશ ત્યારે વધુ પુસ્તકો પ્રસિધ્ધ થશે. માનવીએ કલ્પના કરવી જ જોઇએ. સામાન્ય વિચારશક્તિથી ઉપર ઉઠીને નવુ વિચારીએ તો કંઇક નવુ થાય. મારી કલ્પના પાત્રો વિવિધતામાં એકતામાં માને છે. સૌ સમાન છે. ભલે સૌ વિવિધ ધર્મી હોય પણ આખરે તો એક જ માળાના મોતી છે. મારી એક આગામી પુસ્તકમાં મારા પાત્રો પૃથ્વી પરથી ટ્રન્સપોર્ટ થઇને બીજા ગ્રહ પર જાય છે અને ખરાબ તત્વોસામે લડે છે.

તમે એલિયનમાં માનો છો કે કેમ એવા એક સવાલના જવાબમાં જાનુશીએ કહ્યું કે હાં, એલિયન છે અને તેમની ભાષા પણ છે...! એલિયન કેવા દેખાય છે તેના જવાબમાં જાનુશીએ આંખો બંધ કરીને કહ્યું- તે માનવી જેવા જ લાગે છે, તેમના ચહેરા રંગીન છે અને તેની ઉંચાઇ માનવી કરતાં ઉંચી કે નીચી નથી.

મારે ડોકટર થવુ છે પણ રિસર્ચના ફિલ્ડમાં જવુ છે અને દરિયાની નીચે રહેલી જીવસૃષ્ટિનો અભ્યાસ કરવો છે.

મહાન સર્જકો ની માનસ વાચનારી 13 વર્ષ ની બાળકી જાનુશી રાજેન્દ્રભાઈ રાઈચુરા ક્યારે પોતીકુ સર્જન કરતી થઈ ગઈ તે એક મોટુ સુખદ આશ્ચર્ય હતું તેના પરિવાર માટે....પણ તેના થી પણ મોટુ આશ્ચર્ય ત્યારે થયું કે તેણે જાતે જ ચેન્નઇની "નોશનપ્રેસ"ના સેલ્ફ પબ્લીશીંગ ના માધ્યમ દ્વારા તેણે પોતાના બધા જ પુસ્તકો જાતે બહાર પાડ્યા. જેમા કવર પેજ, જોડણીની ભૂલો, ફ્રોન્ટ સાઇઝ, બુક સાઇઝ વગેરે જાતે જ મહેનત થી કરવાનું હોય છે. પુસ્તકો ની ઘણી બધી કોપીઓ વેચાઇ અને ઘણા બધા પ્રશંસા ના મેસેજ મળ્યા બાદ તે ખૂબ જ ખુશ થઇ ગઈ અને બમણા ઉત્સાહ થી લેખનકાર્યમા લાગી ગઈ છે.

જાનુશીને ભારત સરકાર તરફથી પણ "Youngest to write fiction books on illusion and magic world" નો અવોર્ડ મળ્યો છે. તેને એશિયા બૂક તરફથી 'GrandMaster'નું ટાઈટલ મળ્યુ છે.આટલી નાની ઉંમરમાં તે August month મા National magazine 'iNTELLY JELLY" ની Chief Budding Guest Editor બની.તેણે ઘણી વખત એન્કરિંગ પણ બહુ સરસ રીતે કર્યું છે.

ગુજરાત સરકાર દ્વારા તેને તત્કાલિન મુખ્યમંત્રી વિજય રૂપાણીના આશિર્વાદ મળ્યા અને ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી. આ ઉપરાંત ઘણી બધી સંસ્થાઓ દ્વારા ઘણીવાર તેણી ને સન્માન પ્રાપ્ત થયું છે.

## અસિત વોરાની ભારે વિવાદ પછી વિદાય, એ.કે.રાકેશને સોંપાયો ચાર્જ

ગુજરાત વંદન

પેપરલીંક કૌભાંડ બાદ આખરે સરકારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન આસિત વોરા પાસેથી રાજીનામુ લઇ લીધુ છે. તા.20મી માર્ચે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાનારી હેડકલાર્કની પરીક્ષા યોજાય તે પહેલા જ આસિત વોરા પાસેથી રાજીનામુ લઇ લેવાયુ છે. પરીક્ષાર્થીઓનો વિરોધવંટોળ ખાળવા રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે.

કમલમથી આદેશ છૂટતાં જ આસિત વોરાએ મુખ્યમંત્રીને રાજીનામુ ધર્યુ હતું. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દરા લેવાતી પરિક્ષાઓમાં પ્રશ્નપત્ર ફુટવાની ઘટનાએ ભાજપ સરકારની પ્રતિષ્ઠા ખરડી નાંખી હતી કેમકે, હેડ કલાર્કની 186 જગ્યાઓ માટે ડિસેમ્બરમાં પરીક્ષા યોજાઇ હતી પણ પ્રશ્નપત્ર ફુટતા સરકારે પરીક્ષા રદ કરવી પડી હતી. આ પેપરલીક કૌભાંડના કારણે રાજ્યભરમાં હોબાળો મચ્યો હતો. એટલું જ નહીં, કોંગ્રેસ-આપે પણ આસિત વોરાના રાજીનામાની માંગ કરી હતી. થોડા દિવસ પહેલાં આપ નેતા યુવરાજસિંહે સરકાર સામે સવાલો ઉઠાવી એવો આરોપ મૂકયો હતોકે, હજુ પેપર ફુટી શકે છે, વચેટિયાઓ ઓએમઆર સીટમાં સેટિંગ કરીને નાણાં ઉઘરાવી રહ્યા છે. પેપરલીક કૌભાંડ બાદ ખાસ કરીને પરીક્ષાર્થીઓમાં ભારે આક્રોશ ઉઠયો હતો. પરીક્ષાર્થીઓમાં જાણે સરકારી પરીક્ષાઓ પરથી ભરોસો રહ્યો ન હતો. હજારો પરીક્ષાર્થીઓનો વિરોધ વંટોળ ખાળવાના ભાગરૂપે જ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન આસિત વોરાનું રાજીનામુ લઇ લેવા નક્કી કરાયુ હતું. આસિત વોરાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રાજીનામુ ધર્યુ હતું. સરકાર દ્વારા ગૌણ સેવા પસંદગી મંડળનો ચાર્જ એ.ક. રાકેશને સોંપવામાં આવ્યા છે. જેમા આસિતવોરાએ રાજીનાનું આપ્યાના તુરંત બીજા દિવસે તેમને ચાર્જ સોંપી દેવામાં આવ્યો છે.

અત્રે નોંધનીય છે કે હેડ ક્લાર્ક પેપર લીક કાંડના પગલે વોરા સામે આરોપો મુકવામાં આવ્યા હતા. આપ પાર્ટીના યુવરાજ સિંહ જાડેજા દ્વારા પુરાવા સાથે સાર્વજનિક બાબતો આવતા સરકાર મુશ્કેલીમાં મુકાઈ હતી. ત્યાર બાદ ફરી થી પેપર લીક થતા આખરે વોરાને દૂર કરવાનું નક્કી કરવામાં આવ્યુ હતું.

# ફરીને આવ્યો વસંત, ના..ના.. વેલેન્ટાઈન ડે, યુવા હૈયાઓમાં નવો થનગનાટ - ડે..!

**વસંત પંચમી પર્વ પર બોલિવૂડમાં બન્યું છે માત્ર એક જ ગીત - આય ઝુમકે બસંત ઝુમો નયે રંગમે...**



ગુજરાત વંદન

20-25 વર્ષ પહેલા વેલેંટાઈન ડે એટલે શું તેની વશરામપુપરા ગામના યુવાનોને ખબર નહોતી મુંબઈ જેવા કોશ્મોપોલિટન શહેરો પરંતુ આ દિવસોનું મહત્તવ રહેતું હતું ભારતની ઋતુઓમાં યુવા પ્રમેને આવકારવાનો પર્વ એટલે વસંત પંચમી ફિલ્મ ઉપકારમાં તેના પરથી એક ગીત પણ બન્યું છે - આય ઝુમકે બસંત ઝુમો નયે રંગમે... બોલિવૂડની ફિલ્મોમાં હોળી અને રક્ષાબંધન પર ગીતો જોવા મળે છે પરંતુ વસંત ઋત્તુ કે વસંત પંચમી પર માત્ર આ એક જ ગીત મનાઈ છે. વસંત પંચમી અંગે આજની નવી પેઢી ભાગ્યેજ કંઈક જાણીતી હશે પરંતુ 10માં ધોરણાં ભણતા વિદ્યાર્થીને આજે ફ્રેન્ડશીપ ડે વેલેન્ટાઈન તારીખ યાદ હોય છે તેનું કારણ વેલેંટાઈન ડેનો વ્યવસાયિક ધોરણે પ્રચાર-પ્રસાર અને સોશિયલ મીડિયા જવાબદાર છે.

> ૭મી ફેબ્રુઆરીથી શરૂ થઈ છે પર્વની ઉજવણી

આજના યુવાનોએ પશ્ચિમ સંસ્કૃતિ અને પર્વને અપનાવી લીધો છે.14 ફેબ્રુઆરીના એક સપ્તાહ પહેલાથી દીપોત્સવના પ્રવની જેમ ઉજમણી શરૂ થઈ જાય છે. સાત દિવસ અલગ-અલગ દિન તરીકે ઉજવનાય છે જે આ પ્રમાણે છે. ફેબ્રુઆરીને પ્રેમનો મહીનો કહે છે 14 ફેબ્રુઆરીને વેલેંટાઈન ડે છે એટલે પ્રેમ કરનારોના દિવસ પણ 7 ફેબ્રુઆરીથી જ રોઝ ડે, ચોકલેટ ડેની રીતે જુદા-જુદા દિવસોની શરૂઆત થઈ જાય છે. જાણો છો 14 ફેબ્રુઆરીથી પહેલા કયાં-ક્યાં સ્પેશલ દિવસ આવે છે અને તે દિવસનો શું મહત્વ હોય છે.

### પ્રેમને વ્યક્ત કરવાના વિવિધ દિવસો

ગુજરાત વંદન

7 ફેબ્રુઆરી રોઝ ડે -(7-ફેબ્રુઆરી): વેલેંટાઈન વીકની શરૂઆત ગુલાબ આપવાથી શરૂ હોય છે. આ દિવસે તમે જેને પણ પસંદ કરો છો, તેને ગુલાબ આપી શકો છો. રોઝ ડે પ્રેમ અને સુગંધથી ઉજવાય છે.

પ્રપોઝ ડે (8 ફેબ્રુઆરી): આ વેલેંટાઈન વીકનો બીજો દિવસ હોય છે. આ દિવસે છોકરો જેને પ્રેમ કરે છે, તેને પ્રપોજ કરે છે.

ચાકલેટ ડે (9 ફેબ્રુઆરી) : ચાકલેટ ખાવી કોને પસંદ નહી હોય. આ દિવસે પાર્ટનરને ચાકલેટ ખવડાવી પ્રેમ જાહેર કરે છે.

ટેડી ડે (10 ફેબ્રુઆરી): છોકરીઓને ટેડી બહુ પસંદ હોય છે. આજના દિવસે તમારી ગર્લફ્રેંડને ટેડી ગિફ્ટ આપી તેને સ્પેશલ લાગણી કરાવો.

પ્રોમિસ ડે (11 ફેબ્રુઆરી) પ્યારનો રિશ્તા વિશ્વાસ પર ટકેલો હોય છે. આ દિવસે તમે તમારા પાર્ટનરને વાદો કરી શકો છો. પણ એ વાયદો કરવું જે તમે નિભાવી શકો.

હગ ડે (12 ફેબ્રુઆરી): વેલેંટાઈન ડેના માત્ર બે દિવસ પહેલા જ ઉજવાય છે. આ દિવસે પાર્ટનરને ગળા લગાવીને તેને પ્રેમનો અનુભવ કરાવો.

કિસ ડે (13 ફેબ્રુઆરી): વેલેંટાઈન ડેના એક દિવસ પહેલા કિસ ડે આવે છે. આ ડે વિશ્વભરમાં જુદા-જુદા રીતે ઉજવાય છે. આ દિવસે તમે પાર્ટનરને કિસ કરીને પ્યાર કરો.

વેલેંટાઈન ડે 14 ફેબ્રુઆરી): વેલેંટાઈન ડે આખરે જે દિવસનો દુનિયાભરના કપલ્સ રાહ જુએ છે એ દિવસ હોય છે. આ દિવસ હોય છે જે દિવસે પ્રેમી તેમની પ્રેમિકાની સામે તેમની ભાવનાઓને વ્યક્ત કરે છે. તમે પણ કઈંક ખાસ કરીને આ દિવસ ને યાદગાર બનાવી શકો છો.

## પહેલી...

(પહેલા પાનાનું ચાલુ)

મંત્રી નરેન્દ્ર મોદીએ તેમને તૈયારી માટે સમય આપ્યા વિના.

ઉત્તરપ્રદેશના બાગપતના બડૌતનગરમાં એક ચંપલના હોલસેલ વેપારીએ ફેસબુક લાઈવ કરીને આત્મહત્યા કરવાની કોશિશ કરી હતી. ટેક્સ સિસ્ટમ અને ધંધામાં નુકસાન જવાને પગલે વેપારીએ આત્મહત્યાનું પગલું ભર્યું હતું. લાઈવ વીડિયોમાં વેપારીને બચાવવાની કોશિશ કરી રહેલી તેમની પત્ની જોવા મળી રહી છે. જોકે વેપારી લોકોને વીડિયો વાઈરલ કરવાની અપીલ કરતાં-કરતાં જમીન પર પડી જાય છે.

બડૌતના કાસિમપુર ખેડી ગામના રહેવાસી રાજીવ તોમર છેલ્લાં 5 વર્ષથી સુભાષનગરમાં પત્ની પૂનમ અને બે પુત્રો વિપુલ અને રિધમની સાથે રહે છે. તેમની બાવલી રોડ પર ચંપલની દુકાન છે. તેઓ હોલસેલ વેપારી છે. છેલ્લા થોડા મહિનાથી તેઓ મંદીનો સામનો કરી રહ્યા હતા. ખર્ચ ચલાવવા માટે તેમને આજબાજુના દુકાનોવાળા પાસેથી પૈસા લેવાની ફરજ પડી હતી. આજે રાજ્યમાં ચૂંટણી પહેલા એક અવ્યવસ્થિત ઘટના પછી,

આત્મહત્યા અંગેના ડેટા સાથે, સરકારે વધતી જતી માનસિક વિકૃતિઓ સામે લડવા માટે લેવામાં આવતા પગલાઓની સૂચિબદ્ધ કરી: "સરકાર રાષ્ટ્રીય માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ (NMHP) ના અમલીકરણને અમલમાં મૂકી રહી છે અને તેને સમર્થન આપી રહી છે. જિલ્લા માનસિક આરોગ્ય કાર્યક્રમ (DMHP) નો ઉલ્લેખ. "કાર્યક્રમનો હેતુ શાળાઓ અને કોલેજોમાં આત્મહત્યા નિવારણ સેવાઓ, કાર્યસ્થળે તણાવ વ્યવસ્થાપન, જીવન-કૌશલ્ય તાલીમ અને કાઉન્સેલિંગ પ્રદાન કરવાનો છે. તેમણે એમ પણ કહ્યું કે બેરોજગારીનો સામનો કરવા માટે, સરકારે રોજગાર સર્જન અને સામાજિક સુરક્ષા લાભોને પ્રોત્સાહિત કરવા માટે ઘણા કાર્યક્રમો પણ શરૂ કર્યા છે.

## રાજકીય..

(પહેલા પાનાનું ચાલુ)

મામલો બહાર લાવ્યા. સરકારમાં રજૂઆત કરી પરંતુ આ કલેકટર હરિયાણામાં એક વગદાર નેતાના નજીકના હોવાથી તેમની સામે બદલી સિવાઈ બીજી કોઈ કાર્યવાહી હજી સુધી થઈ નથી.

ભ્રષ્ટાચારના કેસ પર નજર નાખીએ તો ગુજરાતના ખેત તલાવડી નિગમના ચેરમેન દેત્રોજા રંગે હાથે લાંચ લેતા ઝડપાયા હતા. સરકારે તેની સામે પગલા તો ભર્યા પરંતુ ભ્રષ્ટાચારને રોકવા આખું નિગમ બંધ કરી દેવામાં આવ્યું...! શું નિગમ ચાલુ રાખીને ભ્રષ્ટાચારને રોકી ના શકાય એવો પણ એક સવાલ એ વખતે થયો હતો. એક અન્ય ચોંકાવનારા કિસ્સામાં અમદાવાદ જિલ્લા પોલીસ આરઆરસેલનો એક કોન્સ્ટેબલ આણંદમાં 50 લાખની લાંચ લેતા રંગેહાથે ઝડપાયો હતો. કેહવાય છે કે, ત્યારબાદ એક ઉચ્ચ પોલીસ અધિકારીનું હાર્ટએટેકથી મોત થઈ ગયું અને ખેત તલાવડી નિગમની જેમ આરઆરસેલ પણ બંધ કરી દેવામાં આવ્યું.


એસીબીના હાથે ઝડપાયાની ઘટના પોલીસ દફતરે નોંધાયેલી છે પણ મનોજ અગ્રવાલ સામે ભાજપના જ રાજમાં ભાજપના નેતાઓ દ્વારા 75 લાખની તોડ પાણીના ગંભીર આરોપ બાદ હવે રાજકોટમાં જાણે કે, પોલીસ પીડિતોનો રાફડો ફાટ્યો હોય તેમ હવે એક પછી એક લોકો બહાર આવીને પોતાની સાથે પણ પોલીસે અન્યાય કર્યો હોવાનું જણાવી રહ્યા છે.

રાજકોટના 3 વેપારીઓ રહી રહીને એવો દાવો કર્યો કે, કૂવાડવા રોડ પર 12 કરોડની જમીન ખાલી કરવા તત્કાલિન મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પોલીસ દ્વારા તેમના પર દબાણ લાવ્યા હતા. રૂપાણી આ જગ્યા પર જૈમ દેરાસર બનાવવા માગતા હતા.

રાજકીય ક્ષેત્ર એવી હોટ ચર્ચા છે કે ભાજપમાં આંતરિક જૂથબંધીમાં પોતાના અંગત વેરના વળામણા માટે ઉચ્ચ અધિકારીઓને નિશાન બનાવીને તેમની ઉજ્જવળ કરિયર પર ડાઘ લગાવવામાં આવી રહ્યા છે. એમ મનાઈ રહ્યું છે કે, મનોજ અગ્રવાલ પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીની નજીક છે. રૂપાણી દ્વારા બોર્ડ નિગમમાં મુકાયેલા તેમના જૂથના નેતાઓને દૂર કરવામાં આવ્યા તેને પણ રૂપાણી વિરુદ્ધ કાર્યવાહી તરીકે જોવામાં આવી રહી છે. અગ્રવાલ નિર્દોષ સાબિત થશે કે હથિયાર વાળા કેસમાં કલેકટરની બદલીથી સંતોષ માનવામાં આવશે કે પછી તેવો ખરેખર ખંડણી ઉઘરાવતા હતા એમ જો તપાસ રિપોર્ટમાં આવશે તો ગોવિંદ પટેલ જૂથ તલવારની ધાર વધુ તિક્ષ્ણ કરશે.

# જયારે એક પૂર્વ વડાપ્રધાન પાસે મકાન ભાડાના પણ પૈસા નહોતા...

ગુજરાત વંદન



મકાનમાલિકે ભાડું ન ચુકવતાં 94 વર્ષના વૃદ્ધને ભાડાના મકાનમાંથી ફેંકી દીધો હતો. વૃદ્ધ માણસ પાસે જૂની પથારી, કેટલાક એલ્યુમિનિયમના વાસણો, પ્લાસ્ટિકની ડોલ અને મગ વગેરે સિવાય ભાગ્યે જ કોઈ સામાન હતું. વૃદ્ધે માલિકને ભાડું ચૂકવવા માટે થોડો સમય આપવા વિનંતી કરી. પડોશીઓને પણ વૃદ્ધા પર દયા આવી અને મકાનમાલિકને ભાડું ચૂકવવા માટે થોડો સમય આપવા સમજાવ્યા. મકાનમાલિકે અનિચ્છાએ તેને ભાડું ચૂકવવા માટે થોડો સમય આપ્યો. વૃદ્ધે પોતાનો સામાન અંદર લીધો. ત્યાંથી પસાર થતા એક પત્રકારે રોકીને આખું દ્રશ્ય જોયું. તેણે વિચાર્યું કે આ બાબત તેના અખબારમાં પ્રકાશિત કરવી ઉપયોગી થશે. તેણે એક મથાળું પણ વિચાર્યું, "ક્રૂર મકાનમાલિક પૈસા માટે ભાડાના મકાનમાંથી વૃદ્ધને લાત મારી દે છે." પછી તેણે જૂના ભાડુઆતની કેટલીક તસવીરો લીધી અને ભાડાના મકાનની કેટલીક તસવીરો પણ લીધી.પત્રકારે જઈને તેના પ્રેસ માલિકને ઘટના વિશે જણાવ્યું. પ્રેસના માલિકે ચિત્રો જોયા અને ચોંકી ગયા. તેણે પત્રકારને પૂછ્યું કે શું તે વૃદ્ધને ઓળખે છે. પત્રકારે કહ્યું ના.

બીજા દિવસે અખબારના પહેલા પાના પર મોટા સમાચાર છપાયા. શીર્ષક હતું, "ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન ગુલઝારીલાલ નંદા એક દયનીય જીવન જીવી રહ્યા છે." સમાચારમાં આગળ લખ્યું છે કે કેવી રીતે ભૂતપૂર્વ વડા પ્રધાન ભાડું ચૂકવવામાં અસમર્થ હતા અને કેવી રીતે તેમને ઘરની બહાર ફેંકી દેવામાં આવ્યા હતા. એવી ટિપ્પણી કરવામાં આવી હતી કે આજકાલ ફ્રેશર્સ પણ ખૂબ પૈસા કમાય છે. જ્યારે બે વખત પૂર્વ વડાપ્રધાન રહી ચૂકેલા અને લાંબા સમયથી કેન્દ્રીય મંત્રી પણ રહી ચૂકેલા વ્યક્તિ પાસે પોતાનું ઘર પણ નથી. ખરેખર ગુલઝારીલાલ નંદાને રૂ. 500/- પ્રતિ માસ ભથ્થું ઉપલબ્ધ હતું. પરંતુ તેમણે આ પૈસા એમ કહીને નકારી દીધા હતા કે તેઓ સ્વતંત્રતા સેનાનીઓના ભથ્થા માટે લડ્યા નથી. પાછળથી મિત્રોએ તેને એમ કહીને સ્વીકારવા દબાણ કર્યું કે તેની પાસે મૂળ કોઈ અન્ય સ્ત્રોત નથી. આ પૈસાથી તે ભાડુ ચૂકવીને ગુજરાન ચલાવતો હતો. બીજા દિવસે વર્તમાન વડા પ્રધાને પ્રધાનો અને અધિકારીઓને વાહનોના કાફલા સાથે તેમના ઘરે મોકલ્યા. આટલા બધા વીઆઈપી વાહનોનો કાફલો જોઈને મકાન માલિક સ્તબ્ધ થઈ ગયા. ત્યારે જ તેને ખબર પડી કે તેના ભાડૂત મિ. ગુલઝારીલાલ નંદા ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન હતા. મકાનમાલિકે તરત જ ગુલઝારીલાલ નંદાના ચરણોમાં તેમના દુષ્કર્મ બદલ પ્રણામ કર્યા. અધિકારીઓ અને વીઆઈપીઓએ ગુલઝારીલાલ નંદાને સરકારી આવાસ અને અન્ય સુવિધાઓ સ્વીકારવા વિનંતી કરી. શ્રીમાન ગુલઝારીલાલ નંદાએ એમ કહીને તેમની ઓફર સ્વીકારી ન હતી કે આ વૃદ્ધાવસ્થામાં આવી સુવિધાઓનો શું ઉપયોગ છે. છેલ્લા શ્વાસ સુધી તેઓ સાચા ગાંધીવાદી તરીકે, સામાન્ય નાગરિકની જેમ જીવ્યા. 1997માં સરકારે તેમને ભારત રત્નથી સન્માનિત કર્યા હતા. તેમના જીવનની તુલના વર્તમાન સમયના રાજકારણીઓ સાથે કરો.

# અર્થતંત્રને વધુ વેગ આપવા સરકાર આપશે રાહત પેકેજ

## કોરોનાની ત્રીજી લહેર વચ્ચે રાહત પેકેજ આપવાની તૈયારી

ગુજરાત વંદન



દેશમાં કોરોનાવાયરસ મહામારી ચાલી રહી છે અને કેસમાં ઘટાડો શરૂ થયો છે પરંતુ અર્થતંત્ર ની સામે હજુ પણ અનેક પડકારો ઊભા થયા ત્યારે કેન્દ્ર સરકાર આગામી દિવસોમાં અર્થતંત્રમાં તેજી લાવવા માટે વધુ એક રાહત પેકેજ જાહેર કરવાની વિચારણા કરી રહી છે તેમ સરકારના અંતરંગ વર્તુળો દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.

દેશમાં કોરોનાવાયરસ ની ત્રીજી લહેર ચાલી રહી છે અને અર્થતંત્રના અનેક ક્ષેત્રોમાં આવ્યું પણ મુશ્કેલી છે અને હવે કેન્દ્ર સરકાર વિચાર કરી રહી છે કે જો વર્તમાન લહેર વધુ આક્રમક બનશે અને આજીવિકા મેળવવામાં તકલીફ પડશે તો વધુ મજબૂત પ્રોત્સાહન આપવામાં આવશે. વધુ એક રાહત પેકેજ જાહેર કરવાની બાબતમાં બેઠકોનો દોર શરૂ કરી દેવામાં આવ્યો છે અને અલગ-

**કોરોના ની ત્રીજી લહેર ચાલી રહી છે ત્યારે ગરીબો માટે અને નાના મોટા વેપારીઓ ને વધુ પ્રોત્સાહન મળી શકે છે**

અલગ મંત્રાલયનો સાથે તેમજ વરિષ્ઠ અધિકારીઓ સાથે નાણામંત્રાલયની ચર્ચા મંત્રણા થઈ રહી છે અને ટૂંક સમયમાં જ વધુ એક રાહત પેકેજની જાહેરાત થઈ જાય તેમ માનવામાં આવે છે.

ખાસ કરીને ઉત્પાદન ક્ષેત્રમાં અને વધુ નવા રોજગારી પેદા કરી શકે તેવા સેકટરોમાં અને નાના મોટા વેપારીઓ તેમજ ખાસ કરીને ગરીબ વર્ગને વધુ રાહત આપવાની કેન્દ્ર સરકારની ગણતરી છે અને આ દિશામાં કામગીરી શરૂ કરી દેવામાં આવી છે અને રાહત પેકેજની રૂપરેખા કરવા માટે બેઠકોનો દોર શરૂ કરી દેવામાં આવ્યા છે.

# પીએમ કેયર્સ ફંડમાં દાનની રકમમાં થયો ત્રણ ગણો વધારો

ગુજરાત વંદન




કોરોના મહામારીના કપરા સમય સામે લડવા માટે બનાવવામાં આવેલા પ્રધાનમંત્રી નાગરિક સહાયતા અને રાહત કોષ (પીએમ કેયર્સ ફંડ)માં નાણાકીય વર્ષ 2020-21માં લગભગ ત્રણ ગણો વધારો થયો છે અને આ રકમ 10,990 કરોડ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે આ રકમમાંથી ખર્ચ પણ વધીને 3976 કરોડ થઈ ગયો છે.

ખર્ચમાં પ્રવાસી કલ્યાણ માટે 1000 કરોડ રૂપિયા અને કોવિડ રસી ખરીદવા માટે 1392 કરોડ રૂપિયાથી વધારેનો ખર્ચ શામેલ છે. નાણાકીય વર્ષ દરમિયાન ફંડમાં લગભગ 494.91 કરોડ રૂપિયા વિદેશી દાન સ્વરૂપે અને 7183 કરોડથી વધારે સ્વૈચ્છિક દાન સ્વરૂપમાં આવ્યા છે.

તો વળી 2019-20 દરમિયાન ફંડમાં કુલ 3,076.62 કરોડ રૂપિયાનું દાન મળ્યું છે. જે 27 માર્ચ 2020ના રોજ બન્યાના ફક્ત પાંચ દિવસની અંદર આવ્યા હતા. ફંડ 2.25 લાખ રૂપિયાની શરૂઆતી રકમ સાથે બન્યું હતું. પીએમ કેયર્સની વેબસાઈટ પર પોસ્ટ કરવામાં આવેલા વિવરણ મુજબ તેમાં ફક્ત લોકો/સંગઠનોના સ્વૈચ્છિક દાન શામેલ છે અને કોઈ બજેટીય સહાય મળી નથી.

સરકારે આ રકમનો એક ભાગ વેન્ટીલેટર સહિત મેડિકલ સાધનો ખરીદવા, કોવિડ વિરુદ્ધ લડાઈ મજબૂત કરવા અને પ્રવાસીઓને રાહત આપવા માટે કર્યો છે. જો કે, વિપક્ષી પાર્ટીઓએ પીએમ કેયર્સને લઈને ટીકા કરતા દાવો કર્યો હતો કે, તેમાં આવેલું દાન અને ખર્ચ પારદર્શક નથી. જો કે, સરકારે આ આરોપ ફગાવી દીધા છે.

તેમાં કહેવાયું છે કે, સરકારી હોસ્પિટલોમાં 50,000 મેડ ઈન ઈંડિયા વેન્ટીલેટર ખરીદવા માટે 1311 કરોડ રૂપિયા, 50 કરોડ રૂપિયા બિહારના મુઝફ્ફરપુર અને પટનામાં 500 બેડની બે હોસ્પિટલ, નવ રાજ્યોમાં 16 આરટી-પીસીઆર ટેસ્ટ લેબ બનાવવામાં ખર્ચ થયો.

# અદાણી વિલ્મર શેરમાં સળંગ બીજા દિવસે પણ તેજી

ગુજરાત વંદન



મંગળવારે અદાણી વિલ્મરના શેરે નબળું લિસ્ટિંગ કર્યું ત્યાર પછી તેમાં સતત વધારે થઈ રહ્યો છે. મંગળવારે શેર 20 ટકા વધીને બંધ રહ્યો હતો અને ગઇકાલે પણ તે ફરી 20 ટકા વધતા અપર સર્કિટ લાગી હતી. આ લખાય છે ત્યારે બીએસઈ પર અદાણી વિલ્મર 19.98 ટકા અથવા રૂ. 53 વધીને રૂ. 318.20 પર હતો. અદાણી જૂથની કંપની અદાણી વિલ્મરના લિસ્ટિંગ પછી તેમાં તેજી જોવા મળી છે. સવારના સત્રમાં જ શેર 20 ટકા ઉછળ્યો હતો. આ બીએસઈ પર શેર ચાર ટકા ડિસ્કાઉન્ટે અને NSE પર એક ટકા ડિસ્કાઉન્ટ ભાવે લિસ્ટ થયો હતો. પરંતુ ત્યાર પછી તેમાં જોરદાર ખરીદી નીકળી હતી. બજાર બંધ થયું ત્યારે અદાણી વિલ્મરનો શેર 20 ટકા વધીને રૂ.265 પર પહોંચ્યો હતો. તેનું લિસ્ટિંગ ચાર ટકાના ઘટાડે રૂ. 221 પર થયું હતું. મંગળવારે એક દિવસમાં શેર રૂ. 44.20 જેટલો વધ્યો હતો. ઇશ્યૂ પ્રાઈસ રૂ. 230ની સાથે તુલના કરવામાં આવે તો શેર 15.30 ટકા અથવા રૂ. 35.20 વધીને બંધ રહ્યો હતો. NSE પર અદાણી વિલ્મરનો શેર એક ટકા ઘટીને રૂ. 227 પર લિસ્ટ થયો હતો. ત્યાર પછી તેમાં તેજી આવી અને શેર 16.23 ટકા વધીને રૂ. 267.35 પર બંધ રહ્યો હતો. ગઇકાલ સવારના સત્રમાં અદાણી વિલ્મરનો શેર વધીને રૂ. 318 સુધી પહોંચ્યો હતો. જે ગઈકાલના બંધ ભાવની તુલનામાં 20 ટકા વધુ છે. તેની સાથે જ શેરમાં અપર સર્કિટ લાગી ગઈ હતી.

# મિલકતની વેચાણ કે જંત્રી કિંમતમાંથી જે વધુ હશે તેના પર ૧ ટકો TDS લાગશે

ગુજરાત વંદન

નાણામંત્રીએ પ્રસ્તાવ મૂક્યો હતો કે મિલકત ખરીદતી વખતે વેચાણ કિંમત અથવા તેના આધારે 50 લાખથી વધુની બિન-કૃષિ સ્થાવર મિલકત પર એક ટકા ટીડીએસ લાગુ થશે. ઇન્કમટેક્સના કાયદામાં સુધારા પછી સ્ટેમ્પ ડ્યુટી અથવા મિલકતની વેચાણ કિંમત બેમાંથી જે વધારે હશે તેની પર લાગુ થશે. આ જોગવાઈ છેલ્લા કેન્દ્રીય બજેટમાં કરવામાં આવી છે.


**દરેક વિસ્તારમાં જંત્રી દર પ્રમાણે અલગ અલગ TDS કપાશે**

મિલકતના વેચાણ ઉપર હવે વેચાણ કિંમત અથવા જંત્રી બન્નેમાં જે વધારે હશે તેના ઉપર 1 ટકા ટીડીએસ ભરવો પડશે. અત્યાર સુધી ઇન્કમટેક્સમાં વેચાણ કિંમત રૂ. 50 લાખ કરતા વધારે હોય તેવા કિસ્સામાં વેચાણ કિંમત ઉપર 1 ટકા ટીડીએસ ભરવાની જોગવાઇ હતી. બજેટમાં ઇન્કમટેકસના પ્રોવિઝનમાં સુધારો કરી વેચાણ કિંમત અથવા જંત્રીની કિંમતમાં જે વધારે હશે તેના ટોટલ કિંમત ઉપર 1 ટકા જેટલો ટીડીએસ કાપવાની જોગવાઇ કરાઈ છે.

બજેટ 2022 ની દરખાસ્તો મુજબ, કલમ 194-આઇએમાં સુધારો કરવાની અને આવી મિલકતની સ્ટેમ્પ ડ્યુટી મૂલ્ય તેમજ ટીડીએસ રકમની ગણતરી માટે વિચારણા કરવાની દરખાસ્ત છે. આવી મિલકતના વેચાણ ઉપર અથવા સ્ટેમ્પ ડ્યુટી મૂલ્ય બેમાંથી જે વધુ હોય તેને ધ્યાનમાં લઈને 1 ટકા ટીડીએસની ગણતરી કરાશે. આમ વેચાણ મૂલ્યની સરખામણીમાં મિલકતની સ્ટેમ્પ ડ્યુટી મૂલ્ય વધુ હોવાના કિસ્સામાં મિલકતના આવા સ્ટેમ્પ ડ્યુટી મૂલ્ય પર ટીડીએસ કપાય છે. આમ જો રૂ.60 લાખની મિલકત ખરીદવામાં આવે તો સ્ટેમ્પ ડ્યુટી સાથે રૂ. 65 લાખની કિંમત ઉપર 1 ટકા ટીડીએસની ગણતરી કરીને રૂ. ટેક્સ સાથે ચૂકવણી કરવી પડશે.

# શેરબજારમાં તેજીના ડંકા વાગ્યા, સેન્સેક્સ ફરી ૫૮,૦૦૦ ઉપર

ગુજરાત વંદન



**નિફ્ટી ૧૭,૪૦૦ ઉપર, અદાણી વિલ્મર ફરી ઉછળ્યો : છેલ્લો ભાવ ૩૨૧.૯૦**

ગઇકાલના કારોબારી સત્રના દિવસે ભારતીય બજાર વધારાની સાથે બંધ થયા છે. નિફ્ટી 17460 ઊપર બંધ થયા જ્યારે સેન્સેક્સે 58470ની પાર બંધ થયા. કાલના કારોબારમાં નિફ્ટીએ 17,477.15 સુધી પહોંચી તો સેન્સેક્સ 58,507.61 સુધી પહોંચ્યો હતો.

સ્મૉલકેપ અને મિડકેપ શેરોમાં નબળાઈ જોવા મળી. બીએસઈના મિડકેપ ઈન્ડેક્સ 1.23 ટકા વધીને 24,630.71 ના સ્તર પર બંધ થયા છે. જ્યારે બીએસઈના સ્મૉલકેપ ઈન્ડેક્સ 0.57 ટકા વધારાની સાથે 29,233.31 પર બંધ થયા છે.

અંતમાં બીએસઈના 30 શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ 657.39 અંક એટલે કે 1.14% ની મજબૂતીની સાથે 58465.97 ના સ્તર પર બંધ થયા છે. તો એનએસઈના 50 શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ નિફ્ટી 197 અંક એટલે કે 1.14% ની તેજીની સાથે 17463.80 ના સ્તર પર બંધ થયા છે. આજે બેન્કિંગ, ઑટો, ફાઈનાન્શિયલ સર્વિસ, મેટલ, ફાર્મા, પ્રાઈવેટ બેન્ક, હેલ્થકેર, આઈટી, રિયલ્ટી અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ શેરોમાં 0.24-1.86 ટકાનો વધારો જોવા મળી છે. બેન્ક નિફ્ટી 0.09 ટકાની મજબૂતીની સાથે 38,028.45 ના સ્તર પર બંધ થયા છે. જ્યારે પીએસયુ બેન્ક અને ઑયલ એન્ડ ગેસના શેરો ઘટાડા સાથે બંધ થયા.

આજના કારોબારના આ સમય દરમ્યાન દિગ્ગજ શેરોમાં કોલ ઈન્ડિયા, મારૂતિ સુઝુકી, આઈઓસી, શ્રી સિમેન્ટ, હિંડાલ્કો અને ઈન્ડસઈન્ડ બેન્ક 2.91-5.63 ટકા સુધી વધીને બંધ થયો છે. જો કે દિગ્ગજ શેરોમાં ઓએનજીસી, બીપીસીએલ, આઈટીસી, એસબીઆઈ લાઈફ અને ટાટા સ્ટીલ 0.13-1.50 ટકા સુધી ઘટીને બંધ થયા છે. મિડકેપ શેરોમાં એબીબોટ ઈન્ડિયા, ઓરેકલ ફાઈનાન્સ સર્વિસ, ચોલા ઈન્વેસ્ટમેન્ટ, અપોલો હોસ્પિટલ અને સન ટીવી નેટવર્ક 3.70-7.38 ટકા સુધી વધીને બંધ થયા છે. જો કે મિડકેપ શેરોમાં એન્ડ્યોરન્સ ટેક્નોલોજી, અંજતા ફાર્મા, કંસાઈ નેરોલેક, 3એમ ઈન્ડિયા અને જિંદાલ સ્ટીલ 1.74-5.82 ટકા સુધી ઘટીને બંધ થયા છે. સ્મૉલકેપ શેરોમાં ડીપ ઈન્ડસ્ટ્રીઝ, જાગરણ પ્રકાશન, ટીવી18 બ્રોડકાસ્ટ, ટ્રાન્સપેક અને રેમ્કી ઈન્ફ્રા 10.22-17.20 ટકા સુધી ઉછળીને બંધ થયા છે. જો કે સ્મૉલકેપ શેરોમાં સ્ટોવ ક્રાફ્ટ, ઈનઓસ સ્ટ્રાયો, ઈન્ડ-સ્વિફ્ટ લેબ્સ, ડાયમાઈન્સ કેમિક્લ અને બીએએસએફ 6.41-14.64 ટકા નબળાઈની સાથે બંધ થયા છે.

## દેશ-વિદેશ

# રાજકારણમાં ફરીથી સક્રિય થવાની લાલુની જાહેરાત

## જેલમાંથી બહાર આવીને કહ્યું - હું વડાપ્રધાનને જવાબ આપીશ



ગુજરાત વંદન

લાલુ પ્રસાદ યાદવે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે, તેમણે કહ્યું છે કે તેઓ ચૂંટણી જીતીને સંસદમાં પહોંચશે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વાતનો જવાબ આપશે. લાલુ પ્રસાદે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જે પણ લોકસભામાં બોલતા રહે છે, હું સંસદમાં પહોંચ્યા પછી તેમની વાતનો જવાબ આપીશ. આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદે કહ્યું કે અત્યારે મને કોર્ટમાંથી ચૂંટણી લડવાની મંજૂરી નથી. પરવાનગી મળતાં જ હું ચૂંટણી લડીને સંસદમાં આવીશ.પટના જતા પહેલા દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન તેમણે યુપીના સીએમ યોગી આદિત્યનાથ પર પણ પ્રહારો કર્યા હતા. લાલુ પ્રસાદે કહ્યું કે યુપીના મુખ્યમંત્રીના શબ્દોથી સ્પષ્ટ છે કે તેઓ નર્વસ થઈ ગયા છે. આનાથી સ્પષ્ટ છે કે આ વખતે યુપીમાં ભાજપનો સફાયો થવાનો છે.તો બીજી તરફ લાલુ પ્રસાદે ફરી એકવાર તેજસ્વી યાદવના આરજેડી અધ્યક્ષ બનવાનો ઈન્કાર કર્યો છે. લાલુ પ્રસાદે કહ્યું કે મીડિયામાં આવી વાતો આવતી રહે છે. આ આરજેડીના રાષ્ટ્રીય અધિવેશનનો મુદ્દો નથી. અમે આ વાત પહેલા પણ સ્પષ્ટ કરી ચુક્યા છીએ.

આ સાથે તેમણે વિશેષ રાજ્યના મુદ્દે કહ્યું કે આ મુદ્દે JDU-BJP એક સાથે છે. તેમણે કહ્યુ કે બંને પક્ષો સાથે હોવા છતાં પણ બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો નથી મળી રહ્યો.લાલુ પ્રસાદે કહ્યું છે કે બંને પક્ષો આ મુદ્દે જનતાને ગેરમાર્ગે દોરી રહ્યા છે. લાલુ પ્રસાદે ફરી એકવાર બિહારને વિશેષ દરજ્જાની માંગ કરી છે. લાલુ પ્રસાદ 10 ફેબ્રુઆરીએ યોજાનારી આરજેડીની કાર્યકારી સમિતિની બેઠકમાં ભાગ લેવા પટના પહોંચી ગયા છે. પટના પહોંચતા જ કાર્યકર્તાએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. વ્હીલ ચેર પર બેસીને બહાર આવેલા લાલુ પ્રસાદે પણ હાથ જોડીને કાર્યકરોનું અભિવાદન કર્યું હતું. એરપોર્ટ પર આરજેડી સુપ્રીમોનું સ્વાગત કરવા માટે તેમના મોટા પુત્ર તેજ પ્રતાપ યાદવ, વરિષ્ઠ નેતાઓ અને પૂર્વ મંત્રીઓ અબ્દુલબારી સિદ્દીકી અને શ્યામ રજક, પૂર્વ ધારાસભ્ય ભોલા યાદવ, પ્રદેશ મહાસચિવ ભાઈઓ અરુણ કુમાર અને મનોજ યાદવ પહોંચ્યા હતા.

# બિકિની, ઘૂંઘટ કે હિજાબ, મહિલાઓને મરજીથી કપડાં પહેરવાનો હક- પ્રિયંકા ગાંધી



ગુજરાત વંદન

શાળા અને કોલેજોમાં મુસ્લિમ યુવતીઓના હિજાબ પહેરવા અંગે કર્ણાટકમાં શરૂ થયેલો વિવાદ હવે તૂલ પકડી રહ્યો છે. આ વિવાદમાં કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીની પણ એન્ટ્રી થઈ ગઈ છે. તેમણે કહ્યું કે આ મહિલાઓનો અધિકાર છે કે તેઓ શું પહેરવા ઈચ્છે છે.

**હિજાબ પહેરવા અંગે કર્ણાટકમાં શરૂ થયેલો વિવાદ**

પ્રિયંકા ગાંધીએ ટ્વીટ કરીને હિજાબ વિવાદ પર પોતાનો મત રજૂ કર્યો અને લખ્યું કે બિકિની હોય, ઘૂંઘટ હોય કે જીન્સ કે પછી હિજાબ. મહિલાઓનો તે હક છે કે તેઓ શું પહેરવા ઈચ્છે છે.

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ વધુમાં લખ્યું કે મહિલાઓને આ અધિકાર બંધારણ તરફથી અપાયો છે. મહિલાઓનું ઉત્પીડન બંધ કરવામાં આવે. આ સાથે જ તેમણે પોતાની ટ્વીટમાં લડકી હું લડ સકતી હુંનો પણ ઉલ્લેખ કર્યો. જેના પર રાહુલ ગાંધીએ પણ પ્રિયંકાનો સપોર્ટ કર્યો અને તેમના ટ્વીટ પર થમ્સ અપ કમેન્ટ કરી.

# પાકિસ્તાનની જેમ હવે કેનેડામાં પણ હિન્દુ મંદિરોમાં તોડફોડ અને લૂંટફાટ

## અડધા ડઝન જેટલાં મંદિરોને તસ્કરોએ નિશાન બનાવ્યા

ગુજરાત વંદન



કેનેડાના ગ્રેટર ટોરોન્ટો વિસ્તારમાં મંદિરોમાં વારંવાર તોડફોડ અને ચોરીની ઘટનાઓના કારણે પૂજારીઓ અને શ્રદ્ધાળુઓમાં ગભરાટનો માહોલ છે. છેલ્લા 10 દિવસથી 6 જેટલા ધર્મસ્થાનોમાં તોડફોડની ઘટનાઓ બની છે. મંદિરની દાનપેટીમાંથી રોકડની ચોરી કરવા ઉપરાંત આ વાદ-વિવાદમાં સંડોવાયેલા બદમાશોએ મૂર્તિઓ પરના શણગારેલા ઘરેણાની પણ ચોરી કરી હતી.

મંદિરોમાં ચોરી અને તોડફોડની આ પ્રક્રિયા 15 જાન્યુઆરીથી શરૂ થઈ છે. આ દિવસે જીટીએ શહેરના બ્રૅમ્પટનના હનુમાન મંદિરમાં તોડફોડ કરવાનો નિષ્ફળ પ્રયાસ થયો હતો. 25 જાન્યુઆરીએ આ શહેરમાં દેવી દુર્ગાનું મંદિર તોડી પાડવામાં આવ્યું હતું. આ બે ઘટનાઓ બાદ પણ બદમાશોએ ગૌરી શંકર મંદિર અને જગન્નાથ મંદિરમાં પણ હંગામો મચાવ્યો હતો.

30 જાન્યુઆરીના રોજ મિસિસૌગામાં હિન્દુ હેરિટેજ સેન્ટરમાં ઘૂસીને બે શખ્સોએ દાનપેટી અને મુખ્ય કાર્યાલયની તોડફોડ કરી હતી. મંદિર દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે આ ઘટનાથી ભક્તો અને પૂજારીઓ ykp છે.

એક ન્યૂઝમાં પ્રકાશિત એક અહેવાલ અનુસાર સુરક્ષા કેમેરાની તસવીરોમાં પકડાયેલા બે માસ્ક પહેરેલા માણસો મંદિર પરિસરની અંદર ઘણો સમય વિતાવે છે અને દાનપેટી અને ભગવાનની મૂર્તિ પર શણગારેલા ઘરેણાંને નિશાનો બનાવે છે.

હિન્દુ હેરિટેજ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પોલીસે પુષ્ટિ કરી છે કે આ તે જ લોકોનું જૂથ છે જે વહેલી સવારે મંદિરોમાં પ્રવેશ કરે છે અને ચોરીને અંજામ આપે છે. આ ઘટના બાદ મંદિરની સુરક્ષા વધારી દેવામાં આવી છે. મંદિર સાથે સંકળાયેલા સ્વયંસેવકે મંદિર પરિસર માટે નાઇટ શિફ્ટ શરૂ કરી દીધી છે. સાથે જ ચોરી અને તોડફોડની ઘટનાઓ બાદ પોલીસે પણ મંદિરોની સુરક્ષા વધારવાની ખાતરી

# મૃતકનો કાનૂની વારસદાર પણ વળતરનો હકદાર, દિલ્હી હાઈકોર્ટનો મહત્વનો ફેંસલો

## કોર્ટે વીમા કંપનીની અપીલ ફગાવી

ગુજરાત વંદન

હાઈકોર્ટે એક ફેંસલામાં જણાવ્યું હતું કે વાહન અકસ્માતમાં માર્યા ગયેલા વ્યક્તિના કાનૂની વારસદાર પણ વળતર મેળવવાને બદલે હકકદાર છે. ઉચ્ચ ન્યાયાલયે મૃતકના પ્રથમ લગ્નથી થયેલા બે સંતાનોને વળતર આપવાના ફેંસલાને સાચો ઠેરવતા આ ટિપ્પણી કરી છે.

જસ્ટિસ સંજીવ સચદેવાએ વાહન અકસ્માત દાવા પંચાના 22 માર્ચ 2021ના મૃતકના પ્રથમ લગ્નથી થયેલા બે સંતાનોને વળતર આપવાના આદેશની વિરૂધ્ધ વીમા કંપનીની અપીલને ઠુકરાવીને આ ચૂકાદો આપ્યો હતો.

વીમા કંપનીએ અપીલમાં કહ્યું હતું કે પ્રથમ લગ્નથી થયેલા બે સંતાનોને મૃતકના પરિવારના આશ્રિતો ના માની શકાય. બીજી બાજુ ન્યાયાલયને બતાવાયું હતું કે સંતાનો પિતા સાથે રહેતા હતા, આ પરિસ્થિતિમાં તેઓ પણ વળતરના હકકદાર છે.

ન્યાયાલયે જણાવ્યું હતું કે જ્યાં સુધી વળતરનો સવાલ છે તો સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે ભારતીય સમાજની સ્થિતિ જોતા વાહન દૂર્ઘટનામાં મૃતકના કાનૂની પ્રતિનિધિ પણ વળતર મેળવવાના હકદાર છે.

ન્યાયાલયે જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતે પણ માન્યું છે કે, એક ભારતીય પરિવારમાં ભાઈ, બહેન, ભાઈઓના બાળકો અને કયારેક કયારેક પાલક બાળકો પણ એકસાથે રહે છે કે જેઓ પરિવારના કમાનાર સભ્ય પર નિર્ભર હોય છે. આ પરિસ્થિતિમાં જો કમાનાર વ્યક્તિનું મોટર વાહન દૂર્ઘટનામાં મોત થઈ જાય તો મૃતક પર નિર્ભર સભ્યોને વળતરથ વંચિત રાખવામાં કોઈ ઔચિત્ય નથી.

# વિદેશ મંત્રી ઓસ્ટ્રેલિયા-ફિલિપાઈન્સના છ દિવસના પ્રવાસે


ગુજરાત વંદન



વિદેશ મંત્રી એસ જયશંકર ગુરુવારથી ઓસ્ટ્રેલિયા અને ફિલિપાઈન્સના છ દિવસીય પ્રવાસની શરૂઆત કરશે. 10 થી 13 ફેબ્રુઆરી દરમિયાન વિદેશ મંત્રી તરીકે જયશંકરની ઓસ્ટ્રેલિયાની મુલાકાત આ દેશની તેમની પ્રથમ મુલાકાત હશે. તે જ સમયે, બ્રહ્મોસ ક્રૂઝ મિસાઇલની ત્રણ બેટરી ખરીદવા માટે દક્ષિણપૂર્વ એશિયાના દેશે ભારત સાથે યુએસડી 375 મિલિયનના કરાર પર હસ્તાક્ષર કર્યાના બે અઠવાડિયા પછી વિદેશ મંત્રીની 13થી 15 ફેબ્રુઆરી દરમિયાન ફિલિપાઇન્સની મુલાકાત થવા જઈ રહી છે. જયશંકરની બે દેશોની મુલાકાતની જાહેરાત કરતા, વિદેશ મંત્રાલયે કહ્યું કે, તેઓ ઓસ્ટ્રેલિયા, જાપાન અને યુએસના તેમના સમકક્ષો સાથે મેલબોર્નમાં 11 ફેબ્રુઆરીએ ચોથી QUAD બેઠકમાં ભાગ લેશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ગયા વર્ષે ફેબ્રુઆરીમાં યોજાયેલી મંત્રીઓની ડિજિટલ બેઠક પછી પ્રાદેશિક વ્યૂહાત્મક મુદ્દાઓ અને મુક્ત, ખુલ્લા અને સમાવિષ્ટ ઇન્ડો-પેસિફિક ક્ષેત્રના તેમના સહિયારા વિઝન પર મંતવ્યોનું આદાનપ્રદાન કરવાની તક હશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "ક્વાડ સભ્ય દેશોના વિદેશ પ્રધાનો ક્વાડ સહકારની સમીક્ષા કરશે અને 2021 માં યોજાનારી બે સમિટમાં સભ્ય દેશોના નેતાઓ દ્વારા જાહેર કરાયેલ સકારાત્મક અને રચનાત્મક એજન્ડા પર નિર્માણ કરશે."

# લવ-બર્ડ્સ માટે ટેડી ડે બનાવે છે સ્પેશિયલ




ફેબ્રુઆરી મહિનામાં પ્રેમ અને ખુશીઓનું સેલિબ્રેશન કરવામાં આવે છે. લવ-બર્ડ્સ માટે આ મહીનો કોઇ ઉત્સવથી ઓછો નથી. એક અઠવાડિયા સુધી મનાવવામાં આવતાં વેલેન્ટાઇન વીકમાં દરરોજ કોઇ તહેવારની જેમ જ ટ્રીટ કરવામાં આવે છે. 10 ફેબ્રુઆરી 2021એ ટેડી ડે તરીકે મનાવવામાં આવે છે. આ ખાસ દિવસ પર લોકો એકબીજાને ટેડી બિયર ગિફ્ટ કરે છે.

વેલેન્ટાઇન વીકનો ચોથો દિવસ ટેડી ડે તરીકે સેલિબ્રેટ કરવામાં આવે છે. આ દર વર્ષે 10 ફેબ્રુઆરીએ મનાવવામાં આવે છે. આ દિવસે લોકો પોતાના પ્રેમ અને રોમાંસની લાગણીઓ વ્યક્ત કરવા માટે પોતાના પાર્ટનરને એક ટેડી ગિફ્ટ કરે છે. પોતાના પાર્ટનરને ટેડી ગિફ્ટ કરવું ન માત્ર એક રોમેન્ટિક ઑપ્શન છે, પરંતુ આ પાર્ટનરને સ્પેશિયલ પણ અહેસાસ પણ કરાવે છે. લાલ રંગના ટેડીથી પ્રેમનો ઇઝહાર કરવામાં આવે છે. આ ક્યારેય સમાપ્ત ન થનારો પ્રેમ અને પાર્ટનર પ્રત્યેના સમર્પણની લાગણી વ્યક્ત કરે છે. ટેડી બિયરની જેમ પ્રેમ પણ કોમળ




ટેડી બિયર એક તો બહુ સોફ્ટ હોય છે જેને જો તમે પોતાની મહેબૂબા, પ્રેમિકા કે પત્નીને ગિફ્ટ કરો તે તે આનાથી પહેલો સંદેશ તો એ જાય છે કે તમારી ભાવનાઓ ટેડી બિયરની જેમ બહુ કોમળ છે. ટેડી બિયરની જેમ તમારો પ્રેમ પણ ક્યુટ બીજુ ટેડી બિયર દેખાવમાં ખૂબ ક્યુટ હોય છે જે એ સાબિત કરે છે કે તમારી નજરમાં તમારો પ્રેમ પણ ખૂબ ક્યુટ છે. તમારી આ પ્રેમાળ ગિફ્ટ જોઈ તમારી દોસ્ત, પ્રેમિકા કે પત્ની હર પળ સ્મિત કરશે કે જે તમારી ઈચ્છા છે કે તે હંમેશા ખુશ રહે. એકલતામાં પણ હશે ટેડી તેનો સાથીતમે નહિ હોય તો પણ તેના રૂમમાં સજેલુ ટેડી બિયર દરેક પળ તમારી યાદ તેને અપાવતુ રહેશે. એટલુ જ નહિ એકલતા અને તમારી અનુપસ્થિતિમાં તે તેની સાથે વાતો પણ કરશે જે કદાચ તમારી સાથે પણ નહિ કરી શકતી હોય. એટલુ જ નહિ ટેડી બિયરને તે ગળે પણ લગાવી શકે છે કે પછી કિસ પણ કરી શકે છે જેના માટે તમે હંમેશા તરસતા રહો છો. માટે વેલેંટાઈનનો ચોથો દિવસ ટેડી બિયર ડેના નામથી ઓળખાય છે.



કયા કલરનુ ટેડી ગિફ્ટ કરશો બજારમાં ટેડી ઘણા રંગોમાં ઉપલબ્ધ છે. જેમાં લાલ, ગુલાબી અને સફેદ સૌથી વધુ લોકપ્રિય છે. લાલ રંગ પ્રેમનું પ્રતીક છે, તેથી તમે તમારા પ્રેમને વ્યક્ત કરવા માટે તમારા સાથીને લાલ રંગીના ટેડી ભેટ કરી શકો છો. તો છોકરીઓ ગુલાબી રંગને પસંદ કરે છે, આવી રીતે, ગુલાબી રંગનું ટેડી પણ ભેટ આપી શકાય છે. સફેદ રંગનું ટેડી ખૂબ જ સુંદર હોય છે, તેથી તમે તેને તમારા સુંદર જીવનસાથીને ભેટ આપી શકો. કયા કારણથી મનાવવામાં આવે છે ટેડી ડે એવું માનવામાં આવે છે કે આ દિવસે યુએસના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ થિયોડોર 'ટેડી' રૂઝવેલ્ટને એક સુંદર નાનું ટેડી મળ્યું હતું, જે તેની કોઈ શિકારની યાત્રા દરમિયાન કોઈ પ્રાણીને ન મારવાના નિર્ણયને માન આપવા માટે ડિઝાઈન કરાયુ હતું.

# ઘરમાં ઘડિયાળ પૂર્વ-ઉત્તર દિશા લગાવવી શુભ

વાસ્તુ શાસ્ત્ર પ્રમાણે દરેક વસ્તુ ઘરમાં દરેક વસ્તુનું એક નિશ્ચિત સ્થાન હોય છે. યોગ્ય જગ્યાએ મુકાયેલી વસ્તુઓ ઘરને સકારાત્મક ઉર્જાથી ભરે છે. પરંતુ જો કોઈ વસ્તુ વાસ્તુ મુજબ ખોટી દિશામાં હોય તો તેની ઉલટી અસર પડી શકે છે.

તમને જણાવી દઈએ કે વાસ્તુ મુજબ ઘરની કઈ દિશામાં ઘડિયાળ હોવી જોઈએ જેથી તમારો સમય સારો રહે. ઘરની ઘડિયાળ મૂકવા માટે યોગ્ય દિશા અને વાસ્તુની કાળજી રાખીને પરિવારની પ્રગતિ અને પ્રતિષ્ઠાને વેગ મળી શકે છે. ત્યારે ચાલો જાણીએ ઘડિયાળ વિશે વાસ્તુ શાસ્ત્ર શું કહે છે.

**પૂર્વ અથવા ઉત્તર દિશામાં ઘડિયાળ મૂકવી શુભ છે**

પૂર્વ અને ઉત્તર આ બંને દિશાઓ વાસ્તુ અનુસાર ઘડિયાળ મૂકવી શુભ માનવામાં આવે છે. પૂર્વ દિશામાં ઘડિયાળ મૂકવી તે ખૂબ જ શુભ માનવામાં આવે છે. જેનાથી ઘરમાં સકારાત્મક ઉર્જા ફેલાય છે. જે આર્થિક



લાભ અને પ્રગતિની તકો બનાવે છે.

**પશ્ચિમમાં અથવા દક્ષિણમાં ક્યારેય ઘડિયાળ ન લગાવો**

વાસ્તુમાં એવું માનવામાં આવે છે કે આ બન્ને દિશામાં ઘડિયાળ લગાવવાથી ઘરમાં નકારાત્મક ઉર્જા આવે છે. આવી સ્થિતિમાં ઘડિયાળને પશ્ચિમમાં અથવા દક્ષિણ દિશામાં ક્યારેય ઘરમાં રાખવી જોઈએ નહીં. દક્ષિણ દિશાએ સ્થિરતાની દિશા માનવામાં આવે છે. જો ઘડિયાળ આ દિશામાં મૂકવામાં આવે તો ઘરની પ્રગતિ અટકી જાય છે.

**બંધ ઘડિયાળ ઘરમાં રાખવી જોઈએ નહીં**

ઘરમાં બંધ ઘડિયાળ રાખવાથી પરિવારના સભ્યો પર નકારાત્મક અસર પડે છે. આવી સ્થિતિમાં, જો તમારા ઘરમાં બંધ ઘડિયાળ હોય તો તેને દૂર કરો અથવા જલ્દીથી તેને ઠીક કરો.

**ઘરમાં તૂટેલી ઘડિયાળ રાખવી અશુભ છે**

તૂટેલી ઘડિયાળને અશુભ માનવામાં આવે છે. વાસ્તુ મુજબ તૂટેલી ઘડિયાળ રાખવાથી ઘરનું વાતાવરણ બગડે છે. તે જ સમયે, પરિવારના સભ્યોનું મન વ્યગ્ર રહે છે.

# તાંબાના વાસણમાં રાત્રે ભરેલું પાણી સવારે પીવું અમૃત સમાન



ભારતીય સંસ્કૃતિ અને ભારતીય પરંપરા અનેક વૈજ્ઞાનિક સંશોધનોમાં શ્રેષ્ઠ પુરવાર થયેલી છે. તાંબા-પિત્તળ કે માટીનાં વાસણોનો ઉપયોગ આપણે ત્યાં પુરાતન યુગથી થતો આવ્યો છે. તાંબા-પિત્તળની ધાતુને શુદ્ધ તથા પવિત્ર ગણવામાં આવે છે. રાતભર તાંબાના લોટામાં રાખેલ પાણી વહેલી સવારે નરાણે કોઠે પીવાથી અનેક રોગથી બચી શકાય છે. તાંબાના વાસણના પાણીનો ઉપયોગ આરોગ્યપ્રદ સાબિત થયો છે. તાંબાના વાસણમાં રાખેલ પાણી પીવાથી લિવરને ફાયદો થાય છે. પિત્તળનાં વાસણમાં બનાવેલ ભોજન વધુ સ્વાદિષ્ટ બને છે. શરીર ઊર્જાવાન તથા સ્વસ્થ રહે છે. તાંબાનાં વાસણમાં રાખેલું પાણી પીવાથી એન્ટિ ઓક્સિડન્ટ, એન્ટિ કેન્સર તથા એન્ટિ ઈન્ફ્લેમેટરી ગુણ વધી જાય છે. તાંબાનાં વાસણોની સફાઈ ખાસ થવી જોઈએ. અન્યથા તાંબામાં રાખેલ પાણી સ્વાસ્થ્ય માટે હાનિકારક પણ બની શકે છે. તાંબાના ઘડામાં ૧૬ કલાક સુધી જો દૂષિત પાણી પણ રાખવામાં આવે તો તે પણ શુદ્ધ બની જાય છે.

- **પાચનતંત્ર મજબૂત બને**

તાંબાનાં વાસણમાં રાખેલ પાણી પીવાથી લોહી શુદ્ધ થાય છે અને પાચનતંત્ર મજબૂત બને છે. અપચો, છાતીમાં બળતરા જેવી તકલીફ હોય તેમણે તાંબાના જગમાં રાખેલ પાણીનો ઉપયોગ નિયમિત કરવાથી રાહત અનુભવાય છે.

- **બ્લડપ્રેશર-હૃદયરોગમાં ફાયદાકારક**

તાંબાનાં વાસણમાં રાખેલ પાણીનો ઉપયોગ નિયમિત કરવાથી બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખી શકાય છે. તે હાર્ટ-રેટ તથા કોલેસ્ટ્રોલને નિયત્રંણમાં રાખવામાં મદદ કરે છે.

- **વજન ઘટાડવામાં ઉપયોગી**

તાંબાના જગમાં ભરેલું પાણી નિયમિત પીવાથી શરીરમાં વધેલી ચરબી ઘટવા લાગે છે. શરીર ઊર્જાવાન બને છે. આ માટે ફાસ્ટફૂડને તિલાંજલિ આપવી જરૂરી છે.


- **સાંધાના દુખાવામાં રાહતરૂપ**

તાંબાનાં વાસણનું જળ પીવાથી આર્થરાઈટિસ કે ઘૂંટણના દુખાવામાં રાહત થાય છે. તેનું મુખ્ય કારણ તાંબામાં સમાયેલ એન્ટિ ઈન્ફ્લેમેટરી ગુણોને કારણે દુખાવામાં રાહત મળે છે. બધી જ ધાતુઓમાં તાંબાને કિટાણુ રહિત કરવાના ગુણ વધુ પ્રમાણમાં જોવા મળે છે.

- **રોગપ્રતિકારક શક્તિ વધારે**

શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે તાંબાનો ઉપયોગ શ્રેષ્ઠ ગણાય છે. તાંબાનાં વાસણનું પાણી શરીરમાં મિનરલ્સની પૂર્તિ કરે છે.

# ગોલ્ડન મિલ્ક સ્વાસ્થ્ય માટે 'ગોલ્ડન'



હળદર વહેતા લોહીને અટકાવવા અથવા ઘાવ ઠીક કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. હળદર ભોજનનો સ્વાદ તેમજ રંગ વધારવા માટે પણ ઉપયોગી છે. તેનો ઉપયોગ સૌંદર્ય વૃદ્ધિ અને ત્વચાની સમસ્યાઓ દૂર કરવા માટે પણ થાય છે. આ ઉપરાંત હળદર શરીરને સ્વસ્થ રાખવામાં પણ ખૂબ જ અસરકારક હોય છે.

- **દવાનું કામ કરે છે બંનેનું મિશ્રણ**

હળદર અને દૂધ, સ્વાસ્થ્ય માટે આ બન્ને ફાયદાકારક છે. પણ દૂધની સાથે હળદરનો કોમ્બો એક અલગ પ્રકારની દવાનું કામ કરે છે અને ઘણી બીમારીઓને દૂર ભગાવે છે. જાણો હળદર અને દૂધથી કયા ફાયદા થાય છે.

- **વજન ઘટાડવામાં ફાયદાકારક**

ગરમ દૂધની સાથે હળદર પીવાથી શરીરમાં જામા થયેલું ફેટ ઘટે છે. તેની સાથે કેલ્શિયમ અને મિનરલ્સ કુદરતી રીતે વેટ લોટ કરવામાં મદદરૂપ થાય છે. વજન જલદી ઉતારવું હોય તો સ્કિમ્ડ મિલ્કમાં હળદાર નાખી પીઓ.

- **સારી ઉંઘ**

હળદરમાં એમીનો એસિડ હોય છે. માટે દૂધની સાથે તેને પીવાથી સારી અને મીઠી ઉંઘ આવે છે. અનિંદ્રાની સમસ્યા હોય તો ઉંઘવાના અડધા કલાક પહેલા ગરમ દૂધની સાથે હળદરનું સેવન કરો.

- **પીરિયડ્સમાં આરામ**

હળદર વાળું દૂધ પીવાથી પીરિયડ્સમાં થનારા ક્રેમ્પ્સમાં રાહત મળે છે અને માંસપેશિઓમાં થનારા દર્દમાંથી છૂટકારો મળે છે.


- **મજબૂત હાડકાં**

દૂધમાં સારા પ્રમાણમાં કેલ્શિયમ હોય છે અને હળદરમાં એન્ટિઓક્સીડેન્ટ્સ હોય છે માટે તેનું સેવન કરવાથી હડકાં મજબૂત થાય છે અને શરીરની ઈમ્યુનિટી સિસ્ટમ સારી રહે છે.

કરચલીઓ ભગાવે : ચહેરા પર પડેલી કરચલીઓના કારણે તમે સમયથી વહેલા વૃદ્ધ દેખાવા લાગો છો. હળદર વાળું દૂધ પીવાથી તે પણ દૂર થાય છે. કાચું દૂધ, વટાણાનો રસ, ચોખાનો લોટ અને હળદર ભેળવીને તેની પેસ્ટ જનાવો. તેને ચહેરા પર લગાવીને થોડું સૂકાવા દો. દૂધમાં રહેલા લેક્ટિક એસિડ તમારી ડેડ થયેલી સ્કિનને રિપેર કરશે.

# ઓઈલી સ્કિનથી છૂટકારો પામવા બેસનના ફેસપેક રામબાણ ઈલાજ

શિયાળો, ઉનાળો કે ચોમાસું કોઇ પણ સિઝનમાં ઓઇલી સ્કિનવાળી છોકરીઓ હંમેશા પરેશાન રહે છે. ગમે તેટલું ટ્રાઇ કરે પરંતુ ઓઇલી




ત્વચા તેમનો પીછો નથી છોડતી ત્યારે કેટલાક ઉપાયો અજમાવવાથી ઓઇલી સ્કિનથી છૂટકારો મળી જશે. તૈલી ત્વચાના કારણે ચહેરા પર ખીલ, બ્લેક હેડ્સ, વ્હાઇટ હેડ્સ વગેરે સમસ્યાઓ થઇ શકે છે. પરંતુ તમે આ સમસ્યાઓને માત્ર બેસનની મદદથી દૂર કરી શકે છે અને તમારી સ્કિન ખુલીને શ્વાસ લેવા લાગશે. કારણ કે, ચહેરાથી વધારાનું તેલ દૂર થવાથી રોમછિદ્રોને પર્યાપ્ત ઑક્સિજન મળી શકશે. બેસનના ફેસપેકનો કરો ઉપયોગ ઓઇલી સ્કિનથી છૂટકારો મેળવવા માટે તમે બેસનમાંથી બનતા આ ફેસપેકનો ઉપયોગ કરી શકો છો. બેસન ચેહરા પરથી વધારાનું તેલ શોષી લે છે અને તમને ઑઇલ-ફ્રી સ્કિન પ્રદાન કરે છે. દહીના એન્ટી-બેક્ટેરિયલ ગુણના કારણે ત્વચા સંક્રમણ મુક્ત થાય છે. તેના માટે થોડુક બેસન લઇને તેમાં 2 ચમચી દહીં મિક્સ કરીને પેસ્ટ બનાવી લો. આ પેસ્ટને ચહેરા પર 20 થી 25 મિનિટ સુધી લગાવીને રાખો અને ત્યારબાદ સામાન્ય પાણીથી ધોઈ નાંખો. તૈલી ત્વચાથી રાહત મેળવવા માટે આ ફેસપેક બનાવવું એકદમ સરળ છે. તેના માટે બેસનમાં થોડુક દૂધ મિક્સ કરીને પેસ્ટ બનાવી લો. આ પેસ્ટને ચહેરા પર લગાવીને અડધા કલાક સુધી સુકવવા દો અને ચહેરાને સામાન્ય પાણીથી ધોઇ નાંખો.. તેનાથી ચહેરાના ડાઘ-ધબ્બા દૂર થઇ જશે. બેસન અને હળદર ફેસપેક ત્વચાથી વધારાનું તેલ કાઢવા ઉપરાંત સંક્રમણને પણ અટકાવે છે. તેના માટે બેસનમાં થોડીક હળદર અને પાણી મિક્સ કરીને પેસ્ટ બનાવી લો. આ પેસ્ટને ચહેરા પર લગાઓ અને સુકવવા દો. ત્યારબાદ પાણીથી ધોઇ નાંખો.

**ઓઇલી સ્કીન કેમ થાય છે**

તૈલીય ત્વચાનુ કારણ ત્વચામાં વધારાનુ તેલ જમા થાય છે તે પણ છે. જ્યારે હોર્મોનની ગરબડના કારણે એન્ડ્રોજનનુ સ્તર વધે છે ત્યારે તૈલ ગ્રંથિઓ સક્રિય થઇને વધુ તેલ છોડવા લાગે છે અને શરીર પર વધુ તેલ વહેવા લાગે છે. આમ તો આ સમસ્યા ટીનેજમાં થાય છે, પરંતુ કેટલાક લોકોમા આનુવંશિક પણ હોઇ શકે છે.

# માટીના વાસણોમાં ભોજન બને છે વધુ હેલ્ધી



ધીમે ધીમે લોકો આયુર્વેદ અને નેચરોપેથી તરફ પાછા ફરી રહ્યા છે. આનો એક ભાગ માટીકામનો વધતો ઉપયોગ છે. આયુર્વેદ અને પ્રાકૃતિક ચિકિત્સા નિષ્ણાત કહે છે કે, જમીનમાં એવા તત્વો હોય છે જે શરીર માટે સીધા ફાયદાકારક હોય છે. ફરી એકવાર તેમાં ભોજન બનાવવાનું અને સર્વ કરવાનું ચલણ વધી રહ્યું છે. જે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારું છે, જાણો, માટીના વાસણમાં ખાવાનું રાંધીને તેમાં ભોજન રાખવાથી શું ફાયદા થાય છે અને વિજ્ઞાન શું કહે છે

નેચરોપેથી નિષ્ણાત કહે છે, માટીના વાસણમાં ખોરાક રાખવાથી ફોસ્ફરસ, કેલ્શિયમ અને મેગ્નેશિયમ જેવા ખનિજો શરીરમાં પહોંચે છે. જ્યારે અન્ય કાચ, સ્ટીલ કે એલ્યુમિનિયમના વાસણો આવા લાભ આપતા નથી. જમીનમાં તૈયાર કરીને રાખવામાં આવેલો ખોરાક પેટ માટે વિશેષ ફાયદાકારક છે. તે ગેસ અને અપચાની સમસ્યામાં રાહત આપે છે. જો તમારે હેલ્દી રહેવું છે તો માટીની હાંડીમાં મુકેલા ભોજનને ખાવાનું શરૂ કરો. તેમાં ઘણા પ્રકારના સુક્ષ્મણ પોષક તત્વો આવે છે જે ભોજનની સાથે સીધા શરીરમાં પહોંચે છે. આ તત્વ પ્રેશર કુકરમાં બનેલા ભોજનમાં નથી હોતા. માટે માટીના વાસણને કિચનનો ભાગ બનાવો અને સ્વસ્થ્ય રહો. કોલેસ્ટ્રોલને પણ અમુક હદ સુધી ઓછુ કરવામાં માટીના વાસણો મદદ કરે છે. એક્સપર્ટ કહે છે. જ્યારે વધુ તેલ વાળુ ભોજન માટીના વાસણમાં મુકવામાં આવે તો તે અમુક હદ સુધી તેલને એબ્ઝોર્બ કરે છે. વધારે તો નહીં પરંતુ અમુક હદ સુધી કોલેસ્ટ્રોલના લેવલને ઓછુ કરે છે. તે ઉપરાંત માટીના વાસણમાં બનાવવામાં આવેલા ભોજનમાં ખાસ પ્રકારની સુગંધ અને સ્વાદ હોય છે. તેનો સ્વાદ અલગ જ હોય છે. જો તમે માટીના વાસણનો ઉપયોગ કરવા માંગો છો તો તેને 15થી 20 મિનિટ માટે પાણીમાં પલાળી લો.

# શરીરને સ્વસ્થ રાખવા માટે ૮ કલાકની પૂરતી ઊંઘ જરૂરી

આજના ભાગદોડ ભર્યા જીવનમાં ઘણા લોકો મોડી રાત સુધી કામ કરે છે, જેના કારણે તેઓ પૂરતી ઊંઘ લઇ શકતા નથી અને સ્વાસ્થ સંબંધિત કેટલીક સમસ્યાઓનો શિકાર બને છે. તમને જાણીને નવાઇ લાગશે, પરંતુ આપણે પૂરતી ઊંઘ દ્વારા પણ સ્વાસ્થ સંબંધિત ઘણી સમસ્યાઓને ટાળી શકીએ છે. સારા સ્વાસ્થ્ય માટે ગાઢ અને પૂરતી ઊંઘ ખૂબ જરૂરી છે. તે આપણા શરીરને રીકવર અને રીપેર થવા માટે પાવર આપે છે. પર્યાપ્ત ઊંઘથી ન માત્ર સ્થૂળતા પરંતુ હ્યદયરોગ જેવી બીમારીઓથી પણ દૂર રહી શકીએ છીએ. ઊંઘ એ એક આવશ્યક કાર્ય છે જે આપણા શરીર અને મનને રિચાર્જ કરવામાં મદદ કરે છે. તદુપરાંત, તંદુરસ્ત ઊંઘ શરીરને ફિટ રહેવામાં પણ મદદ કરે છે અને તે કોઈપણ રોગોને અટકાવે છે. જ્યારે આપણને પૂરતી ઊંઘ નથી મળતી, ત્યારે આપણું મગજ યોગ્ય રીતે કામ કરતું નથી અને તે ધ્યાન કેન્દ્રિત કરવાની, સ્પષ્ટ રીતે વિચારવાની અને યાદોને પ્રક્રિયા કરવાની આપણી ક્ષમતાઓને નબળી પાડી શકે છે.

પુખ્ત વયના લોકોને જરૂરી ઊંઘની પૂરતી માત્રા સાતથી નવ કલાકની રેન્જની હોય છે. જો કે, કામના સમયપત્રક, રોજબરોજના તણાવ, બેડરૂમમાં વિક્ષેપજનક વાતાવરણ અને તબીબી પરિસ્થિતિઓ આપણને પર્યાપ્ત અને શાંતિપૂર્ણ ઊંઘ મેળવવાથી રોકી શકે છે. તેથી, તંદુરસ્ત આહાર અને સારી જીવનશૈલીની



ટેવો દરરોજ રાત્રે સારી ઊંઘની ખાતરી કરી શકે છે. જો કે, કેટલાક લોકો માટે, ઊંઘની તીવ્ર અભાવ એ સ્લીપ ડિસઓર્ડરની નિશાની હોઈ શકે છે.સારી ઊંઘ વય-યોગ્ય હોય છેઊંઘ વ્યક્તિના મનની સ્થિતિ અને સામાન્ય રીતે એકંદર આરોગ્યને પ્રતિબિંબિત કરે છે. સારી ઊંઘ એ છે જે સમયગાળોમાં વય-યોગ્ય હોય છે, ગુણાત્મક રીતે પર્યાપ્ત સમયગાળાના ઊંઘના વિવિધ તબક્કામાં વિભાજિત થાય છે અને જે આખરે વ્યક્તિને સવારે અને આખા દિવસ દરમિયાન તાજગી અનુભવે છે. જો કે તંદુરસ્ત પુખ્ત વયના લોકો દ્વારા દિવસના સારા કાર્યને જાળવવા માટે જરૂરી કુલ ઊંઘની માત્રામાં વ્યાપક તફાવત છે, તે વ્યાપકપણે સ્વીકારવામાં આવે છે કે મોટા ભાગના પુખ્ત વયના લોકો માટે સારી, એકીકૃત 8 કલાકની અવિરત રાત્રિ ઊંઘ જરૂરી છે.

બેંગલુરુમાં ૧૨-૧૩ ફેબ્રુઆરીએ IPLના ઈતિહાસની સૌથી મોટી હરાજી

# IPL 2022 મેગા ઓક્શનમાં યુવા ખેલાડીઓ પર ફ્રેન્ચાઈઝીઓની બાજ નજર

ગુજરાત વંદન

વિશ્વની સૌથી લોકપ્રિય લીગ ઈન્ડિયન પ્રીમિયર લીગ(IPL)2022ની હરાજી 12 અને 13 ફેબ્રુઆરીએ બેંગલુરુમાં આઈપીએલના ઈતિહાસની સૌથી મોટી હરાજી થવા જઈ રહી છે. જેમાં 10 ટીમો ભાગ લઈ રહી છે. બીસીસીઆઈએ આઈપીએલ હરાજી માટે કુલ 590 ખેલાડીઓને શોર્ટલિસ્ટ કર્યા છે. જેમાં 370 ભારતીય અને 220 વિદેશી ખેલાડીઓ સામેલ છે.

બીસીસીઆઈએ કુલ 590 ખેલાડીઓને શોર્ટલિસ્ટ કર્યા છે, જેના પર બેંગલુરુમાં 2 દિવસ સુધી ચાલનારી હરાજી પ્રક્રિયામાં બોલી લગાવવામાં આવશે. આ વખતે લખનઉ અને અમદાવાદ એમ બે નવી ટીમોને આઈપીએલમાં સામેલ કરવામાં આવી છે.



કેપ્ટન યશ ધુલ પર પણ ફ્રેન્ચાઈઝી મોટી બોલી લગાવી શકે છે. ભારતની અંડર-19 ટીમના કેપ્ટન યશ ધુલ ખૂબ જ પ્રતિભાશાળી બેટર છે. છેલ્લી વખત સનરાઈઝર્સ હૈદરાબાદે અંડર-19 વર્લ્ડકપના કેપ્ટન પ્રિયમ ગર્ગને ખરીદ્યો હતો.

દિલ્હી કેપિટલ્સે પણ અંડર-19 ટીમની કેપ્ટનશિપ કરનારા પૃથ્વી શોને પોતાની ટીમનો ભાગ બનાવ્યો હતો. તેવામાં જોવાનું એ આવશે કે યશ ધુલને આ વખતે કઈ ટીમ સિલેક્ટ કરે છે. અંડર-19ના વર્લ્ડકપમાં આ ખેલાડીનું પ્રદર્શન શાનદાર રહ્યું છે. તેણે વર્લ્ડકપમાં 3 શાનદાર ફિફ્ટી લગાવી છે. સાઉથ આફ્રિકા વિરુદ્ધ આ ખેલાડીએ 82 રન માર્યા હતા.

ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ યશે 52 અને વેસ્ટ ઈન્ડીઝ વિરુદ્ધ 50 રનોની ઈનિંગ રમી હતી. આ બંને વોર્મ અપ મેચ હતી. લખનઉને સંજીવ ગોયન્કાના આરપીએસજી ગ્રૂપે 7090 કરોડ રૂપિયા અને અમદાવાદને સીવીસી કેપિટલ ગ્રૂપે 5625 કરોડ રૂપિયામાં ખરીદ્યા છે.

| | |
|---|---|
| ચેન્નાઈ | રવીન્દ્ર જાડેજા, ધોની, મોઇન અલી,ગાયકવાડ |
| આરસીબી | વિરાટ કોહલી, ગ્લેન મેક્સવેલ, મો. સિરાજ |
| કેકેઆર | આન્દ્રે રસેલ, વીંચક્રવર્તી, વી. અય્યર, નારાયણ |
| હૈદરાબાદ | વિલિયમસ, અબ્દુલ સમદ, ઉમરાન મલિક |
| પંજાબ | મયંક અગ્રવાલ, અર્શદીપ સિંહ |
| દિલ્હી | પંત, અક્ષર પટેલ,પૃથ્વી શો, એનરિક નોર્ત્જે |
| મુંબઈ | રોહિત શર્મા, બુમરાહ, સૂર્યકુમાર યાદવ, પોલાર્ડ |
| રાજસ્થાન | સેમસન, બટલર અને યશસ્વી જાયસવાલ |
| અમદાવાદ | હાર્દિક પંડ્યા, રશિદ ખાન અને શુભમન ગિલ |
| લખનઉ | કેએલ રાહુલ, રવિ બિશ્નોઈ, માર્કસ સ્ટોઈનિસ |

**ગુજરાતના ખેલાડીઓ**

| ખેલાડીનું નામ | બેઝ પ્રાઈઝ |
|---|---|
| કૃણાલ પંડ્યા | 2 કરોડ |
| પિયુષ ચાવલા | 1 કરોડ |
| જયદેવ ઉનાડકટ | 75 લાખ |
| ચેતેશ્વર પુજારા | 50 લાખ |
| ચેતન સાકરીયા | 50 લાખ |
| શેલ્ડન જેક્સન | 30 લાખ |
| રીપલ પટેલ | 20 લાખ |
| પ્રિયાંક પંચાલ | 20 લાખ |
| ઉર્વિલ પટેલ | 20 લાખ |
| ચિરાગ ગાંધી | 20 લાખ |
| સૌરવ ચૌહાણ | 20 લાખ |
| હાર્દિક દેસાઈ | 20 લાખ |
| યુવરાજ ચુડાસમા | 20 લાખ |
| ધર્મેન્દ્ર જાડેજા | 20 લાખ |
| વિષ્ણુ સોલંકી | 20 લાખ |
| તરંગ ગોહેલ | 20 લાખ |
| સમર્થ વ્યાસ | 20 લાખ |
| અંશ પટેલ | 20 લાખ |

| આઈપીએલની કુલ દસ ટીમો | કેટલા રૂપિયા | કેટલા ખેલાડી ખરીદી શકે |
|---|---|---|
| કિંગ્સ ઈલેવન પંજાબ | 72 કરોડ રૂપિયા | 23 ખેલાડી |
| સનરાઈઝ હૈદરાબાદ | 68 કરોડ રૂપિયા | 22 ખેલાડી |
| રાજસ્થાન રોયલ્સ | 68 કરોડ રૂપિયા | 22 ખેલાડી |
| લખનઉ સુપરજાયન્ટસ | 59 કરોડ રૂપિયા | 22 ખેલાડી |
| રોયલ ચેલેન્જર્સ | 57 કરોડ રૂપિયા | 22 ખેલાડી |
| અમદાવાદ ટાઇટન્સ | 48 કરોડ રૂપિયા | 22 ખેલાડી |
| મુંબઈ ઈન્ડિયન | 52 કરોડ રૂપિયા | 21 ખેલાડી |
| ચેન્નાઈ સુપર કિંગ્સ | 48 કરોડ રૂપિયા | 21 ખેલાડી |
| કોલકાતા નાઈટ રાઈડર્સ | 48 કરોડ રૂપિયા | 21 ખેલાડી |
| દિલ્હી કેપિટલ્સ | 47કરોડ રૂપિયા | 21 ખેલાડી |

ગુજરાતી ક્રિકેટ ફેન્સમાં ઉત્સાહ

# ‘ગુજરાત ટાઈટન્સ’ નામ સાથે હાર્દિક એન્ડ ટીમ મેદાનમાં ઊતરશે

ગુજરાત વંદન

IPL 2022માં લખનઉ પછી અમદાવાદ ફ્રેન્ચાઈઝીએ પોતાની ટીમનું નામ જાહેર કરી દીધું છે. આ અગાઉ લખનઉ પછી અમદાવાદ ફ્રેન્ચાઈઝીએ પોતાની ટીમનું નામ જાહેર કરી દીધું છે જેને પગલે હવે ટીમ ‘ગુજરાત ટાઈટન્સ’ના નામથી મેદાનમાં ઉતરશે. નોંધનીય છે કે, અમદાવાદે પોતાની ટીમના કેપ્ટન તરીકે હાર્દિક પંડ્યાની વરણી કરી છે.

IPL 2022ની હરાજી 12 અને 13 ફેબ્રુઆરીએ બેંગલુરુમાં થવા જઈ રહી છે. આ વખતે આઈપીએલના ઈતિહાસની સૌથી મોટી હરાજી થવા જઈ રહી છે, જેમાં 10 ટીમ ભાગ લઈ રહી છે. બીસીસીઆઈએ કુલ 590 ખેલાડીને શોર્ટલિસ્ટ કર્યા છે, જેમાં 370 ભારતીય અને 220 વિદેશી ખેલાડીઓ સામેલ છે જેના પર બેંગલુરુમાં 2 દિવસ સુધી ચાલનારી હરાજી પ્રક્રિયામાં બોલી લગાવવામાં આવશે. આ વખતે લખનઉ અને અમદાવાદ એમ બે નવી ટીમને આઈપીએલમાં સામેલ કરવામાં આવી છે.



આ વખતે આઇપીએલમાં શ્રેયસ ઐયર, શિખર ધવન, રવિચંદ્રન અશ્વિન, મોહમ્મદ શમી, ઈશાન કિસાન, અજિંક્ય રહાણે, સુરેશ રૈના, યજુવેન્દ્ર ચહલ જેવા ખેલાડીઓનું નમા પણ ઓક્શનમાં સામેલ છે. જો કે, એબી ડિવિલર્સ, ક્રિસ ગેલ જેવા મોટા નામ જે આઇપીએલની શાન છે તેઓ આ વર્ષે લિસ્ટનો હિસ્સો નથી.

આ વર્ષે જે 590 ક્રિકેટર્સની બોલી લાગવા જઈ રહી છે, એમાં 228 કેપ્ડ પ્લેયર્સ છે, જ્યારે 355 એનકેપ્ડ પ્લેયર્સ છે, એ ઉપરાંત 7 ખેલાડી એસોશિએટ નેશનના પણ છે.

જો વિદેશી ખેલાડીઓની વાત કરીએ તો આ વખતે ફાફ ડુ પ્લેસીસ, ડેવિડ વોર્નર, પેન્સ કટિંગ, કસીંગો રબાડા, ટ્રેન્ટ બોલ્ટ, કવિંટન ડી કોક, જોની બેયરસ્ટો, જેસન હોલ્ડર, ડ્વેન બ્રાવો, શાકીબલ હસન, અન્ય ખેલાડીઓ સામેલ છે

ઉલ્લેખનીય છે કે, IPLમાં અમદાવાદની ટીમને સીવીસી ગ્રુપે 5625 કરોડ રૂપિયામાં ખરીદ્યા બાદ વિવાદ સર્જાયો હતો કારણ કે, કારણ કે સીવીસી ગ્રુપે કેટલીક બેટિંગ કંપનીમાં રોકાણ કર્યું છે. જોકે, બીસીસીઆઈએ આ અંગે ગ્રીન સિગ્નલ આપી દીધું છે. IPL 2022 માટે અમદાવાદ ટીમે ત્રણ ખેલાડીને પોતાની ટીમમાં લઈ લીધા છે. હાર્દિક પંડ્યા અને રાશિદ ખાનને 15-15 કરોડ રૂપિયા અને શુભમન ગિલને સાત કરોડ મળશે.

# અફઘાન ક્રિકેટર મોહમ્મદ શહજાદ મેદાનમાં જ સિગારેટ ફૂંકવા લાગ્યો

ગુજરાત વંદન



બાંગ્લાદેશ પ્રીમિયર લીગ (BPL 2022)માં શુક્રવારે વરસાદના કારણે બંને મેચ ધોવાઈ ગઈ હતી પરંતુ મેદાન પર કંઈક એવું બન્યું જેની ભારે જ ચર્ચા થવા લાગી. વાસ્તવમાં, જ્યારે મેચ શરૂ થવાની રાહ જોઈ રહી હતી, ત્યારે મિનિસ્ટર ગ્રુપ ઢાકાના ઓપનર મોહમ્મદ શહજાદ બીચ પર સિગારેટ પીતા જોવા મળ્યા હતા. શહઝાદના આ વર્તન બાદ તેમના અનુશાસન રેકોર્ડમાંથી એક ડિમેરિટ પોઈન્ટ પણ ઘટાડવામાં આવ્યો છે. તેની સ્મોકિંગની તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે. મોહમ્મદ શહઝાદ વાઈરલ તસ્વીરમાં મિનિસ્ટર ઢાકા તથા કોમિલા વિક્ટોરિયંસ વિરુદ્ધ મુકાબલા પહેલા મેદાનમાં સિગારેટનો ધુંવાડો ઉડાવતા દેખાઈ રહ્યા છે. ક્રિકેટ ફેંસે શહઝાદની ભારે આલોચના કરી.

શુક્રવારે બાંગ્લાદેશ પ્રીમિયર લીગમાં બે મુકાબલાઓ થવાના હતા, પરંતુ બંન્ને મુકાબલાઓ વરસાદને કારણે રદ્દ કરવામાં આવ્યા હતા. વરસાદને કારણે મેચ શરુ થવાની રાહ જોતા સમયે અફઘાનિસ્તાનના વિકેટકીપર બેટ્સમેન મોહમ્મદ શહઝાદ પોતાની અફઘાનિસ્તાનની ટીમના સાથી ખેલાડીઓ સાથે ઉભા હતા. આ દરમિયાન શહઝાદે મેદાન પર સિગારેટ પીવાનું શરુ કરી દીધું,.

ભારતીય યુવા બ્રિગેડ ટૂર્નામેન્ટમાં ૬૦ વિકેટ લેનાર એકમાત્ર ટીમ

# અંડર ૧૯ વર્લ્ડ કપ ચેમ્પિયન ટીમ પર બીસીસીઆઈની ધન વર્ષા

ગુજરાત વંદન

ભારતીય અન્ડર 19 ક્રિકેટ ટીમે વેસ્ટ ઈન્ડિઝમાં પાંચમી વખત અંડર-19 વર્લ્ડ કપ જીતીને ઇતિહાસ રચ્યો હતો. કપ્તાન યશ ધુલની આગેવાનીમાં ઇંગ્લેન્ડ સામેની ફાઇનલમાં ભારતીય ટીમનો ચાર વિકેટે વિજય થયો હતો. આ સાથે સૌથી વધુ વખત ટુર્નામેન્ટ જીતવાનો ઇતિહાસ ધરાવતી ટીમ ઇન્ડિયા વધુ એક વખત વિજેતા બની છે. ઇંગ્લેન્ડની ટીમ ને 24 વર્ષના લાંબી રાહને પુરી કરવાનુ સપનુ હતુ પરંતુ ભારતીય યુવા ખેલાડીઓએ તે અંગ્રેજ ટીમના સપનાને રગદોળી નાંખ્યુ હતુ. ભારતીય ખેલાડીઓએ બોલીંગ અને બેટીંગ બંનેમાં ઇંગ્લેન્ડને પછાડ્યુ હતુ. ભારત સામે ઇંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરતા 190 રનનુ લક્ષ્યાંક રાખ્યુ હતુ. જેને યશ ધુલની આગેવાની વાળી ટીમે આસાનીથી પાર પાડી લીધુ હતુ. ચર ઓફ ધ મેચ રહેલા ઓલરાઉન્ડર રાજ બાવાએ 5 વિકેટ ઝડપવાની સાથે 35 રન કર્યા હતા.



બોર્ડ સચિવ જય શાહએ ફાઇનલમાં ભારતની જીત બાદ ટ્વિટ કરી લખ્યું છે કે, ‘અંડર-19 વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કરી કપ જીતનારી અંડર-19 ટીમનાં સભ્યોને બીસીસીઆઈ 40-40 લાખ રૂપિયા રોકડા પુરસ્કાર પેટે આપશે. અને સપોર્ટ સ્ટાફને 25- 25 લાખ રૂપિયા આપવામાં આવશે. ભારત વિરુદ્ધ તમામ 6 મેચમાં વિરોધી ટીમ સંપૂર્ણ 50 ઓવર ન રમી શકી અને ઓલઆઉટ થઈ હતી પરિણામે ટૂર્નામેન્ટમાં 60 વિકેટ લેનાર એકમાત્ર ટીમ રહી હતી. યશ ધુલ ભારતને વર્લ્ડ કપ ચેમ્પિયન બનાવનાર ત્રીજો કેપ્ટન છે, જે દિલ્હીથી છે. આ અગાઉ ઉન્મુક્ત ચંદ (2012) અને કોહલીએ(2008) આ સિદ્ધિ મેળવી હતી. આ દરમિયાન યશને વર્લ્ડ કપની ઈસીસી મોસ્ટ વેલ્યૂએબલ ટીમમાં કેપ્ટન બનાવવામાં આવ્યો છે.

**ટૂર્નામેન્ટમાં ભારતનું રેકોર્ડબ્રેક પ્રદર્શન**

400+ સ્કોર કરનાર એકમાત્ર ટીમ, હાઈએસ્ટ સ્કોર-405/5 યુગાન્ડા, સૌથી મોટી જીત-326 રન યુગાન્ડા, સર્વશ્રેષ્ઠ વ્યક્તિ સ્કોર-162* રાજ બાવા, ઈનિંગ્સમાં સૌથી વધુ છગ્ગા- 8 રાજ બાવા

મુખ્યમંત્રી ગેહલોત અને ગાંગુલીએ કર્યો શિલાન્યાસ

# પિંક સિટીમાં વિશ્વનું ત્રીજુ સૌથી મોટું સ્ટેડિયમ બનશે

ગુજરાત વંદન

રાજસ્થાનના ગુલાબી શહેર જયપુરમાં દેશનું બીજું અને વિશ્વનું ત્રીજું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડીયમનો શનિવારે શિલાન્યાસ કરવામાં આવ્યો છે. આ દરમિયાન મુખ્યમંત્રી અશોક ગેહલોત સાથે બીસીસીઆઈ પ્રમુખ સૌરવ ગાંગુલી અને સેક્રેટરી જય શાહ પણ વર્ચ્યુઅલ રીતે હાજરી આપી હતી. આ પહેલાં રાજસ્થાન ક્રિકેટ એસોશિયશનના અધિકારીઓઓ સવારે ભૂમિપૂજન કર્યું હતુ. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ સ્ટેડીયમના પ્રથમ તબક્કાનું નિર્માણ 280 કરોડમાં થશે.

રાજસ્થાન ક્રિકેટ એસોશિયશનના પ્રમુખ વૈભવ ગેહલોતે કહ્યું હતું કે અમારું લક્ષ્ય અઢીથી ત્રણ વર્ષમાં આ ઇન્ટરનેશનલ સ્ટેડિયમના પ્રોજેક્ટને પૂર્ણ કરવાનું છે. આ દેશનું બીજું અને વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટેડિયમ હશે, જેમાં 75 હજાર દર્શકોની બેઠક ક્ષમતા વિકસાવવામાં આવશે. સ્ટેડિયમનું નિર્માણ 2 તબક્કામાં કરવામાં આવશે. આ સ્ટેડિયમમાં 11 ક્રિકેટ પીચ, 2 પ્રેક્ટિસ ગ્રાઉન્ડ, એક ક્રિકેટ એકેડમી ઉપરાંત હોસ્ટેલ, પાર્કિંગ, સ્પોટ્ર્સ ક્લબ, હોટેલ અને જિમ વગેરે જેવી સુવિધાઓ હશે, જે આંતરરાષ્ટ્રીય કક્ષાની હશે.

જયપુરના આ નવા સ્ટેડિયમમાં ૭૫ હજાર લોકો બેસીને મેચ જોઈ શકશે. તેને બે ચરણોમાં બનાવવામાં આવશે. ગૌરવ ગૌયલે કહ્યું કે પહેલા ચરણ અંતર્ગત ૪૫,૦૦૦ લોકોની ક્ષમતા સાથે તેનું નિર્માણ કરવામાં આવશે જયારે બીજા ચરણમાં તેની ક્ષમતામાં ૩૦,૦૦૦નો વિસ્તાર કરવામાં આવશે. પહેલા ચરણ અંતર્ગત ૪૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. આરસીએ ૧૦૦ કરોડ રૂપિયાની લોન લેશે, ૯૦ કરોડ રૂપિયા કોર્પોરેટ બોકસ મારફતે જમા કરાશે.સ્ટેડિયમનું નિર્માણ લગભગ ૧૦૦ એકર જમીન પર થશે અને અઢી થી ત્રણ વર્ષમાં લગભગ ૬૫૦ કરોડ રૂપિયાનું રોકાણથી પુરૂ થશે. બીસીસીઆઈએ લોન દરમિયાન ૧૦૦ કરોડની ગ્રાન્ટ આપી છે. ૧૦૦ કરોડ રૂપિયા એકઠા કરવામાં આવશે. ૯૦ કરોડ રૂપિયા આરસીએ અને અન્ય દ્વારા જમા કરવામાં આવશે.



નોંધનીય છે કે, વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ નરેન્દ્ર મોદી છે જેમાં દર્શકોની ક્ષમતા 1 લાખ 10 હજાર છે. જ્યારે ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડની ક્ષમતા એક લાખ દર્શકોની છે. હવે જયપુરમાં બનનારું આ સ્ટેડિયમ દેશનું બીજું અને વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટેડિયમ હશે જ્યાં 75 હજાર દર્શકો બેસી શકશે.

# ટેસ્ટ ટીમમાંથી પુજારા-રહાણે ક્લિન બોલ્ડ!

**રણજી ટ્રોફીમાં સારુ પ્રદર્શન દાખવી ટીમમાં પરત ફરો : સૌરવ ગાંગુલી**



ગુજરાત વંદન

ભારતીય ટેસ્ટ ટીમમાં સીનિયર ખેલાડી ચેતેશ્વર પુજારા અને અજિંક્ય રહાણે છેલ્લા ઘણા સમયથી ખરાબ ફોર્મમાંથી પસાર થઈ રહ્યા છે જેના પગલે તેમના કરિયર પર તલવાર લટકી રહી છે. આ સ્થિતિ વચ્ચે ભારતીય ક્રિકેટ કંન્ટ્રોલ બોર્ડના પ્રમુખ સૌરવ ગાંગુલીએ પુજારા અને રહાણેને ફરીથી રણજી ટ્રોફીમાં સારૂ પ્રદર્શન દાખવી ટીમમાં પરત ફરવું જોઈએ તેમ કહ્યું છે. પરિણામે હવે આગામી સમયમાં ભારતીય ટેસ્ટ ટીમમાં પુજારા અને રહાણેના સ્થાને કોઈ યુવા બેટરને તક મળી શકે છે. એટલું જ નહીં મીડિયા રિપોટ્ર્સના આધારે આ બંને ખેલાડીને BCCIના ગ્રેડ-A કોન્ટ્રાક્ટમાંથી પણ ડિમોટ કરી શકાય છે.

નોંધનીય છે કે, જાન્યુઆરીમાં સાઉથ આફ્રિકાએ ભારત સામે 2-1થી ટેસ્ટ શ્રેમી જીતી લીધી હતી. જેમાં અજિંક્ય રહાણે 6 ઇનિંગમાં માત્ર 136 રન અને ચેતેશ્વર પુજારાએ 6 ઇનિંગમાં માત્ર 135 રન બનાવ્યા હતા. બંને પર ટેસ્ટ ટીમમાં પોતાની જગ્યા પર જોખમ તોળાઈ રહ્યું છે.

અજિંક્ય રહાણે અને પુજારા છેલ્લા ઘણા સમયથી ખરાબ ફોર્મમાં છે. તેવામાં જો રહાણેની વાત કરીએ તો તેણે મેલબર્નમાં સદી કર્યા પછી માત્ર 3 ફિફ્ટી જ મારી છે. તો બીજી બાજુ પુજારાએ તો 2019 પછી એકપણ સદી મારી નથી એટલું જ નહીં આ દરમિયાન તે સૌથી વધુ 20થી 30 રનના સ્કોરમાં પેવેલિયન ભેગો થયો છે. હવે આ બંને બેટરના ખરાબ ફોર્મ અને પ્રદર્શનને જોતા BCCI પ્રેસિડેન્ટ ગાંગુલીએ તેમને રણજી ટ્રોફી રમવા ટકોર કરી છે.

પાકિસ્તાન પ્રવાસ પહેલા કાંગારૂ ક્રિકેટમાં ભૂકંપ

# ઓસ્ટ્રેલિયા ક્રિકેટ ટીમના કોચ જસ્ટિન લેંગરે આપ્યું રાજીનામું



ગુજરાત વંદન

ઓસ્ટ્રેલિયા ક્રિકેટ ટીમના કોચ જસ્ટિન લેંગરે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમના માર્ગદર્શન હેઠળ ઓસ્ટ્રેલિયાએ તાજેતરમાં પાંચ ટેસ્ટની એશિઝ સીરીઝમાં ઈંગલેન્ડને 4-0થી હરાવ્યું હતું. આ સિવાય ગયા વર્ષે જ્યારે લેંગર કોચ હતા ત્યારે ઓસ્ટ્રેલિયાએ T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો. શનિવારે ડાયનેમિક સ્પોટ્ર્સ એન્ડ એન્ટરટેઈનમેન્ટ ગ્રુપે જાહેરાત કરી છે કે જસ્ટિન લેંગરે ઓસ્ટ્રેલિયાની મેન્સ ટીમના કોચ પદેથી રાજીનામું આપ્યું છે.

અગાઉ, જસ્ટિન લેંગરે પણ ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા આપવામાં આવતા બોનસની ઓફરને ઠુકરાવી દીધી હતી. કારણ કે તેમનું માનવું હતું કે એવા સમયે સ્વીકારવું ‘નૈતિક રીતે અયોગ્ય’ હશે જ્યારે ક્રિકેટ બોર્ડે કોરોનાના કારણે ઘણા લોકોને નોકરીમાંથી કાઢી મૂક્યા છે. જસ્ટિન લેંગરના કોચિંગમાં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ વખત T20 વર્લ્ડ કપ જીત્યો અને પછી એશિઝ પર પણ કબજો કર્યો, ત્યારબાદ ઓસ્ટ્રેલિયાના કોચને બોનસ આપવામાં આવી રહ્યું હતુ.

**એન્ડ્રૂ મેકડોનાલ્ડ લેંગરની જગ્યા લેશે**

પાકિસ્તાન પ્રવાસ પહેલા લેંગરે રાજીનામું આપ્યું

ઓસ્ટ્રેલિયન ટીમ માર્ચમાં પાકિસ્તાનનો પ્રવાસ કરવાની છે. ઓસ્ટ્રેલિયાનો પાકિસ્તાન પ્રવાસ 24 વર્ષ બાદ થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં આ ઐતિહાસિક પ્રવાસ પહેલા મુખ્ય કોચ જસ્ટિન લેંગરનું રાજીનામું ઓસ્ટ્રેલિયન ટીમ માટે સારા સમાચાર નથી. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા સાથે જસ્ટિન લેંગરની ડીલ જૂન સુધી હતી. પરંતુ, તેનો કરાર પૂરો થતાં પહેલા તેનું રાજીનામું દર્શાવે છે કે ઓસ્ટ્રેલિયન ટીમમાં બધુ બરાબર નથી.

જો કે જસ્ટિન લેંગરના રાજીનામા બાદ હવે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ એન્ડ્રુ મેકડોનાલ્ડને ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમના નવા કોચ તરીકે નિયુક્ત કર્યા છે. મેકડોનાલ્ડે IPLમાં રાજસ્થાન રોયલ્સની એક સિઝન માટે કોચ તરીકે પણ સેવા આપી છે. જો કે, રાજસ્થાન ફ્રેન્ચાઈઝી દ્વારા તેને એક સિઝન પછી પડતો મૂકવામાં આવ્યો હતો.

# અમદાવાદમાં હવે સાયન્સ સિટીથી પણ હેલિકોપ્ટર રાઈડ્સ શરૂ થશે



● રિવરફ્રન્ટ પર દર શુક્રવારે અને શનિવારે રાઈડ ચાલે છે

ગુજરાત વંદન

અમદાવાદમાં શહેરીજનો હેલિકોપ્ટરમાં બેસીને એરિયલ વ્યૂની મજા માણે તેના માટે સાબરમતી રિવરફ્રન્ટથી નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ સુધી જોય રાઈડ શરૂ કરવામાં આવી છે. જો કે માર્ચ 2022થી સાયન્સ સિટીથી થોળ અને અદાણી શાંતિગ્રામ તરફની જોય રાઈડ શરૂ કરવામાં આવી શકે છે.

એરોટ્રાન્સ એર ચાર્ટર સર્વિસ પૂરી પાડતી કંપનીના ડાયરેક્ટર જણાવ્યું કે, અત્યારે સાબરમતી રિવરફ્રન્ટથી જોય રાઈડ શરૂ કરવામાં આવી છે. જેમાં દર શુક્રવારે અને શનિવારે રાઈડ ચાલે છે. જેને નાગરિકોનો પુરો સપોર્ટ મળી રહ્યો છે. ગત જાન્યુઆરી મહિનામાં પણ તમામ રાઈડ્સ ફૂલ હતી. જેમાં 600 લોકોએ આ જોય રાઈડની મજા માણી હતી.

આગામી માર્ચ મહિનાથી સાયન્સ સિટીથી નવો રૂટ શરૂ કરવાનું અમે આયોજન કરી રહ્યા છીએ. જેના માટે ATC પરમિશન વગેરેની પ્રક્રિયા ચાલી રહી છે. ઝડપથી આ રૂટ શરૂ થશે, જેમાં એક દિવસ રિવરફ્રન્ટ અને એક દિવસ સાયન્સ સિટીથી ચાલશે. લોકોના ઉત્સાહને ધ્યાને રાખીને ભવિષ્યમાં વધારે રૂટ્સની પણ શરૂઆત કરવામાં આવશે.

અમારી પાસે નાના જેટ્સ છે, જેના થકી ક્લાયન્ટ્સ દેશના કોઈપણ ખૂણે પ્રવાસ કરી શકે છે. ટૂંકા અંતરની મુસાફરી માટે અમારી પાસે સ્મોલ પિસ્ટન એન્જિન એરોપ્લેન્સ અને ટર્બોપ્રોપ એરોપ્લેન્સ છે. ધાર્મિક સ્થળોએ પહોંચવા માટે, નવરાશની પળોમાં મુસાફરી માટે અને રજાઓ માણવા માટે અમારી પાસે એરોપ્લેન્સ છે.

આ સ્થળોમાં ભુજ, દમણ, દીવ, કેશોદ, માંડવી, પોરબંદર, આબુ રોડ, રણથંભોર, ઉદયપુર, ઉજ્જૈન, શિરડી, ખજૂરાહો વગેરેનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે હેલિકોપ્ટરમાં બેસીને રિવરફ્રન્ટ સહિત અમદાવાદનો નજારો જોવામાં લોકોનો જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે.



તસ્વીર - અશ્વિન સાધુ

શિયાળો ધીમે ધીમે વિદાય લઈ રહ્યો છે અને વસંતી વાયરા ફૂંકાઈ રહ્યા છે ધીમેધીમે ઉનાળાની શરૂઆત થાય તે પહેલા અમદાવાદમાં વસ્ત્રાપુર તળાવનું પાણી અત્યારથી જ સુકાઈ રહ્યું છે. ભર ઉનાળે એમાં પાણીને બદલે સૂકી ભટ જમીન જોવા મળે તો નવાઈ નહીં.

# ગુજરાતમાં ૧૦ કરોડ ડોઝ વેક્સિનેશન

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કેક કાપીને ઉજવણી કરાઈ

**સુપ્રિટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશી એ તમામ આરોગ્ય કર્મીઓ અને ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સની ઉમદા કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા**



ગુજરાત વંદન

ગુજરાત સરકાર દ્વારા દસ કરોડ થી પણ વધારે કોરોના પ્રતિરોધક વેક્સિનેશનના ડોઝ આપવામાં આવ્યા છે. આ અપ્રતિમ સફળતાને વધાવતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ દ્વારા કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી.

આ અવસરે સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશીએ તમામ આરોગ્ય કર્મીઓ અને ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સની ઉમદા કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# બાંગ્લાદેશી સમજીને SOG દ્વારા ધરપકડ કરાયેલ યુવકને છોડવા આદેશ

માતાની હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ ; ૨૦ મહિને જેલમાંથી છુટકારો



**બિનભારતીય-ગેરકાયદે ધુસેલા બાંગ્લાદેશી ઠેરવીને પોલીસ ઉપાડી ગઈ હતી.**

ચંડોળા તળાવ નજીક 1965થી રહેતા પરિવારના પુત્રને એસઓજીની ટીમ બાંગ્લાદેશી સમજીને ઉપાડી ગઈ હતી. યુવકનો પરિવાર છૂટક મજૂરી અને બાંધકામ સાથે જોડાયેલો છે.

પોલીસ યુવકને ઉપાડી જતા તેના ચાર પુત્રો, પત્ની અને માતાપિતા સહિત પરિવારની રોજીરોટી છેલ્લા 20 મહિનાથી બંધ થઈ ગઈ હતી. કોઈ કારણ વગર પોલીસ તેમના પુત્રને ઉપાડી જતાં માતાએ હેબિયસ કોર્પસ કરી હતી, જેમાં 20 મહિના જેલમાં રહેલા યુવકને હાઈકોર્ટે છોડી દેવા આદેશ કર્યો છે.

યુવકની માતા તરફથી એડવોકેટ આનંદ યાજ્ઞિકે રજૂઆત કરી હતી કે, તેમના પરિવારને બાંગ્લાદેશ નામ સાથે જ કંઈ લેવાદેવા નથી. તેમનો પરિવાર 55 વર્ષથી અમદાવાદમાં રહે છે. તેમની પાસે ભારતીય નાગરિક હોવાના તમામ પુરાવા હોવા છતાં તેમને બિનભારતીય-ગેરકાયદે ધૂસેલા બાંગ્લાદેશી ઠેરવીને પોલીસ તેમના પુત્રને ઉપાડી ગઈ છે.

માતાપિતા ભારતીય નાગરિકત્વ ધરાવતા હોય તો તેમના પુત્રનું નાગરિકત્વ બાંગ્લાદેશી કેવી રીતે હોઈ શકે? એસઓજીએ આ યુવકના નાગરિકત્વ માટે સ્ક્રૂટિની કાઢીને તેના ભારતીય હોવાના પુરાવા માગવા તેને જેલમાં રાખ્યો હતો. આ કૃત્ય ગેરબંધારણીય છે.

<u>બંગાળના ત્રણ ઠગોએ ઊંચા વ્યાજની લાલચ આપી</u>

# સેટેલાઈટની મહિલા પાસેથી ૮ લાખ ઉસેડયા

ગુજરાત વંદન

અમદાવાદમાં સાયબર ક્રાઈમના બનાવો વધતા ચાલ્યા છે. પર પ્રાંતીય ટોળી અમદાવાદના કેટલાક વિસ્તારોમાં સક્રિય થઈને ગુનાઓ આચરતી હોવાની માહિતી સાયબર સેલને મળી હતી. ઊંચા ટકાના વ્યાજના સપનાઓ દેખાડી, મસમોટી રકમ પડાવવામાં પાવરધી એવી પશ્ચિમ બંગાળની શાતિર ટોળીને ઝડપી પાડી છે.

**સાયબર ક્રાઈમે ત્રણ આરોપીઓને ૭ મોબાઈલ અને લેપટોપ સાથે ઝડપી લીધા**

અમદાવાદ સાઇબર ક્રાઇમબ્રાંચે કંપનીમાં રોકાણ સામે 200 દિવસ સુધી રોજ નું 1 થી 2 ટકા ઉચ્ચ વળતર મળશે. તેવી લોભામણી લાલચ આપી છેતરપીડી કરતાં 3 આરોપીની ધરપકડ કરી છે. અમદાવાદ સાઇબર ક્રાઇમને ફરિયાદ મળી હતી કે લોભામણી લાલચ આપી લોકોને છેતરવામાં આવી રહ્યા છે. તેને લઈને અમદાવાદ સાઇબર ક્રાઇમ દ્વારા કોલ ડિટેલ સહિત તપાસ કરવામાં આવી હતી. જેમાં બંગાળ ખાતે સાઇબર ક્રાઇમની ટિમે 3 આરોપીને ઝડપી પાડવામાં આવ્યા હતા. જેમાં સાઇબર ક્રાઇમે 5 મોબાઈલ અને લેપટોપ કબ્જે કર્યા છે. પોલીસે કલકત્તાથી એમ. ડી. મોકમેલહોસેન, તિલક પાંડે અને શીબ શંકર રાણા નામના આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ સાથે 7 મોબાઈલ અને લેપટોપ જપ્ત કર્યા છે. આરોપીઓએ સેટેલાઇટની મહિલાને વિશ્વાસમાં લઈ આ ગેંગે આઠ લાખ રૂપિયા જેટલી રકમ પડવાયા બાદ ફોન બંધ કરી દીધા હતા. આરોપીઓએ આ સિવાય અન્ય કેટલા લોકો પાસેથી રૂપિયા પડવાયા છે. તે અંગે તપાસ શરૂ કરી છે.

DGPની સ્ટેટ મોનિટરિંગ સેલનો સપાટો

# અમદાવાદ અને વડોદરા સહિત રાજ્યમાં દારૂ-જુગાર પર તવાઈ



ગુજરાત વંદન

ગાંધીના ગુજરાતમાં ફક્ત કાગળ પર દારુ બંધી હોવાનુ નકારી શકાય તેમ નથી. એસએમસી પણ છેલ્લા કેટલાય સમયથી નિષ્ક્રિય હતી ત્યારે તેમના નવા ડીવાયએસપીની નિમણૂંક થતાં દારુ જુગારના અડ્ડાઓ પર દરોડા પડવા લાગ્યા છે. એક જ દિવસમાં અમદાવાદ શહેર, વડોદરા શહેર અને સુરત જિલ્લામાં દરોડા પડતાં વહિવટદારો અને ગુનેગારોમાં ખળભળાટ મચી ગયો છે. અમદાવાદ શહેરના ઇસનપુર વિસ્તારમાં 4.15 લાખનો દારુ સહિતનો મુદ્દામાલ કબ્જે કરાયો છે અને બે આરોપીની ધરપકડ કરી 5 આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે. એક તરફ ગુજરાતના રાજકોટ કમિશનર અને ક્રાઇમ બ્રાંચ સામે ગંભીર આક્ષેપો થઇ રહ્યા છે ત્યારે દારુ જુગાર મામલે પણ પોલીસ નિષ્ક્રિય હોવાની ચર્ચા છે.

**ઈસનપુરમાં દારૂ અને બિયરનો ૪ લાખનો જથ્થો ઝડપાયો**

સ્ટેટ મોનિટરીંગ સેલે અમદાવાદના ઇસનપુર વિસ્તરમાંના એક એસ્ટેટમાં છુપાવેલા દારૂ અને બિયરના જથ્થાને પકડી પાડ્યો હતો. જોકે તેની જાણ લાલજી નામના શખસને હતી. એસએમસીએ 70 હજારથી વધુનો દારુ, 65 હજાર રોકડ, મોબાઇલ અને વાહનો મળી કુલ 4.15 લાખના મુદ્દામાલ સાથે બે આરોપીઓને પકડી પાડ્યા હતા. તપાસ કરતા વધુ 5 આરોપીઓના નામ ખુલ્યા હતા. બીજા કિસ્સામાં વડોદરા સીટીના પાનીગેટ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા મહાકાલીનગરમાં જુગાર રમતા 9 આરોપીઓને પકડી પાડ્યા હતા. તેમની પાસેથી 1 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ત્રીજા કિસ્સામાં સુરત રુરલના બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સુરતી ઝાપા પાસે એક આરોપીને 43 હજારના મુદ્દામાલ સાથે પકડી પાડ્યો હતો.

સુરત જિલ્લાના બારડોલી જેવા વિસ્તારમાં દારૂનું વેચાણ થતું હોવાની જાણ પણ સ્થાનિક પોલીસને નહીં પણ ગાંધીનગરની વિજિલન્સની ટીમને થઈ હતી. જે બાતમીના આધારે રેડ કરીને 40 હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરીને એક આરોપીની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે, અલગ અલગ વિસ્તારમાં દારૂ જુગારની બદી ચાલતી હોય અને તેની જાણ સ્થાનિક પોલીસ કે અધિકારીને ન હોય પણ અન્ય એજન્સીને થાય તે આવીને રેડ કરે તો સ્થાનિક પોલીસ અને ત્યાંના ઉચ્ચ પોલીસ અધિકારી માટે નામોશી જેવી સ્થિતિ છે.

બાપુનગર પોલીસ બની હતી મા-બાપ, ૧૦ વર્ષ સુધી ઉછેરી

# રેખા, પોલીસની સાથે જશે પોતાને માદરે વતન, પરિવારજનોને મળશે



ગુજરાત વંદન

ઝારખંડના એક નાનકડા ગામમાં રહેતી બાળકી રખડતી ભટકતી 2012માં અમદાવાદ આવી પહોંચી હતી પણ તે કઈ રીતે આવી કોઈ જાણતું ન હતું. બાળકી બાપુનગર વિસ્તારમાં આવી અને પોલીસે તેના માતા પિતાને શોધવા પ્રયાસ કર્યા પણ બાળકી એકેય ભાષા જાણતી ન હતી અને કોઈ તેની ભાષા સમજી શકતું ન હતું. જેના પગલે બાપુનગર પોલીસ મા-બાપ બની હતી. આખરે 10 વર્ષ બાદ કિશોરીનો પરિવારનો 10 વર્ષ બાદ પતો લાગ્યો છે. પોલીસે ઝારખડમાં યુવતીના પરિવાર સાથે મિલન કરાવશે. આ બાળકીને પોલીસે મહિપત રામ આશ્રમમાં ઉછેર માટે રાખી હતી. બાપુનગર વિસ્તારમાં દસ વર્ષ પહેલાં એક બાળકી રમતી રમતી આ વિસ્તારમાં આવી ચડી હતી દસ-બાર વર્ષની દેખાતી એ બાળકી કંઈ બોલી ચાલી શકતી ન હતી, બાળકી ગુજરાતી ભાષા કે અન્ય કોઈ પણ ભાષા આવડતી નથી જેથી બાળકીને ક્યાંથી આવી તેના માતા પિતા કોણ છે તે કોઈ જાણી શકતું નહોતું થોડા સમય પછી પોલીસ આ બાળકીને પોલીસ સ્ટેશન લઇ ને આવી પોલીસ સ્ટેશનમાં પોલીસે બાળકીને ખાવું-પીવું કપડા થઈ તમામ વ્યવસ્થા કરી આપી તે સમયે 12 વર્ષની બાળકી ખોટા હાથમાં ન જતી રહે તે માટે તે સમયના ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા અમદાવાદના મહિપતરામ આશ્રમનો સંપર્ક કરીને બાળકીને ત્યાં મૂકવા માટે પ્રયાસ શરૂ કર્યા હતા.

### કઈ રીતે કિશોરીના ઘરની ભાળ મળી

12 વર્ષની રેખા ઉર્ફે ઉષાનું 10 વર્ષ સુધી કાઉન્સીલિંગ કર્યું.. અને એક દિવસ એ બોલી કે મારા ગામમાં એક મંદિર છે નજીક તળાવ છે અને બિહાર થઈને મારા ઘરે જવાય આટલી વાત જાણી અને પોલીસ ,મહિપ રામ આશ્રમ આવા લોકેશનના ગામ શોધવા લાગ્યા અને ઝારખડનું એક ગામ મળી આવ્યું.. આ ગામમાં પોલીસ અને સ્થાનિકમાં તપાસ કરતા બાળકી આ ગામની જ હતી.. પરંતુ તેના માતા પિતા તો હવે હયાત નથી પણ આ ગાયબ બાળકીની બહેનનો સંપર્ક થયો આજે પોલીસ અને આશ્રમના સ્ટાફ 10 વર્ષ બાદ બળકીને ઝારખંડ મુકવા જશે. 10 વર્ષ બાદ બાળકી તેના પરિવારને મળશે.. જેની ખુશી અને સંતોષ બાળકીની આંખોમાં જોવા મળી.

# પુત્ર અને પત્નીના ત્રાસથી પતિએ સાબરમતીમાં લગાવી મોતની છલાંગ

એરપોર્ટ પોલીસે દુષ્પ્રેરણ અને શારીરિક-માનસિક ત્રાસની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી

ગુજરાત વંદન

પત્નીના ત્રાસથી પતિએ સાબરમતીમાં મોતની છલાંગ લગાવી મોતને વહાલું કર્યું હોવાની ઘટના સામે આવી છે. પત્ની અને તેના દીકરાના અત્યાચારના કારણે યુવકે જીવન ટૂંકાવી દીધું. જે મામલે મૃતકના પિતાએ તેમની જ પુત્રવધુ અને પૌત્ર સામે પોલીસ ફરિયાદ કરતા એરપોર્ટ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદમાં સસરાએ પુત્રવધૂ અને તેના પૌત્ર પર પુત્રને આપઘાત કરવા પ્રેરવા અને શારીરિક માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ કરી છે. જેમાં મૃતકના પિતાનો આક્ષેપ છે કે, પુત્રવધૂ અને પૌત્ર તેમના નામે દુકાન અને મકાન કરાવવા માટે દબાણ કરતા અને પતિ પાસે વાસણ ધોવડાવવા સહિતના કામ કરાવતી હતી. તો વધુમાં પુત્ર તેના પિતાને મળે તો કેમ મળવા ગયો તેમ કહી



લાફા પણ મારતો હતો અને ઘરથી બહાર કાઢી દીધો હતો. જેથી કંટાળી પતિ જગદીશ રામસિંધાનીએ સાબરમતી નદીમાં કુદી પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. જેથી સસરાએ તેની પુત્રવધૂ અને પૌત્ર સામે પોલીસ ફરિયાદ કરી ન્યાયની માંગ કરી છે.ફરિયાદ અંગે વાત કરીએ, તો સરદારનગરમાં રહેતા જગદીશ રામસિંધાની સાથે વિનાબેનના લગ્ન 1998ના વર્ષે થયા હતા. લગ્ન બાદ તેઓને દિનેશ નામનો પુત્ર થયો હતો, જે આજે 20 વર્ષનો છે. લગ્ન બાદ પરિવાર અલગ રહેતો અને તેમનું જીવન સુખમય ચાલતું. પણ થોડા વર્ષથી પરિવારમાં કકળાટ શરૂ થયો. 2019 ના વર્ષથી પત્ની તેના પતિ અને સસરાને મકાન અને દુકાન તેના નામે કરવાનું દબાણ કરતી. જોકે સસરાએ મકાન તેના પુત્રના નામે કર્યું. બાદમાં પણ પત્નીનો ત્રાસ યથાવત રહ્યો. એટલું જ નહિ, પોતાના પતિ પાસે પત્ની ઘરના તમામ કામ કરાવતી.

જોકે તેની જાણ જગદીશના પિતાને ન હતી. પણ જ્યારે જગદીશે તેના પિતાને આ મામલે જાણ કરી અને પતિ ઘરે આવ્યો ત્યારે પત્નીએ દાદાને કેમ જાણ કરી કહીને પતિને લાફા માર્યા. તો પુત્રએ પણ માતાનો સાથ પૂર્યો. આ ઘટના 20 જાન્યુઆરી



શહેરના એસજી હાઈવે પર ગુરુદ્વારા નજીક આવેલા પટેલ એવેન્યુમાં આગનો બનાવ બન્યો હતો. આ આગ લાગવાના બનાવના પગલે એવી માહિતી બહાર આવી કે, પટેલે એવેન્યુ ઈમારતમાં ફાયર સેફ્ટીની કોઈ વ્યવસ્થા જ નથી જે ખૂબ જ ગંભીર બાબત માનવામાં આવી રહી છે.

# કાલુપુરમાં વેપારીના રુ. ૬ લાખ લઈ ચોરો ફરાર

**CCTVના આધારે પોલીસે ચોરોની શોધખોળ હાથ ધરી**

ગુજરાત વંદન

અમદાવાદ શહેરમાં ચોરી, લૂંટની ઘટનાઓ વધતી જઇ રહી છે. તાજેતરમાં એલીસબ્રીજ ખાતે આવીલે ખાનગી બેન્કમાં તસ્કરો ત્રાટક્યા હતો, જો કે કેસ ન મળતા કોરા ચેક લઇને ફરાર થઇ ગયા હતા. ત્યારે હવે કાલુપુરમાં રિલીફ રોડ પર આવેલી યશ બેંકની સાથે લૂંટની ઘટના સામે આવી છે. વેપારીની નજર ચૂકવી લૂંટારૂઓ એક્ટિવાની ડેકીમાં રાખેલા 6 લાખ ઉપાડી ગયા હતા. બનાવ બાદ કાલુપુર પોલીસે સીસીટીવીના આધારે તપાસ હાથ ધરી છે.



પાલડીમાં રહેતા અને ઓઢવમા વરુણ ટી એન્ટરપ્રાઇઝથી ચા પત્તિનો વેપાર કરતા કેતન જૈન અને તેમનો મોટો ભાઈ રાહુલ જૈન નાણાંની ઉઘરાણી કરવા ઓઢવથી માધુપુર ગયા હતા. જે બાદ માધુપુરથી 6.90 લાખ લઈને તેઓ બેંકમાં 90 હજાર રૂપિયા જમા કરાવા ગયા હતા. બેન્ક પ્રોસેસમાં વાર લાગતા બહાર ઉભા રાખેલા ભાઇ રાહુલને અંદર બેંકમાં બોલાવી ભાઈ કેતન પોતે દેરાસરમાં દર્શન કરવા જાય છે. તે દરમિયાન બહાર પડેલા એક્ટિવામાં 6 લાખ રૂપિયાની ચોરી થઇ જાય છે.

આ 6 લાખ રૂપિયા વેપારીને અન્ય વેપારીને પરત કરવાના હતા. આ ઘટના બનતા પોલીસને પણ આશંકા છે કે ઘટનામાં રેકી થઈ હોઇ શકે છે. તે દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### બાપુનગરમાં ૩ લાખ રૂપિયાની ચોરી

નોંધનીય છે કે કાલુપુરમાં બનાવ બન્યો એવો જ બનાવ થોડા દિવસ પહેલા બાપુનગર વિસ્તારમાં બન્યો. જેમાં લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડિયમ પાસે મોબાઈલ ટાવર નજીક પાર્ક કરેલી એક્ટિવાની ડેકી તોડી બે વ્યક્તિ 3 લાખ રૂપિયાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. આ સિવાય શહેરમાં કારના કાચ તોડી કિંમતી સામાન ચોરી થવાની પણ ઘટનાઓ સામે આવી છે. આ ઘટનાઓ બતાવે કે શહેરમાં ચોરી કરતી વિવિધ ટોળકીઓ સક્રિય થઈ છે. જેને અંકુશમાં લાવવી જરૂરી છે. તેમજ લોકોએ પણ તેટલાજ જાગૃત બનવાની જરૂર છે. જેથી આ પ્રકારની ઘટનાઓ બનતી રોકી શકાય.

### રૂપિયા ન મળતા ડ્રોપ બોક્સમાંથી ચેક ચોરીને બે ઈસમો ફરાર

શહેરના એલિસબ્રીજ વિસ્તારમાં આવેલ કાલુપુર કોમર્શિયલ બેંકના ATMમાં ચોરી કરવા બે ચોરો ધુસી આવ્યા હતા. ATMમાંથી કેશ કાઢવા માટે ચોરો અનેક ઉપાયો કરીને ચોરી કરવાના પ્રયાસો કરતા હતા. જો કે સફળતા મળી ન હતી. ત્યારે ચોરોએ ATMમાં ચેમ્બરમાંથી પૈસા નહીં પરંતુ ત્યાં રહેલાં ડ્રોપ બોક્સમાંથી લોકોએ નાંખેલા ચેકની ચોરી કરી હતી. ડ્રોપ બોક્સમાં રહેલાં તમામ ચેક ચોરીને ઈસમો ફરાર થઈ ગયાં હતાં. ચોરીની આ સમગ્ર ઘટના CCTVમાં કેદ થઇ છે. હાલ સીસીટીવીના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

## વેબ સીરીઝ 'આશ્રમ' ની એક્ટ્રેસ ત્રિધા ચૌધરીની હોટ અદા'



વેબ સીરીઝ 'આશ્રમ' એકથી એક ચઢીયાતા બૉલ્ડ સીન આપીને ચર્ચામાં આવેલી એક્ટ્રેસ ત્રિધા ચૌધરી ઓફ કેમેરા પણ એકદમ બૉલ્ડ છે. 'આશ્રમ'માં ત્રિધા ચૌધરીએ બબિતાનો રોલ કર્યો છે. વળી હવે બબિતાએ સોશ્યલ મીડિયા પર એવી તસવીર શેર કરી દીધી છે, જેને જોઇને તમે પણ ચોંકી જશો, તસવીરમાં એક્ટ્રેસ હદથી વધારે બૉલ્ડ દેખાઇ રહી છે.

ત્રિધા ચૌધરીએ એવી તસવીર શેર કરી છે, જે ઇન્ટરનેટ પર ધમાલ મચાવી રહી છે. તસવીરમાં એક્ટ્રેસ ત્રિધા ચૌધરી ઓપન હેર રાખ્યા છે. આની સાથે જ બ્લેક કલરના ગૉગલ્સ લગાવેલા છે.

ત્રિધા ચૌધરીની આ હૉટ તસવીરો ધમાલ મચાવી રહી છે. દરેક લોકો એક્ટ્રેસના આ હૉટ અવતાર પર ફિદા થઇ ગયા છે, તસવીરમાં ત્રિધા ફૂલ કૉન્ફિડેન્સની સાથે પુરા એટીટ્યૂડમાં દેખાઇ રહી છે.

# મુનમુન દત્તાને દલિતો વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરવી ભારે પડી

ટીવીની સૌથી લોકપ્રિય સિરીયલ પૈકી એક તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેમ અભિનેત્રી મુનમુન દત્તાની અનુસુચિત જાતિ વિરુદ્ધ અભદ્ર ટિપ્પણીના આરોપ બદલ ધરપકડ કરાઇ હતી. જોકે, ચાર કલાક પુછપરછ બાદ વચગાળાના જામીન પર મુકત કરાઇ હતી. જયારે બબીતાજી પોલીસ સ્ટેશનમાં હાજર થયા તો તેને જોવા માટે લોકોના ટોળા એકઠા થયા હતા.

પૂછપરછ બાદ મુનમુન દત્તાને વચગાળાના જામીન પર છોડી મૂકવામાં આવી. આ દરમિયાન ડીએસપી કાર્યાલય બહાર મીડિયા કર્મીઓ અને મુનમુનની એક ઝલક મેળવવા માટે આતુર લોકોનો જમાવડો જોવા મળ્યો. પોલીસ પ્રશાસને પણ સુરક્ષા કારણોસર એસપી કાર્યાલયમાં ભારે પોલીસફોર્સ તૈનાત કરી હતી. મુનમુન દત્તા તેની સાથે હાઈકોર્ટના વકીલ અને હાઈકોર્ટના આદેશ પર બે સુરક્ષાકર્મીઓ તથા બાઉન્સરોની સાથે ડીએસપી કાર્યાલય પહોંચી હતી.




'તારક મહેતા કા..' ફેમ 'બબીતાજી'ની ધરપકડ બાદ વચગાળાના જામીન પર મુકિત

મુનમુન દત્તા વિરુદ્ધ એસસી-એસટી એક્ટ હેઠળ કેસ હંસીના દલિત અધિકાર કાર્યકર રજત કલ્સને 13 મે 2021ના રોજ દાખલ કર્યો હતો. ત્યારબાદ મુનમુન દત્તાએ પોતાના વિરુદ્ધ નોંધાયેલા કેસને રદ કરવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. આ અરજીને સુપ્રીમ કોર્ટે 22 સપ્ટેમ્બર 2021ના રોજ ફગાવી હતી.

ઉલ્લેખનીય છે કે ગત 9 જાન્યુઆરીએ મુનમુન દત્તા પર યુટ્યૂબ પર એક વીડિયો પોસ્ટ કરીને અનુસૂચિત જાતિ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

તેના પર હાંસીના દલિત અધિકારી કાર્યકર્તા રજન કલ્સને થાણા શહેર હાંસીમાં SC-ST એક્ટ હેઠળ મુનમુન દત્તા વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. આ પહેલાં તે ક્રિકેટર યુવરાજ સિંહ, અભિનેત્રી યુવિકા ચૌધરી સામે પણ કેસ દાખલ કરી ચૂક્યો છે. આ કેસોની સુનાવણી ચાલી રહી છે. અભિનેત્રી યુવિકા પણ હાંસીના પોલીસ સ્ટેશનમાં આવી ચૂકી છે.

# બોલિવૂડ ગર્લ આલિયા ભટ્ટનો સાડીમાં ગ્લેમરસ અવતાર





બોલીવુડની અભિનેત્રી આલિયા ભટ્ટ તેની આગામી ફિલ્મ 'ગંગુબાઇ કાઠિવાડી'ને લઈને ચર્ચામાં છે. તાજેતરમાં, આલીયાની ફિલ્મનું ટ્રેલર રીલિઝ કરવામાં આવ્યું છે જે લોકોને ઘણું ગમ્યું છે. 25 મી ફેબ્રુઆરીએ આલિયાની ફિલ્મ રિલીઝ થઈ રહી છે ત્યારે અભિનેત્રી આલિયા તેમની ફિલ્મને પ્રમોશન કરતી દરેક જગ્યાઓ પર જોવા મળે છે. હાલમાં આલિયા ભટ્ટે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરના કેટલાક નવા ફોટા શેર કર્યા છે, જેથી ચાહકો તેના પરથી નજર નથી હટાવી શકતા.

આલિયા ભટ્ટે તેના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેના કેટલાક ખૂબ જ સુંદર ફોટા શેર કર્યા છે. આ તસવીરોમાં આલિયા સફેદ રંગની પ્લેન સાડી, સ્લીવલેસ બ્લાઉઝ અને ખુલ્લા વાળમાં ખૂબ જ સુંદર લાગી રહી છે. આલિયાએ પોતાના લુકને કમ્પ્લીટ કરવા માટે કાનમાં ગોળાકાર આકારની મોટી બુટ્ટી લગાવી છે. આ સાથે આલિયાનો લુક તેના વાળની એક તરફ લાલ લિપસ્ટિક અને લાલ ગુલાબ સાથે જોવા મળી રહ્યો છે. આ ફોટામાં તે સ્વર્ગમાંથી ઉતરેલી અપ્સરાથી ઓછી દેખાતી નથી. તસવીરો શેર કરતા આલિયાએ તેના કેપ્શનમાં લખ્યું, "ગંગુ આવી રહી છે. 25 ફેબ્રુઆરીએ સિનેમામાં.

# 'કિંગ ખાન'ની લાડલી સુહાના બોલિવૂડમાં કરશે એન્ટ્રી!

બોલિવૂડના 'કિંગ ખાન' શાહરૂખ અને ગૌરી ખાનની દીકરી સુહાના ખાન ફરી ન્યૂઝમાં આવી છે. કારણ કે, સુહાનાને ઝોયા અખ્તરની ઓફિસ બહાર જોવાઈ છે. ઝોયા અખ્તરની અપકમિંગ ફિલ્મમાં સુહાના એક્ટિંગ કરે તેવી શક્યતા ચર્ચાઈ રહી છે. ઝોયા અખ્તરની ઓફિસની બહાર દેખાઈ હતી જેની તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. આ દરમિયાન સુહાનાની ડ્રેસિંગ સ્ટાઇલે પણ ફેન્સને દિવાના કર્યા, વ્હાઇટ ટેન્ક ટૉપ અને કાર્ગો પેન્ટ્સમાં સુહાના ખાન એકદમ ગ્લેમરસ લાગી રહી હતી.

સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેતી સુહાના બોલિવૂડમાં ડેબ્યુ કરશે તેવી અટકળો લાંબા સમયથી હતી. રિપોર્ટ્સ મુજબ સુહાનાની અપકમિંગ ફિલ્મ આર્ચી કોમિક્સનું રૂપાંતર હશે. ફિલ્મ માટે શ્રીદેવી અને બોની કપૂરની નાની દીકરી ખુશી કપૂર તથા અમિતાભ બચ્ચનના દોહિત્ર (શ્વેતા નંદા બચ્ચનનો દીકરો) અગસ્ત્યના નામનો પણ વિચાર ચાલી રહ્યો છે. સ્ટાર કિડ્સ માટે આ પ્રોજેક્ટ લોન્ચિંગ પેડ બની શકે છે. સુહાના ખાન હાલ પોતાની સ્ટડી માટે ન્યૂયોર્કમાં વધારે રહેતી હોય છે અને ન્યૂયોર્કના ફોટોગ્રાફ અવાર-નવાર શેર કરે છે. તેણે ધ ગ્રે પાર્ટ ઓફ બ્લૂ નામની શોર્ટ ફિલ્મથી એક્ટિંગની શરૂઆત કરેલી છે.

છેલ્લા કેટલાય દિવસોથી સમાચારો આવી રહ્યાં છે કે, સુહાના ખાન જોયા અખ્તરની ફિલ્મથી બૉલીવુડમાં ડેબ્યૂ કરશે. હવે આ તસવીરો વાયરલ થયા બાદ એકવાર ફરીથી આ ખબરને હવા મળી છે. સુહાનાના ફેન્સ પણ તેની પહેલી ફિલ્મ જોવા માટે ઉતાવળી બન્યા છે. જોકે, હજુ સુધી આ ફિલ્મને લઇને કોઇ ઓફિશિયલ એનાઉન્સમેન્ટ નથી કરવામાં આવ્યુ. હવે સુહાનાની કેટલીક તસવીરો સામે આવે છે, જેનાથી બૉલીવુડમાં તેના પગ મુકવાની ચર્ચા ફરી એકવાર જોર પકડી છે.



# સિનેમાઘરોમાં હવે બોલિવુડ VS સાઉથની ફિલ્મો

પુષ્પા' ઉપરાંત અગાઉ 'કેજીએફ', 'બાહુબલી'જેવી સાઉથની કેટલીક ફિલ્મો ટિકિટબારી પર સુપરહીટ જતા બોલિવૂડ માટે સાઉથનો નવો હરીફ પેદા થયો છે. ઉપરા-ઉપરી સાઉથની ફિલ્મોએ દેશ અને દુનિયામાં સારો દેખાવ કરતા બોલિવૂડ માટે હવે સાઉથની ફિલ્મો ખતરો બની રહી છે. જો કે કેટલાક ક્રિટિકસ કહે છે કે આ હરિફાઈથી બોલિવૂડની ફિલ્મોનું સ્તર પણ સુધરશે.




દેશમાં કોરોનાની ત્રીજી લહેર હળવી થતાં સરકારે દેશભરમાં સિનેમા હોલ પરના પ્રતિબંધો હળવા કરતા આવનારા દિવસોમાં સિનેમા હોલમાં બોલિવૂડ અને સાઉથની ફિલ્મોની રિલીઝની હોડ મચી છે.

21મી ફેબ્રુઆરીએ 'બધાઈ હો' સિનેમા હોલમાં ફિલ્મની રિલીઝનો દોર શરૂ થઈ રહ્યો છે. જ્યારે પછીના મહિને 11 માર્ચે 'રાધેશ્યામ', 18 માર્ચે 'બચ્ચન પાંડે' અને 25 માર્ચે 'આરઆરઆર' રિલીઝ થશે. જ્યારે એપ્રિલમાં 14 તારીખે 'કેજીએફ-2' અને 'લાલસિંહ ચઢ્ઢા' જેવી મોટી ફિલ્મો વચ્ચે ટકકર થશે.

જાણકારોનું માનવું છે કે ફિલ્મ 'પુષ્પા'ની બમ્પર સફળતા બાદ સાઉથના નિર્માતાઓમાં પોતાની ફિલ્મોને હિન્દીમાં ડબ કરવાની હોડ મચી છે. ફેબ્રુઆરીના આખરમાં 'ગંગુબાઈ કાઠિયાવાડી'ની સામે સાઉથ સ્ટાર અજીત કુમારની એકશન ફિલ્મ 'વલીમઈ' રિલીઝ થઈ રહી છે, જ્યારે આવનારા દિવસોમાં સાઉથના સિતારોની હિન્દી ડબ ફિલ્મો પણ બોલિવૂડવાળાઓ માટે પડકાર બનશે.

ટ્રેડ એનાલિસ્ટ કોમન નાહટા આ બારામાં કહે છે કે, અત્યાર સુધી માત્ર બોલિવૂડ અને હોલિવૂડની ફિલ્મો જ મેદાનમાં હતી હવે તેમાં સાઉથની ફિલ્મોનો પણ પડકાર ઉભો થયો છે. જ્યારે ફિલ્મ બિઝનેસ એનાલિસ્ટ અને પ્રોડયુસર ગિરીશ જોહર કરે છે- 'કેજીએફ-2' અને 'લાલસિંહ ચઢ્ઢા' વચ્ચે મોટી ટકકર થશે.



ગિરીશ જોહર કહે છે કે સાઉથની સાથે હિન્દી ફિલ્મોની રિલીઝ કોઈ નવી વાત નથી. હાલ સાઉથનું પલડું ભારે છે પણ તેનો મતલબ એ નથી કે કોઈ આવી હિન્દી ફિલ્મ નહીં આવે.

# હું તેમના અંતિમ દર્શન ન કરી શક્યો તેનો મને જીવનભર અફસોસ રહેશે-મનહર

## મારી કરિયરના ઘડતરમાં લતાજીનો સિંહફાળો રહ્યો છે-ઉદાસ

૬ ફેબ્રુઆરીના દિવસે સૂર સામ્રાજ્ઞી લતાજીએ દુનિયાને અલવિદા કહેતા ગુજરાતી અને હિન્દી ગીતોના ગાયક કલાકાર અને મૂળ ગુજરાતી એવા મનહર ઉદાસે અમેરિકાથી વિડિયો કોલીંગ ઇન્ટરવ્યૂમાં લતા મંગેશકર સાથેના સંસ્મરણો વાગોળતા ખૂબ ભાવુક થઇને કહ્યું કે મને આખી જિંદગીનો એ વાતનો અફસોસ રહેશે કે જેમણે મારી કરિયર ઘડવામાં મુખ્ય ફાળો આપ્યો તેવા લિજેન્ડરી લતાજીના હું અંતિમ દર્શન કરી શક્યો નથી અને તેમની અંતિમયાત્રામાં પણ સામેલ થઇ શક્યો નથી.

લતાજી હવે આ દુનિયામાં નથી એવા સમાચાર મળ્યા ત્યારે કેવી લાગણી અનુભવી તે અંગે મનહરે કહ્યું કે એક ક્ષણ તો હું માની જ ન શક્યો કે આવુ હોય..?

જેમણે મારા જેવા અનેક નવા ગાયક કલાકોરોની સાથે ગાઇને અમને પ્રોત્સાહિત કર્યા હોય, હિંમત આપી હોય અને બીજા નિર્માતા-સંગીતકારોને અમારી ભલામણ કરી હોય એમની વિદાય વસમી જ હોય. સાંભળીને મને ખૂબ દુખ થયું કે લતાજી હવે નથી. હું હાલમાં



અમેરિકા છુ તેથી તેંમના અંતિમ દર્શનથી વંચિત રહ્યાંનું મને ભારે દુખ છે.

**લતાજી માત્ર મહાન ગાયક કલાકાર જ નહોતા, પોતે એક સંસ્થા સમાન હતા - મનહર ઉદાસ**

મનહરે એમ પણ કહ્યું કે વર્ષો પહેલાં, એ જમાનામાં લતાજી સાથે ગાવુ એટલે નવા કલાકારો માટે તો એક નશીબ જ ગણાતુ હતું. ઉપરાંત તેમની સાથે ગાવુ એ પણ એક હિંમતભર્યુ મનાતુ હતું કેમ કે ઘણાં તેમની સાથે ગાતા ગાતા નર્વસ થઇ જતા હતા. પરંતુ તેમણે તેંમની સાથેના ગીતોના રેકોર્ડિંગમાં મને હંમેશા ઉત્સાહિત કર્યા. એટલુ જ નહીં બીજા નિર્માતાઓને પણ મારી ભલામણ કરતાં કે યે નયા લડકા અચ્છા ગાતા હૈ,ઉસકી આવાજ અચ્છી હૈ તો જરા ઉસકો ભી મૌકા દેના..એવુ કહેવુ એ પણ એક મોટી વાત ગણાતી હતી. અને મારી દ્રષ્ટિએ લતાજી માત્ર મહાન ગાયક કલાકાર જ નહોતા પરંતુ પોતે સ્વયં એક સંસ્થા-ઇન્સ્ટીટ્યુટ- હતા. તેઓ એક દંતકથા સમાન હતા. તેમની વિદાય સાચે જ દુખદાયક છે . અને મને હંમેશા એ વાતનું દુખ રહેશે કે હું તેમના અંતિંમ દર્શ ન કરી શક્યો. એ મહાન આત્માને હું નતમસ્તકે મારી શબ્દાંજલિ અર્પુ છું.

તેમણે લતાજીને યાદ કરીને કહ્યું કે લતાજી સાથે મને ગીતો ગાવાની તક મળી હતી. ફિલ્મ અભિમાનમાં લૂંટે કોઇ મન કા નગર બન કે મેરા સાથી., પૂરબ ઔર પશ્ચિમમાં પૂર્વા સુહાની આઇ રે પૂર્વા..અને ફિલ્મ હિરોમાં પ્યાર કરનેવાલે કભી ડરતે નહીં.. એ ગીતો તેમની સાથે ગાવાની મને ખૂબ સારી તક મળી હતી.

આ ઉપરાંત તેંની સાથે લાઇવ કોન્સર્ટ પ્રોગ્રામમાં પણ ગાવાનું સૌભાગ્ય મને મળ્યું હતું. તેમની સાથે ગાઇને અને બેસીને સંગીતની સંમજણ કેળવી હતી અને જીવન કઇ રીતે જીવવુ તે તેમની પાસેથી શીખવુ એ મારૂ સદભાગ્ય હતું.

# કોણ કહે છે લતાજી ગયા, ના એ તો અમર થઈ ગયા-સંગીતકાર આનંદજીની શબ્દાંજંલિ

## લતાજીએ અમારી સાથે ૩૨૬ ગીતો ગાયા અને તેમાંથી લગભગ તમામ હીટ અને સુપરહીટ થયા તે લતાજીને આભારી..- આનંદજીની નિખાલસતા

હિન્દી ફિલ્મોના એક સફળ સંગીતકાર કલ્યાણજી-આનંદજીની જોડીમાંથી હાલ જિવિત એવા આનંદજીએ મુંબઇથી ટેલિફોનિક ઇન્ટરવ્યુમાં લતા મંગેશકર સાથે વર્ષોના સંબંધોને યાદ કર્યા હતા અને એવી લાગણી વ્યકત કરી હતી કે આવી મહાન આત્માઓ સદીઓમાં એક વાર આવે છે. કોણ કહે છે કે લતાજી ગયા...ના તેઓ ગયા નથી તેઓ અમર થઇ ગયા છે...એવા શબ્દોમાં તેમને ભાવભીની શબ્દાંજલિ આપી હતી.

તેમણે કહ્યું કે એ વખતે ફિલ્મ લાઇનમાં અમે સાવ નવા હતા અને લતાજી પણ નવાસવા ગાયક કલાકાર હતા. અમારી સાથે ફિલ્મ નાગીનનું એક ગીત તન ડોલે મેરા મન ડોલે મેરે દિલ કા ગયા કરાર રે.. કૌન બજાયે બાંસુરિયા...કે જેની ધૂન કલ્યાણજીભાઇ બનાવી હતી તે ગીત લતાજીએ એવુ ગાયુ કે તેની સાથે લતાજી અને અમારી એ બીનની ધૂન અને આખુ ગીત અમર થઇ ગયું...અને લતાજીની સાથે અમેપણ રાતોરાત ફિલ્મ ક્ષેત્રે છવાઇ ગયા. આજે પણ નવી પેઢીના યુવાઓને ફિલ્મ નાગીનની એ બીનની ધૂન અને લતાજીએ ગાયેલુ ગીત તન અને મનને ડોલાવે, તો એ જ લતાજીની ખાસિયત હતી.

તેમણે કહ્યું કે લતાજીએ અમારી સાથે હિન્દી-ગુજરાતી મળીને 326 ગીતો ગાયા અને જે ભાષાનું ગીત હોય એ ભાષા કઇ રીતે બોલાય છે, લોકબોલી કેવી છે, બોલવાની શૈલી કે લઢણ કેવી છે તેનો લતાજી ખાસ અભ્યાસ કરીને ગીતો ગાતા હતા અને તેના કારણે એ ગીત એક જીવંત બની જતું હતું. ઉસ દૌર કે હિસાબ સે..હર તરહ કે ગીત લતાજીને હમારે સાથ ગાયે..અને દરેક ગીતમાં તેઓ એટલા ઉંડા ઉતરતાં કે એ ગીત અમર થઇ ગયા.

**ફિલ્મ નાગીનનું સુપરડુપર ગીત મન ડોલે મેરા તન ડોલે..થી અમે અને લતાજી રાતોરાત લોકપ્રિય બન્યા**

લતાજીના નિધનના સમાચાર મળ્યા ત્યારે કેવી લાગણી અનુભવી એ અંગે તેમણે કહ્યું કે જવાના તો બધા જ છે, દરેકને જવાનુ જ છે પણ કેવી રીતે ગયા એ મહત્વનું છે.અને કોણ કહે છે કે લતાજી ગયા...ના એ તો ગયા નથી પણ અમર થઇ ગયા છે..

લતાજી બોલીવુડરૂપી પરિવારના એક વડીલ અને વાલી સમાન હતા એક છત્રછાયા હતા. ઉપરાંત જેમને મળવા માટે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી ખૂદ આવે તેનાથી મોટુ સૌભાગ્ય લતાજી માટે બીજુ શું હોઇ શકે..?!

આનંદજીભાઇએ વધુમાં કહ્યું કે, સંયમી જીવન જવવાની કળા તેમની પાસેથી શિખવા મળી હતી. જીવન કેવી રીતે જવવુ, શું ખાવુ, રહેણીકરણી અને ભાષાનું જ્ઞાન હોવુ એ બધુ તેમના સદગુણો હતા જે જીવનમાં ઉતારવા સમાન હતા.

મારા તે ચિત્તનો ચોર રે મારો સાંવરિયો...કે કુંજલડી રે..એ ગુજરાતી



ગીતો લતાજીએ એવી ખૂબીથી ગાયા કે સાંભળનારને એમ જ લાગે કે કોઇ ગુજરાતી ભાષાના ગાયકે ગીતો ગાયા છે, એમ કહીને તેમણે કહ્યું કે એ લાગણી ક્યારે આવે કે જ્યારે જે ભાષાનું ગીત ગાતા હોવ એ ભાષાનું નોલેજ હોય. અને અમારા અહોભાગ્ય કે અમને તેમંની સાથે કામ કરવાની તક મળી હતી. અમારી સાથે ફિલ્મ મુકદર કા સિંકંદરના ગીતો ગાઇને લતાજીને પુરસ્કાર મળ્યા એ અમારા માટે એક મોટી વાત હતી. અમે લતાજીને ક્યારેય ભૂલી શકીએ તેમ નથી. લતાજી ગયા નથી..લતાજી અમર થઇ ગયા છે, એમ તેમણે ફરીથી ભાર આપીને પોતાની લાગણી વ્યકત કરી હતી.

## અમદાવાદ સિરિયલ બોમ્બ ધડાકાના આરોપીઓની સજાની સુનાવણી ટળી

# બોમ્બ બ્લાસ્ટના દોષિતોને કેટલી મળશે સજા ?- ૧૧મીએ આખરી ફેંસલો

### પ્રોસિક્યુશન દ્વારા રાજીવ ગાંધી હત્યા કેસના ચુકાદાનો કોર્ટમાં રેફરન્સ અપાયો




ગુજરાત વંદન

વર્ષ 2008 અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં મંગળવારે અમદાવાદ સ્પેશિયલ કોર્ટે ચુકાદો સંભળાવ્યો છે. જેમાં કુલ 77 આરોપીમાંથી 49 આરોપીને દોષિત જાહેર કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય 28 આરોપી પુરાવાના અભાવે નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા છે. અમદાવાદમાં 26 જુલાઇ 2008ના રોજ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ થયા હતા જેમાં 56 લોકોનાં મૃત્યુ થયા અને 200 થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયાં હતાં. કેસમાં સ્પેશ્યલ કોર્ટમાં 9 ફેબ્રુઆરીના રોજ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. તમામ આરોપીને કોર્ટમાં લાવી દેવામા આવ્યા બાદ બંને પક્ષે કોર્ટ સમક્ષ દલીલો કરી હતી. બચાવ પક્ષે સજાનીજાહેરાત માટે ત્રણ અઠવાડિયાની મુદ્દતની માંગ કરી હતી. જોકે સ્પેશિયલ કોર્ટે કેસના તથ્યોને જોતા તે નામંજૂર કરીને માત્ર 11 ફેબ્રુઆરી સુધીનો સમય આપ્યો છે. કહ્યું કે એવી કઇ જોગવાઈ છે એ બતાવો. બચાવ પક્ષે રજુઆત કરી હતી કે દોષીતોને સુધારાનો અવકાશ આપવામાં આવે. આરોપીઓની શૈક્ષણિક લાયકાત, તેમના પારીવારીક સ્થિતિ, મેડિકલ પુરાવા રજૂ

(અનુસંધાન 6 મે પાને)

## સીરિયલ બોમ્બ બ્લાસ્ટ પીડિતો દોષિતોને આપો ફાંસી, બીજુ કાંઈ નહીં...

### ...હજી ઘાવ સુકાયો નથી - કેબિનેટ મંત્રી પ્રદીપ પરમાર



અમદાવાદમાં 2008 ના સિરિયલ બૉમ્બ બ્લાસ્ટે ઘણા લોકોને આજીવન વીસરે નહિ તેવા ડામ આપ્યા છે. કોઈએ પતિ વિના, તો કોઈએ પિતા, તો કોઈને ભાઈ બહેનનો જીવનભરનો સાથ ગુમાવવો પડ્યો છે.

આજે આ તમામ આંખો ન્યાયની માંગણી કરી રહી છે. 28 જુલાઈ 2008 ના દિવસે ખાડિયામાં પણ 8 મીટરના અંતરે એક પછી એક 2 બૉમ્બ બ્લાસ્ટ થયો હતો. જેમાં સેન્ડવીચની લારી ચલાવતા જગદીશભાઈએ તેમની પત્ની ગુમાવી હતી. 22 વર્ષથી એકમેકના સુખદુઃખના સાથી રહી ચૂકેલા જગદીશભાઈ આજે પણ જ્યારે પોતાની પત્નીની તસવીર જુએ છે ત્યારે આંખો ભીની થઇ જાય છે. એક ઘટનાએ તેમનો હસતોરમતો પરિવાર વેરવિખેર કરી નાંખ્યો.

જગદીશભાઈ કડિયાએ જણાવ્યું હતું કે, ચુકાદા બહુ મોડો આવ્યો, 13 વર્ષ વીતી ગયા. તેમણે કહ્યું દોષિતો સામે આકરી સજા થવી જોઇએ. બોમ્બ પ્લાન્ટ કરનાર મુખ્ય આરોપીઓને ફાંસીની સજા થવી જોઇએ, બ્લાસ્ટમાં સંકળાયેલા તમામને છોડવામાં આવે નહીં...

### ઘટનાનું પુનરાવર્તન ન થાય તેવી સજા આપો - દત્તાબેન શાહ (મૃતક ચિરાગ શાહના માતા)



અમદાવાદના સિરિયલ બ્લાસ્ટમાં અનેક લોકોને ઇજા પહોંચી હતી અને નિર્દોષ લોકો મોતને ભેટ્યા હતા. ત્યારે મણિનગરમાં થયેલા બ્લાસ્ટમાં પોતાના પુત્રને ચિરાગ શાહને ગુમાવનાર માતા દત્તાબેન શાહે એ કાળા દિવસને યાદ કર્યો હતો અને આરોપીને ફાંસીની સજા થાય એવી આશા વ્યક્ત કરી હતી. દોષિતોને એવી સજા થાય આપવામાં આવે જેથી આવી ઘટનાનું પુનરાવતર્ન નહીં થાય.

### બોમ્બ પ્લાન્ટ કરનાર દોષિતોને ફાંસી થવી જોઈએ - જગદીશભાઈ કડિયા



અમદાવાદમાં 2008 ના સિરિયલ બૉમ્બ બ્લાસ્ટે ઘણા લોકોને આજીવન વીસરે નહિ તેવા ડામ આપ્યા છે. કોઈએ પતિ વિના, તો કોઈએ પિતા, તો કોઈને ભાઈ બહેનનો જીવનભરનો સાથ ગુમાવવો પડ્યો છે. આજે આ તમામ આંખો ન્યાયની માંગણી કરી રહી છે. 28 જુલાઈ 2008 ના દિવસે ખાડિયામાં પણ 8 મીટરના અંતરે એક પછી એક 2 બૉમ્બ બ્લાસ્ટ થયો હતો. જેમાં સેન્ડવીચની લારી ચલાવતા જગદીશભાઈએ તેમની પત્ની ગુમાવી હતી. 22 વર્ષથી એકમેકના સુખદુઃખના સાથી રહી ચૂકેલા જગદીશભાઈ આજે પણ જ્યારે પોતાની પત્નીની તસવીર જુએ છે ત્યારે આંખો ભીની થઇ જાય છે. એક ઘટનાએ તેમનો હસતોરમતો પરિવાર વેરવિખેર કરી નાંખ્યો. જગદીશભાઈ કડિયાએ જણાવ્યું હતું કે, ચુકાદા બહુ મોડો આવ્યો, 13 વર્ષ વીતી ગયા. તેમણે કહ્યું દોષિતો સામે આકરી સજા થવી જોઇએ. બોમ્બ પ્લાન્ટ કરનાર મુખ્ય આરોપીઓને ફાંસીની સજા થવી જોઇએ, બ્લાસ્ટમાં સંકળાયેલા તમામને છોડવામાં આવે નહીં...




તસ્વીર : અશ્વિન સાધુ

ગુજરાતમાં કોરોનાની ત્રીજી લહેર થમી રહી છે જેના પગલે રાજ્ય સરકારે ફરીથી ધોરણ 1થી 9ની શાળાઓમાં ઓનલાઈનની સાથે ઓફલાઈન શિક્ષણ શરી કરી દીધુ છે પરિણામે ભૂલકાઓ શાળાએ જાય છે તેની આ તસ્વીર છે.

## તો ભાઈપુરાવોર્ડમાં તલાવડી ચંડોળા- ૨ બની જશે

# સરકારી માલિકીના વિશાળ પ્લોટમાં વિધર્મીઓની ઘુષણખોરી રોકવા ભાજપના ધારાસભ્યની માગણી





ફોટો : અશ્વિન સાધુ

ગુજરાત વંદન

અમદાવાદ શહેરમાં જેમ ચંડોળા તળાવ વિધર્મીઓ માટે અને બાંગ્લાદેશીઓમાટે આશ્રય સ્થાન બની ગયું છે તેમ ભાઈપુરા વોર્ડમાં રાષ્ટ્રભારતી શાળાની પાછળ આવેલી સરકારી જગ્યા અને તલાવડીમાં થયેલું ગેરકાયદે દબાણ દૂર કરાવવામાં નહીં આવે તો આ વિસ્તારમાં પણ ચંડોળા-2 બની જશે એવો ભય ભાજપના સ્થાનિક ધારાસભ્ય જગદીશભાઈ પટેલે વ્યકત કરીને આ પ્લોટ ખાલી કરાવવા પોતાની સરકારનું ધ્યાન દોર્યું છે.

ગુજરાત વંદનની સાથેની એક વાતચીતમાં કરતા ધારાસભ્ય જગદીશ પટેલે જણાવ્યું કે, વર્ગ ત્રણના કર્મચારીઓ માટે રાજ્ય સરકારે વર્ષો પહેલા તલાવડીની જમીન રિઝર્વ કરી હતી. પરંતુ પછી ત્યાં કંઈ બન્યું નહીં હોવાના પગલે ચંડોળા તળાવમાં જે પેર્ટન પ્રમાણે ધીમેધીમે વિધર્મીઓ દ્વારા અથવા બાંગ્લાદેશી દ્વારા ઘુષણખોરી થઈ અને ચંડોળા વિસ્તાર એખ એવું સ્થળ બની ગયું છે જે પોલીસના ચોપડે નોંધાયેલું છે.

આ જમીન પર પડદા પાછળ રહીને કેટલાક વિધર્મી અને અસામાજિક તત્વો ગેરકાયદે તલાવડીની સરકારી જમીન પર પ્લોટિંગ કરે છે અને ગેરકાયદે બાંધકામ કરે છે અને જો આમ સતત ચાલશે તો પાંચ-દસ વર્ષમાં આ સ્થળ પણ ચંડોળા-2 તૈયાર થઈ જશે..! સરકારી માલિકીની તલાવડીની આ જગ્યાની અંદાજીત કિંમત 100 કરોડ થવા જાય અને કુલ 15-20 હજાર ચો.મી.જમીન છે.

ધારાસભ્યની રજૂઆત બાદ હવે પ્રાંત અધિકારીએ નોટીસ મોકલી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ચોંકાવનારી વાત એ છે કે, પાણીની સમસ્યાના કારણે વોટર ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર બનાવવા માટે આ જગ્યા ધ્યાનમાં આવી તો કોર્પોરેશનને જાણ કરવામાં આવી પરંતુ તંત્રએ કહ્યું આ અમારી જમીન નથી જે બાદ રાજ્ય સરકારને કહેતા જાણ થઈ કે આ જમીન વર્ગ ત્રણના કર્મચારીઓની છે જે બાદ સ્થળ પર તપાસ કરતા સ્થાનિક લોકોએ કહ્યું અહિંયા આવું કામ થઈ રહ્યું છે.

## ચાર માસથી બેરોજગાર બનતા મોતને વ્હાલુ કર્યું

# અમદાવાદ : કેડિલા રેલવે ઓવરબ્રિજ પરથી આધેડે લગાવી મોતની છલાંગ

ગુજરાત વંદન

અમદાવાદમાં કોરોના મહામારીના પગલે વેપાર ઠપ્પ થતા આત્મહત્યાના બનાવો વધી રહ્યા છે. ત્યારે વધુ એક આત્મહત્યાના બનાવ પ્રકાશમાં આવ્યો છે. ખોખરામાં એક આધેડ વ્યકિતએ આર્થિક સંકડામણથી કેડિલા ઓવરબ્રિજ પરથી પડતું મૂકીને જીવન લીલા સંકેલી લીધી છે. આ ઘટનાની જાણ થતા ખોખરા પોલીસનો કાફલો સ્થ પર પહોંચી ગઈ હતી. પોલીસ પંચનામું કરીને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધો હતો. સીટીએમના કૈલાસ કુંજ સોસાયટીમાં રહેતા ખીમરાજ ગઢવી (53) નારોલની મહાલક્ષ્મી ફેબ્રિકેશનમા સુપરવાઇઝરની નોકરી કરતા હતા. પરિવારમાં પત્ની બે દીકરી અને એક દીકરો છે. કંપનીએ ચાર માસથી નોકરીમાંથી કાઢી મુકાતા બેરોજગાર થઈ ગયા હતા. પરિણામે પરિવારને આર્થિક મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો હતો. અંતે નિરાશ થઈને ખીમરાજ ખોખરા સ્થિત કેડિલા રેલવે ઓવરબ્રિજ પરથી છલાંગ લગાવી હતી.

## અમદાવાદની આ બાળા પરિવાર-શાળાની સાથે સૌને માથુ ખંજવાળતા કરી રહી છે ...

# ભણે છે ધો. ૮મા -પુસ્તકો લખ્યા ૭ અને તે પણ અંગ્રેજીમાં..! જીનિયસ છે આ બાળા જાનુશી..!

ગુજરાત વંદન

- પ્રવીણ ઘમંડે

### ૧૩ વર્ષની બાળા કહે છે- હાં, એલિયન છે અને તેમની ભાષા પણ છે, દેખાવે માનવી જેવા

લોકડાઉનમાં જ્યારે અન્ય બાળકો ઓનલાઇન ભણતાં હતા કે ધીંગામસ્તી કરીને સમય પસાર કરતાં હતા ત્યારે 8મા ધોરણમાં ભણતી 13 વર્ષની જાનુશીએ 7 પુસ્તકો તૈયાર કરી નાંખ્યા અને તે પણ અંગ્રેજીમાં...! એટલુ જ નહીં સાતે સાતે પુસ્તકો પ્રકાશિત પણ થઇ ગયા અને હજુ 25થી 27 પુસ્તકોનો મસાલો કે પ્લોટ તેના કોમ્પ્યુટરમાં તૈયાર છે....! રમવા -કૂદવાની ઉંમરે જાનુશી ધીરગંભીર બનીને પોતાની કલ્પનાની દુનિયામાં વિહાર કરીને એક પછી એક પુસ્તકો લખતી ગઇ અને પોતાના માતા સારિકા રાઇચુરા સાથે ચર્ચા




કરતી ગઇ ત્યારે તેમના પરિવારને અત્યંત નવાઇ લાગતી કે મારી આ દિકરી કોઇ અદભૂત...અનન્ય અને નોખી માટીની બનેલી અનોખી પ્રકારની બાળા છે..!

આજની નવી પેઢીના 13 વર્ષની ઉંમરે બાળકને શાળામાં પુરૂ લખતાં કે વાંચતા પણ આવડતુ ન હોય અને નિબંધનો એક ફકરો પણ લખી ન શકતા હોય ત્યારે જાનુશીએ 20 હજાર શબ્દો, 50 હજાર શબ્દોની વાર્તાઓ અંગ્રેજીમાં કોઇ મશીનની જેમ સડસડાટ લખતી ગઇ..લખતી ગઇ.. અને આજે તે એક જીનિયસની હરોળમાં આવી ગઇ છે...

ગુજરાત વંદનને આપેલી એક ખાસ મુલાકાતમાં જાનુશીએ અને તેની માતાએ તેને લખવાની પ્રેરણા ક્યાંથી મળી તે અંગે પૂછતાં તેની માતાએ કહ્યું કે જાનુશી મત્સ્યકન્યાની કોઇ બુક અંગ્રેજીમાં વાંચી રહી હતી. તેને આ પાત્ર ખૂબ ગમે છે. પણ બુકમાં તેને મરતી બતાવી તે જાનુશીને ન ગમ્યુ. જાનુશીએ મને કહ્યું કે મમ્મી, આ બુકનો અંત બરાબર નથી. ત્યારે મેં તેને કહ્યું કે જો એવુ હોય તો તું નવેસરથી લખ. અને આ સાંભળીને તે લખવા બેઠી અને મત્સ્યકન્યાને

(અનુસંધાન 6 મે પાને)

### ધારાસભ્યની જાહેરાત

# સોસાયટીઓને મળતી ધારાસભ્યની ગ્રાન્ટમાં વધારો થયો - અનેક સોસાયટીઓ વિકસિત થઈ

**લાંભા વિસ્તારમાં ૩૫ કરોડના ખર્ચે પમ્પિંગ સ્ટેશન બનાવવામાં આવ્યું..**

ગુજરાત વંદન સાથેની ખાસ મુલાકાત

ગુજરાત વંદન

અમદાવાદ શહેરના વિવિધ ધારાસભ્યોની મુલાકાતની કડીમાં ગુજરાત વંદને મણિનગરના ભાજપના ધારાસભ્યએ સુરેશભાઇ પટેલે મણિનગર વિધાનસભા ક્ષેત્રે - વિવિધ સોસાયટીઓને મળતી ગ્રાન્ટ સહિત અનેક બાબતો પર પ્રકાશ પાડ્યો હતો.

તેમણે કહ્યું કે, મણિનગર વિધાનસભાનું પ્રતિનિધિત્વ જે તે સમયે હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી કરતા હતા. છેલ્લા પાંચ વર્ષથી તેઓ પોતે પ્રધિનિધિત્વ કરી રહ્યા છે. સોસાયટીઓના વિકાસ માટે પડતી મુશ્કેલીઓ નિવારવા હવે 70 -20- 10 યોજના પ્રમાણે ગ્રાન્ટ મળી રહી છે. અગાઉ ધારાસભ્ય 20ના બદલે 10 ટકા ગ્રાન્ટ આપી શકતા હતા. પરંતુ સોસાયટીઓના સંગઠનની માંગણી અનુસાર હવે 10ને બદલે 20 ટકા ગ્રાન્ટ મળતા મણિનગરની સંખ્યાબંધ સોસાયટીઓને તેનો લાભ મળી રહ્યા છે.

ધારાસભ્ય સુરેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, મણિનગરના ધારાસભ્ય બનતા જ વડાપ્રધાન મોદીએ પોતાની યોજના પર કામ શરૂ કરી દીધું હતું. તે સમયે આદરણીય મોદીની છાપ શરૂઆતથી જ શાનદાર પ્લાનર અને રણનિતીકારની રહી છે. ધારાસભ્ય સુરેશ પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષથી મણિનગર વિધાનસભા ક્ષેત્રમાં વિકાસના અનેક કામો થયા છે. વિવિધ પ્રાથમિક સુવિધાઓના અભાવને લગતા પ્રશ્નોના તાકિદે નિકાલ લાવ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે, મોટા ભાગના બજેટમાંથી સોસાયટીના વિકાસોના કામોમાં વાપર્યું છે. રોડ, રસ્તાઓ, પાણી સહિત વિવિધ પ્રાથમિક જરૂરીઆતોને ધ્યાને લઇ વિકાસના કામો કરવામાં આવ્યા છે.

મણિનગર વિધાનસભા ક્ષેત્રમાં વિકાસના લેખા જોખા રજુ કરતા ધારાસભ્યએ જણાવ્યું હતું કે, નારોલમાં નવો બ્રિજ બન્યો,



તસ્વીરઃ જાવેદ રાજા

જેમાં ટ્રાફિક પુષ્કળ થતું હતું. અનુપમ સિનેમા વાળો બ્રિજ છે તેનું કામ ચાલી રહ્યું છે. લાંભા, ખોખરા, ઘોડાસરમાં પાણીની ટાંકીઓની સુવિધા ઉપલબ્ધ કરાવી. આ સાથે લાંભા વિસ્તારમાં 35 કરોડના ખર્ચે પમ્પિંગ સ્ટેશન બનાવવામાં આવ્યા છે.

વધુમાં ધારાસભ્યએ આગામી સમયે વધુ વિકાસના કામો કરાશે તેવી બાંહેધરી આપવામાં આવી હતી. નોંધનિય છે કે, મણિનગરે અમદાવાદમાં પૂર્વ અને પશ્ચિમ વચ્ચે વિકાસની ખાઈને પાટ આપ્યો હતો, હવે પીએમ તરીકે મોદીની રાષ્ટ્રીય સ્તર પર આજ પ્રાથમિકતા છે. કે વિકસિત અને અવિકસિત વિસ્તારો વચ્ચેની ખાઇ રહેવી ન જોઇએ. અને બંન્ને વિસ્તારોને એક સમાન લાભ મળવો જોઇએ.




તસ્વીર : જાવેદ રાજા

વેલેન્ટાઈન ડેના દિવસે યુવક-યુવતીઓ એકબીજાને મુખ્યત્વે દિલ આકારની અવનવી ગીફટો આપતા હોય છે 14 ફેબ્રુઆરીએ મનાતા 'વેલેન્ટાઈન ડે' માટે હાલમાં શહેર અમદાવાદની લગભગ તમામ ગીફ્ટ શોપમાં દીલ આકારની અવનવી વેરાયટીઓથી ઉભરાઈ રહ્યું છે. નવાઈની વાત તો એ છે કે, મોટાભાગે ગીફ્ટ શોપમાં વેચાતી 'વેલેન્ટાઈન ડે'ની વસ્તુઓ આ વર્ષે રોડ સાઈડ વેન્ડર પણ વેચી રહ્યા છે.